Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૭૧
તા.૧૭-૦૪-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૯ સૂર્યાસ્ત : ૦૭:૦૦

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૦ | વડોદરા | ૩૯.૫ |
| અમદાવાદ | ૪૦.૨ | સુરત | ૩૭.૨ |
| ગાંધીનગર | ૪૦.૫ | નલિયા | ૩૭.૦ |

ચાંદી : ૩૯,૩૦૦ સોનું : ૩૧,૮૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# પ્રવીણ તોગડિયા આજથી આમરણાંત ઉપવાસ ઉપર

## દેશના સાધુ-સંતો અને મહંતોનું તોગડિયાને ટેકો : ઉપવાસ સ્થળ બદલાયુ : જીએમડીસી ગ્રાઉન્ડમાં ઉપવાસ આંદોલન : સત્યાગ્રહમાં વધુ લોકો જોડાય તેવી સંભાવના



અમદાવાદ

ગુરુગ્રામ ખાતે યોજાયેલી વિહિપની ચૂંટણીમાં ડો.પ્રવીણ તોગડિયાની હકાલપટ્ટી બાદ આવતીકાલથી તેઓ અમદાવાદમાં અચોક્કસ મુદત માટે અમરણાંત ઉપવાસ પર ઉતરી રહ્યા છે. ડો.પ્રવીણ તોગડિયાનું ઉપવાસનું સ્થળ છેલ્લી ઘડીયે બદલવામાં આવ્યું છે. પહેલા તેમના ઉપવાસ બત્રીસી હોલ ખાતે યોજાવાના હતા પરંતુ હવે તે સ્થળ બદલી હેલ્મેટ સર્કલ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તેઓ ઉપવાસ આંદોલન શરૂ કરવા જઇ રહ્યા છે. ડો.તોગડિયાના સત્યાગ્રહમાં ધાર્યા કરતાં વધુ લોકો અને સાધુ-સંતો, મહંતો અને હિન્દુ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાઇ શકે તેમ હોઇ ઉપવાસનું સ્થળ બદલાયું હોવાનું મનાઇ રહ્યું છે. બીજીબાજુ, ડો.તોગડિયાના અમરણાંત ઉપવાસને લઇ ગુજરાત સહિત દેશભરના સાધુ-સંતો અને મહંતો પણ હવે તેમના સમર્થનમાં આગળ આવી રહ્યા છે. સનાતન સંસ્થાએ ડો.તોગડિયાના ઉપવાસમાં પોતાનું સમર્થન જાહેર કર્યું છે, તો અખિલ ભારતીય ગૌ રક્ષક ટ્રસ્ટના સભ્યોએ આજે તોગડિયા સાથે મુલાકાત કરી હિન્દુઓ, રામમંદિર અને ગૌ હત્યા રોકવા જે ઉપવાસ આદરવાનું એલાન આપ્યું છે, તેને પોતાનું ખુલ્લું સમર્થન આપ્યું છે. ટ્રસ્ટના અવધૂત રામાયા મહારાજે દાવો કર્યો હતો કે, દેશના સાધુ-સંતો, મહંતો અને અન્ય મહાનુભાવો ડો.તોગડિ યાની સત્યની લડાઇ સાથે છે. દરમ્યાન આજે સોમવતી અમાસના પવિત્ર દિવસે ડો.પ્રવીણ તોગડિયાએ શહેરના સુપ્રસિધ્ધ કર્ણમુ કતેશ્વર મહાદેવ ખાતે ભોળાનાથની પૂજા કરી તેમના સંકલ્પ પૂર્ણ કરવાના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ડો.તોગડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત સહિત દેશમાં આજે બાળકીઓ, બેટીઓ અને મહિલાઓ સુરક્ષિત નથી, તેઓ ખુલ્લેઆમ બળાત્કારનો ભોગ બની રહી છે, ખેડૂતો આત્મહત્યા કરવા માટે મજબૂર બન્યા છે અને દેશની સરહદો પર જવાનો સુરક્ષિત નથી તેવા સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશમાં ફરી રહ્યા છે તે ઘણી ગંભીર, ચિંતાજનક અને આઘાતજનક બાબત છે.

## ભગવા ત્રાસવાદના મામલે કોંગ્રેસ માફી માંગે : ભાજપ

નવી દિલ્હી

વર્ષ ૨૦૦૭ના મક્કા મસ્જિદ બ્લાસ્ટ કેસમાં તમામ આરોપી નિર્દોષ છુટી ગયા બાદ ભારતીય જનતા પાર્ટીને મોટો હથિયાર મળી ગયો છે. કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણી નજીક છે ત્યારે ત્રાસવાદનો મુદ્દો ફરી એકવાર સપાટી ઉપર આવી ગયો છે. ભાજપના નેતા સંબિત પાત્રાએ આજે કહ્યું હતું કે, પી.ચિદમ્બરમ અને સુશીલ શિંદે જેવા કોંગ્રેસી નેતાઓએ ભગવા આતંકવાદ જેવા શબ્દોનો ઉપયોગ કરીને હિન્દુ લોકોનું અપમાન કર્યું હતું. પાત્રાએ કહ્યું છે કે, આના માટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને માંફી માગવી જોઈએ. ભાજપે કોર્ટના આ ચુકાદાને કર્ણાટક ચૂંટણી માટે પોતાના હથિયાર તરીકે ગણાવીને કહ્યું છે કે, પ્રજા કોંગ્રેસને પછડાટ આપીને બદલો લેશે. આજે મક્કા મસ્જિદ બ્લાસ્ટ કેસમાં કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો હતો. ભાજપના નેતા સંબિત પાત્રાએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, કોર્ટના આ ચુકાદા બાદ કોંગ્રેસના નેતાઓના નિવેદન શરમજનક છે. પાત્રાએ કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા હવે કહી રહ્યા છે કે, એનઆઈએ દ્વારા યોગ્ય રીતે તપાસ કરવામાં આવી નથી. તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરમાં ટુજીના મામલામાં ચુકાદો આવ્યો ત્યારે કોંગ્રેસે આવી કોઈ વાત કરી ન હતી અને ચુકાદાની પ્રસંશા કરી હતી. હવે કોંગ્રેસ દ્વારા એનઆઈએની ટીકા કરવામાં આવી રહી છે. કોંગ્રેસનું બેવડુ વલણ દેખાઈ આવે છે. પાત્રાએ કહ્યું હતું કે, આજે દેશના લોકોને ૨૦૧૩ના કોંગ્રેસના જયપુર અધિવેશનની યાદ આવે છે. એ અધિવેશનમાં મંચ પર સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મનમોહનસિંહ, સુશીલ કુમાર શિંદે ઉપસ્થિત હતા.

## મસ્જિદ બ્લાસ્ટ કેસમાં અસીમાનંદ સહિત બધા આરોપી નિર્દોષ જાહેર



હૈદરાબાદ

સમગ્ર દેશને હચમચાવી મુકનાર હૈદરાબાદની લોકપ્રિય મકકા મસ્જિદ બ્લાસ્ટ કેસના મામલે આજે ૧૧ વર્ષના લાંબા ગાળા બાદ ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. આ મામલામાં ખાસ એનઆઈએ મામલાની ચોથી વધારાની મેટ્રોપોલિટન ખાસ કોર્ટે ચુકાદો આપતા મુખ્ય આરોપી સ્વામી અસીમાનંદ સહિત તમામ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા. ફેસલો આવ્યો ત્યારે કોર્ટ રૂમની બહાર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. આરોપી અસીમાનંદને નમાપલ્લી કોર્ટમાં લાવવામાં આવ્યા હતા. સવામી આ મામલે મુખ્ય આરોપી પૈકી એક હતા. ૧૮મી મે ૨૦૦૭ના દિવસે થયેલા આ બ્લાસ્ટમાં નવ લોકોના મોત થયા હતા અને ૫૮ લોકો ઘાયલ થયા હતા. મોડેથી દેખાવકારોએ દેખાવો કર્યા હતા. જેમાં પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. તેમાં પણ કેટલાક લોકોના મોત થઇ ગયા હતા. આ મામલામાં ૧૦ આરોપી પૈકી આઠ લોકોની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તમામ પાંચ આરોપીને કોર્ટે આજે નિર્દોષ જાહેર કર્યા હતા. આ તમામને મક્કા મસ્જિદ બ્લાસ્ટ કેસના સંબંધમાં પકડી લેવામાં આવ્યા હતા. આ કેસ મોડેથી સીબીઆઇને સોંપી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં એનઆઇએની પાસે મામલો પહોંચી ગયો હતો. ૧૧ વર્ષ પહેલા શક્તિશાળી પાઈપ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. ૧૮મી મે ૨૦૦૭ના દિવસે જુમાની નમાઝના દિવસે મુસ્લિમ સમાજની મસ્જિદમાં આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. બ્લાસ્ટ બાદ દેશભરમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી.

### વિચાર વૈભવ...

#### પસ્તીના ઢગલામાંથી

દુનિયા પરના જ્ઞાનને સંગ્રથિત કરવાનું મુશ્કેલ છે; પરંતુ એવો પ્રયત્ન એનસાઈક્લોપીડિયા દ્વારા થાય છે. નવું જ્ઞાન ઉમેરાતું રહે છે અને આવા મહાગ્રંથોનાં કદ વધતાં જ રહે છે. એક નવો મહાગ્રંથ રચાયો છે જેનું નામ છે. 'ધ એનસાઈક્લોપીડિયા ઓફ ઈગ્નરન્સ.' કાળક્રમે આ મહાગ્રંથમાંથી પ્રકરણો રદ થતાં રહેશે કારણ કે એમાં માણસ અત્યારે જે નથી જાણતો તેની વાતો છે. દાખલા તરીકેઃ

- ગુરુત્વાકર્ષણ શી રીતે વર્તે છે?
- છોડ પર પુષ્પ શી રીતે ઊગે છે?
- લોકો દવાના અને દારૂના બંધારણી શી રીતે બને છે; વગેરે.

ન્યુયોર્કમાં થોડા વખત પર જ બહાર પડેલા આ ગ્રંથમાં સાઠ જેટલા વિજ્ઞાનીઓએ પોતપોતાના ક્ષેત્રમાં પોતે શું નથી જાણતા એના પર પ્રકરણો લખ્યાં છે. અજ્ઞાનનો પણ મહાગ્રંથ! કાળક્રમે જાણકારી વધે તેમ આ ગ્રંથ સંકોડાતો જશે.

દેવવ્રત ગાંગુલીની પંક્તિઓ આપણા અજ્ઞાન માટે આશ્વાસન આપનારી બની રહે તેમ છેઃ

બસ ઊપડી
અને
બારીમાંથી મેં
પશુઓના ધણને ચરતું જોયું
વીસ વર્ષ પહેલાં
મેં
આ જ દૃશ્ય જોયું હતું!
લાંબી લાંબી ડોક ઘાસ પર ઝુકી રહેલી હતી.
એક પુનરાવર્તન,
એક સાતત્ય,
જો કે
એક પણ પ્રાણી તેનું તે જ ન હતું!

- ગુણવંત શાહ

### સાર સમાચાર...

#### મોદી આજથી બ્રિટન યાત્રા પર : દુનિયાની નજર રહેશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારના દિવસે લંડનના પ્રવાસે પહોંચી રહ્યા છે. જ્યાં તેઓ કોમનવેલ્થ દેશોના સંમેલનમાં ભાગ લેનાર છે. મોદીના આ પ્રવાસને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૫૩ દેશોના કોમનવેલ્થ સંમેલનમાં ભારત હવે મોટી ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. મોદી આ પ્રવાસ દરમિયાન જુદા જુદા દેશોની સાથે કેટલીક સમજુતી પણ કરી શકે છે. મોદી બ્રિટનના મહારાણી એલિઝાબેથને પણ મળવાની યોજના ધરાવે છે. મોદી એવા ત્રણ પસંદગીના નેતામાં સામેલ છે જે બ્રિટનના મહારાણીને મળનાર છે. માનવામાં આવે છે કે આગ્રુપ ભારતની વૈશ્વિક આંકાક્ષીઓને નવા રૂપ આપવામાં મદદરૂપ સાબિત થઇ શકે છે. કોમનવેલ્થ હેડ્સ ગવર્નમેન્ટમાં ભારત પોતાના નાણાંકીય યોગદાનને બે ગણુ કરવા માટે તૈયાર છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

મૃતકના નામે છેતરપીંડીનો ટૂંકા ગાળામાં બીજો કિસ્સો

## અહો અચરજમ્ : ધાનેરાના સામરવાડા ગામમાં મૃતક શ્રમજીવીએ એક વર્ષ સુધી નરેગામાં મજુરી કરી...!

મૃતકના નામે નાણાં પણ ઉપડતાં રહ્યાં : મૃતકના પરીવારે જ ઉચાપત કેસમાં ન્યાય માટે અરજ ગુજારી





તા.પ્રતિ. ધાનેરા

બનાસકાંઠામાં મૃતકનો નકલી દાખલો બનાવી નરેગામાં નાણા ઉપડતા હોવાનો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. એક પુરૂષના મૃત્યુ બાદ એક વર્ષ સુધી નરેગામાં હાજરી પૂરાતી રહી અને એક વર્ષ સુધી નરેગામાંથી નાણા પણ ઉપડતા રહ્યાં. જોકે આ બાબત પરિવારના ધ્યાને આવતાં મૃત્યુનાં એક વર્ષ બાદ મરણનો બીજો દાખલો બનાવી આ ઉચાપત સંદર્ભે પરિવારે ઉચ્ચસ્તરે રજુઆત કરી છે.બનાસકાંમા નરેગામાં વ્યાપક કૌભાંડની ફરિયાદો રોજ ઉઠી રહી છે. જેમાં એક ફરીયાદ કઈક અલગ જ છે. બનાસકાંઠાના ધાનેરા તાલુકાનાં સામરવાડા ગામમાં હરિજન તલકાભાઈનો પરિવાર રહે છે. તલકાભાઈનું બીમારીનાં કારણે ૨૦૧૧ ના વર્ષે મૃત્યુ થયુ હતું જેથી તેમના પુત્ર ઈશ્વરભાઈ એ પોતાના પીતાનાં મૃત્યુ નો દાખલો ગ્રામ પંચાયતમાંથી મેળવી લીધો હતો. જોકે મૃત્યુના એક વર્ષ બાદ ઈશ્વરભાઈને કોઈક દ્વારા જાણવા મળેલ કે તેમના પીતાનાં નામે નરેગા યોજનામાં મજુરીના નાણાં ઉપડી રહ્યાં છે અને તેમની રોજમદાર તરીકે હાજરી પુરાઈ રહી છે. ત્યારે ગ્રામ પંચાયતમાં ખાતરી કરતાં તેમને એક બીજો મૃત્યુનો દાખલો આપેલ જે ૨૦૧૨ ના વર્ષનો હતો. જોકે મૃત્યુ થયાના એક વર્ષ બાદ બીજો મૃત્યુનો દાખલો કાઢેલ અને મૃત્યુ બાદ એક વર્ષ સુધી નાણા ઉપડતા રહ્યાં જ્યારે આ બાબતે મૃતકના પુત્ર ઈશ્વરભાઈ વણકરે તાલુકા વિકાસ અધીકારી અને જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને અનેક રજૂઆતો કરી હોવા છતાં

અનુસંધાન પાના નં.૬

બેંક ઓફ બરોડાની ડીસા શાખાના બ્રાન્ચ મેનેજર પોલીસ સ્ટેશન પહોચ્યા

## ડીસા બેંક છેતરપીંડી પ્રકરણઃચાર સામે ફરીયાદ

ડીસા

ડીસામાં જય ટ્રેડીંગનાં માલિકે વ્યવસાય અર્થે પોતાની મિલકત મોર્ગેજ મૂકી બેંક ઓફ બરોડા પાસેથી રૂ.૨૨ લાખની લોન લીધી હતી જોકે મોર્ગેજમાં મુકેલી મિલકત અન્યોને વેચી મારી હતી ઉપરાંત બેન્કમાંથી લીધેલ લોનના નાંણા પણ સમયસર ભરપાઈ ન કરતા બેંક મેનેજરે ચાર શખ્સો વિરુદ્ધ ડીસા પોલીસ મથકે ફરિયાદ નોધાવી.

ડીસાના બેંક ઓફ બરોડાના મેનેજર શ્યોપાલ મીનાએ બે મહિલાઓ સાથે કુલ ચાર વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી ફરિયાદમાં તેઓએ જણાવ્યું હતું કે ડીસાના જય ટ્રેડીંગનાં માલિક તથા શાંતિનગર ખાતે રહેતા ભાવેશભાઈ પબાજી ચાવડાએ વ્યવસાય અર્થે રૂપિયા ૨૨ લાખની લોન બેંક ઓફ બરોડામાંથી લીધી હતી જેમાં સોનલબેન ભાવેશભાઈ ચાવડા જામીનદાર તરીકે તેમની માલિકી ભોગવટાનો રાજપુરનો સર્વે નંબરઃ૮૩ નો પ્લોટ નંબર ૯૮ ની ૧૩૪.૮૫ ચો.મી.નો પ્લોટ બેંક ઓફ બરોડાને મોર્ગેજ કરી આપ્યો હતો જેથી ભાવેશભાઈએ બેંક માંથી લીધીલ લોન ભરપાઈ ન કરે ત્યાં સુધી તે પ્લોટનો વેચાણ આપવાનો અધિકાર તેઓનો ન હોવા છતાં સોનલબેન ચાવડાએ મિલકતનો દસ્તાવેજ (નંબર ૭૭૮) કરી ભાવનાબેન ભરતકુમાર ઠક્કરને પધરાવી દીધી હતી.જોકે બાદમાં ભાવનાબેન ઠક્કરે આ મિલકતનો દસ્તાવેજ(નંબર ૨૯૫૭)કરી હીરાલાલ વિરાભાઈ પંચાલને વેચી દીધી હતી.જોકે ભાવનાબેન ઠક્કર અને હીરાલાલ પંચાલ આ મિલકત બેંકના મોર્ગેજમાં હોવાનું જાણવા છતાં તેઓએ આ મિલકત વેચાણથી લઈ બેંક સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી આચરી હતી જોકે ભાવેશકુમાર પબાજી ચાવડાએ બેંકની લીધેલી લોન પણ સમયસર ન ભરી બેંકને ૨૨ લાખનો ચૂનો લગાવ્યો હતો જેથી બેંક મેનેજર શ્યોપાલ મીનાએ ડીસા શહેરના ઉત્તર પોલીસ મથકે સોનલબેન ભાવેશકુમાર ચાવડા,ભાવેશકુમાર પબાજી ચાવડા,ભાવનાબેન ભરતકુમાર ઠક્કર તથા હીરાલાલ વિરાભાઈ પંચાલ વિરુદ્ધ આઈ.પી.સી.કલમ ૪૦૬,૪૨૦ અને ૧૧૪ મુજબ ગુનો નોધાવતા પોલીસે આ તમામ વિરુદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નોટબંધી જેવા માહોલનું પુનરાવર્તન કેન્દ્ર સરકારની નિષ્ફળતા : ગોવાભાઈ દેસાઈ



**લગ્નસરાની સિઝન ટાણે જ લોકોને બાનમાં લેવા સામે પૂર્વ ધારાસભ્યનો બળાપો**

ડીસા

છેલ્લા કેટલાક દિવસથી બનાસકાંઠા સહિત રાજ્ય અને દેશભરમાં નાણાંની અછત સર્જાઈ છે અને બેંકો ઉપરાંત એટીએમ મશીનો પણ કેશલેશ બની જતા લગ્નસરાની સિઝન ટાણે જ લોકો છતી સગવડે નાણાં માટે ધક્કે ચઢી રહ્યા છે ત્યારે ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ આ મામલે આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી નાણાંની આવી કૃત્રિમ અછત માટે કેન્દ્ર સરકારના અણઘડ આયોજનને જવાબદાર ગણાવી સરકાર સામે પસ્તાળ પાડી છે.

મીનાર્ક કમુરતાના સમાપન બાદ હવે લગ્નસરાની સિઝન ઉઘડી રહી હોઇ બનાસકાંઠા સહિત રાજયના અન્ય વિસ્તારોના લગ્નોત્સુક પરિવારો દીકરા દીકરીના લગ્ન પ્રસંગોની ઉજવણીના આયોજનને આખરી ઓપ આપી અંતિમ તબક્કાની ખરીદીમાં વ્યસ્ત બની ગયા છે. જોકે આવી સ્થિતિમાં જ દેશભરની બેંકો અને એટીએમ મશીન ખાલીખમ થઈ જતા ઘણા પરિવારો છતી સગવડે અટવાઈ રહ્યા છે અને બેંકોમાં જમા પડેલી પરસેવાની કમાણી અણીના સમયે જ હાથમાં ના આવતા લગ્નોત્સુક પરિવારોની ઊંઘ હરામ થઈ ગઈ છે. હાલ દેશભરની મોટા ભાગની બેંકોનો સ્ટાફ નાણાંના અભાવે બગાસાં ખાઈ રહ્યો છે અને એટીએમ મશીન પણ આરામ ફરમાવી રહ્યા હોઇ લગ્ન પ્રસંગોની ઉજવણી માટે ખરીદી કરવા જતાં પરિવારો રીતસર અટવાઈ રહ્યા છે ત્યારે આવી સ્થિતિના સર્જન માટે કેન્દ્ર સરકારનું અણઘડ આયોજન જવાબદાર હોવાનો આક્ષેપ કરતા ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઇ દેસાઈએ 'રખેવાળ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હાલ નોટબંધી કરતા પણ વધુ ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે. લગ્નસરાની સિઝન ઉપરાંત ખેડૂતોનો તૈયાર પાક પણ ગંજબજાર સંકુલો સુધી પહોંચી રહ્યો છે પરંતુ ખેડૂતોને તેમના પાકના નાણાં માટે જ ધક્કે ચઢવું પડે એ

અનુસંધાન પાના નં.૬

આખરે...ફૂડ વિભાગ જાગ્યું..!!!

## પાલનપુરમાં બિન આરોગ્યપ્રદ કુલ્ફી બનાવતી ફેકટરીમાંથી સેમ્પલ લેવાયા

### કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલું ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ જાહેર આરોગ્ય સાથે થતા ખિલવાડને અટકાવશે???



સંજય જોષી

પાલનપુર

પાલનપુરના હરિપુરા વિસ્તારમાં જાહેર આરોગ્ય સાથે ખિલવાડ કરી બિન આરોગ્યપદ કુલ્ફી બનાવતી મીની ફેકટરી પર ગતરોજ લોકોએ જનતા રેડ કરી હતી. ત્યારે ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં મારવાનો પ્રયાસ કરતા કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સેમ્પલ લઇ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાલનપુરના હનુમાન ટેકરી વિસ્તારમાં કુલ્ફીની લારી પરથી માટલા કુલ્ફી ખરીદીને આરોગનાર બે બાળકો બીમાર પડ્યા હતા. ત્યારે એજ કુલ્ફી વાળો રવિવારે ફરીથી કુલ્ફી વેચવા આવતા સોસાયટીના રહીશોએ કુલ્ફી વાળાને ઝડપી પાડ્યો હતો. અને તેને હરિપુરા વિસ્તારમાં આવેલી રામલખન નામની કુલ્ફી બનાવતી ફેકટરીએ લઈ આવી જનતા રેડ કરી હતી.

અનુસંધાન પાના નં.૬

સૂર્યોદય - ૬.૧૯ સૂર્યાસ્ત - ૬.૦૦

## તિથિદર્શન
વૈશાખ સુદ-૨ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :બીજ મંગળવાર નક્ષત્ર: ભરણી યોગ :વિષ્કુંભ કરણ:કિસ્તુઘ્ન આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### સંસ્થિતસ્ય ગુણોત્કર્ષઃ પ્રાયઃ પ્રસ્ફુરતી સ્ફુટમ્ દગ્ધસ્યાગરૂખંડસ્ય સ્ફારી ભવતિ સૌરભમ્

'જેમ, ધૂપ-અગરબત્તીના બળવાથી તેની સુગંધ આસપાસ બધે જ ફેલાઈ જાય છે તેવી જ રીતે સજ્જન માણસમાં રહેલા સદ્‌ગુણોની ઉત્કૃષ્ટતાને પરિણામે તેની સુવાસ- કીર્તિની સૌરભ પણ આપોઆપ ફેલાવા લાગે છે.' જે સજ્જન છે અને ત્યાગ- સેવા- સમર્પણ સાથે નમ્રતા- વિવેક જેવા સદ્‌ગુણો ધરાવે છે. સત્ય- સ્પષ્ટવક્તા અને વર્તન- આચરણમાં જે નિષ્ઠાવાન છે એને પોસ્ટરો ચોંટાડી પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કામ ખુદ જ બોલે છે. કર્મ એ જ એનો સંદેશ- પ્રચારક છે. સદ્‌ગુણની સુગંધ આપોઆપ ફેલાય છે. સત્ય અને સ્પષ્ટવક્તા, નિર્દોષ તટસ્થ અને ચારિત્ર્યના ચોખ્ખા એવા અન્ના હજારે તદ્દન સાદા સજ્જન છે. મિલિટરીના ડ્રાઈવર તરીકે નિવૃત્ત થઈ રાષ્ટ્રીય ભાવના સાથે રાષ્ટ્ર માટે નાની નાની ન્યાય સામે લડતો કરી ગાંધીવાદી સિદ્ધાંત સાથે કોઈ પણ સ્વાર્થની અપેક્ષા રાખ્યા વિના લડ્યા અને અન્યાય સાથે જીતતા રહ્યા. સૌ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે 'લોકપાલ'ની માંગણી સાથે રાષ્ટ્રીય લડત ઉપાડી, ઉપવાસ કર્યા અને સરકાર ઝૂકી... (રાજરમત એ નેતાઓના લોહીમાં છે તેથી તેનું પરિણામ તો આવે ત્યારે) પણ અન્ના હજારે સત્યવાદી ગાંધીવાદીની સૌરભ દેશ- વિશ્વ સુધી પ્રસરી ગઈ.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.**
**વૃષભ : (બ.વ.ઉ.) નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.**
**કર્ક : (ડ.હ.) મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.**
**સિંહ : (મ.ટ.) જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.**
**તુલા : (ર.ત.) મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુ:ખ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.**
**ધન : (ભ.ફ.ધ.) આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.**
**મકર : (ખ.જ.) નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

માત્ર સિલોનના જ નહી વિશ્વના પ્રથમ સ્ત્રી વડાપ્રધાન શ્રીમતી સિરીમાવો બંડારના યકનો જન્મદિન છે. એમનું સાચું નામ તો શ્રીમાવો ભંડારનાયક છે. એમનો જન્મ ૧૭-૪-૧૯૧૬ના રોજ થયો હતો. ૧૯૫૯માં શ્રી બંડાર નાયકનું ખૂન થતાં લંકાનું રાજકારણ અશાંત ને ક્ષુબ્ધ બની ગયું. ૧૯૬૦ ની ચૂંટણીમાં શ્રીમતી સિરિમાવો બંડારના યકનો પક્ષ જીત્યો અને પક્ષના આગ્રહથી તેમણે વડાપ્રધાન પદની જવાબદારી સંભાળી લીધી. વડાપ્રધાન પદ ઉપરાંત પરદેશ અને સંરક્ષણ ખાતુ પણ પોતાને હસ્તક રાખીને તેમણે ત્રેવડી જવાબદારી અદા કરી બતાવી હતી. એમનું મૃત્યું ૧૦-૧૦-૨૦૦૦ના રોજ થયું હતુ.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૧૭.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૬.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૪૬ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૧૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૧૭ પોઈન્ટ થી ૧૦૫૦૫ પોઈન્ટ, ૧૦૪૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૬.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૩૩૯ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૨૫૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૧૨૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૪૦૪ પોઈન્ટ થી ૨૫૪૪૦ પોઈન્ટ, ૨૫૪૭૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૪૭૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૩૪) :- સિમેન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૧૨ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૦૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૪૭ થી રૂ.૧૨૫૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૨૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**રેમન્ડ લિમિટેડ (૧૦૮૦) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૬૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૯૩ થી રૂ.૧૧૦૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**સન ફાર્મા (૫૨૧) :- રૂ.૫૦૯ નો પ્રથમ તેમજ રૂ.૪૯૭ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૩૩ થી રૂ.૫૪૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ભારત પેટ્રો (૪૧૦) :- PSU ઓઇલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૪૨૩ થી રૂ.૪૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૯૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**હિન્દ પેટ્રો (૩૩૩) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૧૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક PSU ઓઇલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૪૨ થી રૂ.૩૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**સિએટ લિમિટેડ (૧૬૧૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટાયર સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૬૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૫૯૬ થી રૂ.૧૫૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ACC લિમિટેડ (૧૫૮૨) :- રૂ.૧૬૦૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૬૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૫૭૩ થી રૂ.૧૫૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૬૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સિપ્લા લિમિટેડ (૫૮૫) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૦૬ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૭૩ થી રૂ.૫૬૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**તાતા મોટર્સ (૩૪૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૫૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૩૩ થી રૂ.૩૨૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**વિપ્રો લિમિટેડ (૨૮૯) :- રૂ.૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૭૭ થી રૂ.૨૭૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૧૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## કાંકરેજ તાલુકાના વાલપુરા ગામે ધો.૮ ના વિદ્યાર્થીઓને પક્ષી ઘર-પાણીના કુંડા આપી વિદાય કર્યા

તા.પ્રતિ. થરા


યશપાસિંહ ટી.વાઘેલા

કાળઝાળ ગરમી-પીવાના પાણીનો કકળાટ ઠેર ઠેર જોવા મળે છે ત્યારે કાંકરેજ તાલુકાના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ છે. માનવી તો ગમે તેમ કરીને પોતાની જીવન જરૂરીયાત ચીજ શોધી લે છે. નાણાં ખર્ચીને સુવિધા મેળવે છે અબોલ જીવોનું શું ? આ બધા વચ્ચે ક્યાંક નવતર પ્રયોગ-પ્રેરણારૂપ જોવા મળે ત્યારે ચોક્કસ સરાહના કરવાનું મન થાય છે. કાંકરેજ તાલુકાના વાલપુરા પ્રાથમિક શાળા ખાતે ગામના પૂર્વ સરપંચ એસ.એમ.સી. ના અધ્યક્ષ નવિનભાઈ ઠક્કરના સાનિધ્યમાં ધો-૮ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો દિક્ષાંત-વિદાય શુભેચ્છા સમારોહ યોજાયો. જેમાં પૂર્વ સરપંચ અને ઉત્સાહી એસ.એમ.સી.ના અધ્યક્ષ નવિનભાઈ કનુભાઈ ઠક્કરે વિદ્યાર્થીઓને જીવદયાની પ્રેરણા મળે ને આ કાળઝાળ ગરમીમાં પક્ષીઓનું રક્ષણ થાય તેવા ઉમદા હેતુથી તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને એક પક્ષીઘર અને પાણીનું કુંડુ વિતરણ કરી શુભેચ્છા સંદેશ પાઠવેલ દિક્ષાંત-વિદાય લેતાને સહ અધ્યાયિ શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો સ્ટાફને મિષ્ટાન સાથેનું ભોજન પણ આપ્યું.

આ પ્રસંગે કે.સરપંચ મોતીભાઈ ભરવાડ, અનિરૂદ્ધસિંહ વાઘેલા, બાબુભાઈ પુજારી, ભૂરેશપુરી ગૌસ્વામી, ઈશ્વરજી ઠાકોર, મફાભાઈ સુથાર, રામજીભાઈ પ્રજાપતિ, આચાર્ય અભિજીતભાઈ પરમાર, ભગવાનભાઈ પટેલ, મોતીભાઈ દેસાઈ, ભરતભાઈ પટેલ, કુલદિપસિંહ વાઘેલા-ગોવુભા વાઘેલા વગેરે હાજર રહી વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

**સારા વરસાદની આગાહીથી ખેડુતો ખુશ**

## લોકોને રાહત : આ વર્ષમાં મોનસુન સામાન્ય જ રહેશે

નવી દિલ્હી

કૃષિ ક્ષેત્ર અને દેશની અર્થવ્યવસ્થા માટે સારા સમાચાર આવ્યા છે. ભારતીય હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, આ વર્ષે ખુબ સારો વરસાદ થઈ શકે છે. આજે હવામાન વિભાગે કહ્યું હતું કે, જુનથી સપ્ટેમ્બરની અવધીમાં મોનસુન સામાન્ય રહેશે. ભારતીય હવામાન વિભાગના ડીજી કેજી રમેશે માહિતી આપતા કહ્યું છે કે, મોનસુન લાંબી અવધીના એટલે કે એલપીએના ૯૭ ટકા સુધી રહેશે. એલપીએના ૯૭ ટકા સુધી વરસાદને મોસમ માટે સામાન્ય વરસાદ ગણવામાં આવે છે. દેશમાં ઓછા વરસાદની શક્યતા ખુબ ઓછી રહેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટે ચોથી એપ્રિલના દિવસે તેની પ્રથમ આગાહી કરી હતી. જેમાં સ્કાયમેટે કહ્યુ હતું કે વર્ષ ૨૦૧૮માં દક્ષિણપશ્ચિમ મોનસુન લોંગ પિરિયડ અવરેજના ૧૦૦ ટકા રહી શકે છે. એટલે કે નોર્મલ મોનસુનની આગાહી કરવામાં આવતા સરકાર અને ખેડુત સમુદાયમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. તેના દ્વારા કહેવામા આવ્યું હતું કે, તેની આગાહીમાં પાંચ ટકા ફેરફાર થઇ શકે છે. આગાહીમાં કહેવામાં આવ્યુ હતું કે જુનથી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં લોંગ પિરિયડ અવરેજ ૮૮૭ મીલીમિટર રહી શકે છે. એજન્સીએ કહ્યુ હતું કે દેશવ્યાપી દુષ્કાળ અથવા તો ઓછા વરસાદની શક્યતા નહીંવત જેવી છે. દેશભરમાં કુલ સિઝનલ વરસાદનો આંકડો એલપીએના ૯૦ ટકાની આસપાસ રહી શકે છે. આગાહીમાં કહેવામાં આવ્યુ હતું કે આ વર્ષે એલપીએના ૯૬-૧૦૪ ટકા સુધી વરસાદ રહી શકે છે. એટલે કે નોર્મલ વરસાદની શક્યતા છે. છેલ્લી ત્રણ સિઝનમાં વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૬માં સ્કાયમેટની પ્રથમ આગાહીથી વાસ્તવિક વરસાદ ઓછો રહ્યો હતો. જો કે એપ્રિલ મહિના માટે કરવામાં આવેલી આગાહી યોગ્ય રહી હતી.

**વાર્ષિક ઉજવણીના ભાગરૂપે**

## વાવની ક્રિષ્ના વિદ્યામંદિર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનીધિ વાવ

ટૂંકાગાળામાં બહોળી પ્રસિદ્ધિ પામેલી અને રાજગઢી વાવ ખાતે ચાલતી શ્રી ક્રિષ્નાવિદ્યામંદિર વાવ ખાતે દર વર્ષે રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારોની શાનદાર ઉજવણી થાય છે. ત્યાં ગતરોજ તા. ૧૪ એપ્રિલ આંબેડકર જયંતિ નિમિત્તે રાત્રે ૮/૩૦ થી ૧૨/૩૦ સુધી વાર્ષિક મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં નૃત્ય, રાસ-ગરબા, નાટક, એકાંકી, વકતૃત્વ સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. દાનવીર અને દાતાઓ તરફથી ઈનામો આપી ભુલકાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી શ્રોતાગણો મંત્રમુગ્ધ બની ગયા હતા. શ્રી ક્રિષ્ના વિદ્યામંદિર વાવના સ્ટાફમિત્રો તરફથી સુંદર અયોજન કરાયું હતું.

## પાલડી.૬ આં.કે. માં ભૂમિદાતાનો સન્માન સમારોહ

પાલડી

પાલડી ૬ આંગણવાડી કેન્દ્ર અજાપુરામાં આંગણવાડીને જમીન દાન આપનાર ભૂમિ દાતા શંકરજી પ્રજાપતિનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં પાલડી ગામના સરપંચ વતી મોદી રમેશભાઈએ શાલ ઓઢાડીને ભૂમિદાતાનું સન્માન કરવામાં આવ્યું હતું ગામના આગેવાન પ્રજાપતિ વિહાજી માધાજીએ રમેશભાઈ મોદીનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ગામ વિસ્તારના વાલીઓએ હાજર રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંચાલન પાલડી.૬ આ. કેન્દ્રના કાર્યકર સીતાબેન આચાર્યે કર્યું હતું.

## શ્રી કે.બી. અગ્રવાલ પ્રા. શાળામાં ધો.૮ના વિદ્યાર્થીઓનો દીક્ષાન્ત સમારોહ



ડીસા

તા.૧૦/૪/૨૦૧૮ ના રોજ શ્રી કે.બી. અગ્રવાલ પ્રા.શાળાના ધો.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય અને સમૂહ ભોજન તથા શુભેચ્છા સમારોહ લોકનિકેતન રતનપુર ખાતે યોજાયો હતો જેમાં કિરણભાઈ ચાવડા (સંચાલક - રતનપુર) તથા શીવુભાઈ રાઠોડ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસકાળ દરમિયાન થયેલા અનુભવોનું વર્ણન કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓએ હાથીદરા, રાજગઢ રિસોર્ટ અને કૈલાશ ટેકરી અંબાજીની મુલાકાત લીધી હતી.

શાળાના સ્ટાફમિત્રો એ વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. શાળાના આચાર્ય બાબુભાઈ આર. લુણીએ વિદ્યાર્થીઓને શિક્ષણ અને પુરુષાર્થ વિશે સમજાવી ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી બનાવવા આહવાન કર્યું હતું.

શાળાના નીયામક નટુભાઈ વ્યાસે આર્શીવચન પાઠવ્યા હતા તેમજ કાર્યકર્મનું સફળ સંચાલન શાળાના શિક્ષિકા ધર્મિષ્ઠાબેન દેસાઈએ કર્યું હતું.

## ગરમીનો પ્રકોપ : જનજીવન પર નોંધાયેલ પ્રતિકુળ અસર

અમદાવાદ

અમદાવાદ સહિત રાજયભરમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ગરમીના પ્રકોપ વચ્ચે બપોરના ગાળામાં લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. બપોરના ગાળામાં લોકોએ બહાર નીકળવાનું ટાળ્યુ હતું. આજે સુરેન્દ્રનગરમાં પારો ૪૧.૮ સુધી પહોચી ગયો હતો. અનેક ભાગોમાં પારો ૪૧થી ઉપર રહ્યો હતો. જ્યાં પારો ૪૧થી ઉપર રહ્યો હતો તેમાં અમરેલીમાં ૪૧.૪, રાજકોટમાં ૪૧ અને સુરેન્દ્રનગરમાં ૪૧.૮નો સમાવેશ થાય છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૨ અને લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે આજની સરખામણીમાં વધશે નહીં પારો ૪૦ની આસપાસ રહેશે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવાની જરૂરિયાત દેખાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા ઉચા તાપમાનને લઈને કોઈ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે. ગરમીના પ્રમાણમાં હાલમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બે-ત્રણ ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. આવી સ્થિતિમાં લોકોને વધુ ગરમીનો અનુભવનો સામનો કરવો પડી શકે છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા હિટવેવને લઈને પગલા લેવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં વધતી ગરમી વચ્ચે વધારે પાણી પીવાની સલાહ નિષ્ણાત તબીબો લોકોને આપી રહ્યા છે. અમદાવાદ શહેરમાં વધતી ગરમી વચ્ચે હવે ઘણી જગ્યાઓએ પાણીની પરબોની પણ લોકો દ્વારા શરૂઆત કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો એપ્રિલ મહિનાના માત્ર ૧૪ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૪૪૨, કમળાના ૧૦૭, ટાઈફોઈડના ૧૩૩ કેસ સપાટી ઉપર આવ્યા છે.

અનુસંધાન પાના નં.૬

## બ.કાં.જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ કર્મચારીઓની શરાફી મંડળીની મિટીંગ મળી


સુભાષ વ્યાસ

પ્રતિ. સીસરાણા

બ.કાં.જિલ્લા ઉચ્ચત્તર મા.ગ્રાન્ટેડ કર્મચારીઓની શરાફી મંડળીની મિટીંગ મંડળીના ચેરમેન વિપુલભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં મંત્રી બાબુજી રાજપૂતે મંડળીના હિસાબો રજૂ કર્યા હતા. આ મંડળીના કારોબારી સભ્યો અને સંઘના મંત્રી આર.વી. પટેલ અને શરાફી મંડળીના તમામ કારોબારી સભ્યોએ હાજરી આપેલ હતી. છેલ્લા અગિયાર માસની અંદર મંડળીનું ધિરાણ (પંચાવન) ૫૫ લાખ જેવું થવા પામેલ છે તેવું મંત્રી બાબુજી રાજપૂતે જણાવ્યું હતું.

## વાવ છાત્રાલયમાં આંબેડકર જયંતિની ઉજવણી


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

વાવ ખાતે ૧૯૮૦ થી કાર્યરત થયેલા શ્રેયસ નવજીવન છાત્રાલય ખાતે રાષ્ટ્રીય અને ધાર્મિક પર્વોની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે તા.૧૪/૪/૨૦૧૮ ના રોજ કાયદાના ઘડવૈયા એવા ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જે પ્રસંગે છાત્રાલયના ગૃહપતિ ડાયાભાઈ પરમારે બાબાસાહેબની છબીને ફુલહાર ચડાવી દીપપ્રાગ્ટય કર્યું હતું. ત્યારબાદ બાબાસાહેબના ગુણોને છાત્રો જીવનમાં ઉતારવાનું જણાવ્યું હતું બાબાસાહેબના જીવન ચરિત્ર વિશે વિશેષ માહિતી અપાઈ હતી. ઉપસ્થિત છાત્રાલયના છાત્રોએ પણ બાબાસાહેબના સુત્રો પોકાર્યા હતા અને તેમના જીવન ચરિત્ર ઉપર પ્રવચન રજુ કર્યા હતા. પ્રવચનમાં પ્રથમ,દ્વિતીય, તૃતીય નંબરે આવનાર છાત્રોને ગૃહપતિ દ્વારા વિશેષ ઈનામો અપાયા હતા આમ વાવ ખાતે આવેલી શ્રેયસ નવજીવન આશ્રમ છાત્રાલય ખાતે બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી વધુમાં ઉજવણીના ભાગરૂપે છાત્રાલયમાં બેનરો લગાવાયા હતા. તેમજ વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. ગૃહપતિ ડાયાભાઈ પરમારની કાર્યવાહીને ગામલોકોએ પણ બિરદાવી હતી.

## ડીસાથી સરીપડા પગપાળા યાત્રા સંઘનું આયોજન

ડીસા


વિનોદ બાંડીવાલા

ડીસાના મોદી સમાજ દ્વારા ડીસાથી સરીપડા પગપાળા સંઘનું આયોજન કરવામાં આવેલ છે. આ પગપાળા યાત્રા સંઘ તા. ૨૨/૪/૧૮ ને વૈશાખ સુદ-૭ ને રવિવારે વહેલી સવારે ડીસાથી નીકળી મોટા ગામમાં થઈને કુંભલમેર, કુંભાસણ, સલેમપુરા થઈને સરીપડા ગામે આવેલ શ્રી નારસુંગા વિરદાદાના મંદિરે પહોંચશે. રસ્તામાં ઠેરઠેર ચા-નાસ્તા પાણીની વ્યવસ્થા દાતાઓ તરફથી કરવામાં આવી છે. આ ઉપરાંત ભોજનની વ્યવસ્થા આવનાર માઈભક્તો માટે કરવામાં આવી છે. આ પગપાળા યાત્રા સંઘ ડીસાના મોદી સમાજના લગભગ ૨૦૦ થી ૨૫૦ જેટલા ધર્મપ્રેમી ભક્તો જોડાશે.

## લુદરા આંગણવાડી કેન્દ્ર ખાતે બાળતુલા દિવસની ઉજવણી

પ્રતિનિધિ લુદરા

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અંતર્ગત તા. ૧૪ એપ્રિલ ૨૦૧૮, આંબેડકર જયંતિના રોજ પોષણ અભિયાનનો શુભારંભ કરવામાં આવેલ. જે અંતર્ગત લુદરા આરોગ્ય કેન્દ્ર બાળકોનું વજન અને પ્લોટીંગ, બાળકોનાં વજન વૃધ્ધિ આલેખ પર આલેખન, પરામર્શ અને બાળકોના વજન અને તેની દેખરેખ અંગેની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓને આરોગ્ય શિક્ષણ આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં લુદરા આંગણવાડી કેન્દ્રની બહેનો, જોશનાબેન પ્રજાપતિ, પ્રેમીલાબેન ચૌહાણ, કમુબેન દેસાઈ, ગીતાબેન ઠાકોર, આરોગ્ય કાર્યકર હાર્દિકભાઈ ત્રિવેદી, આશા બહેનો બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## રેપ હોરર : ગુજરાતભરમાં વિરોધ પ્રદર્શન અને આક્રોશ

અમદાવાદ

દેશના જુદા જુદા ભાગોમાં હાલના દિવસોમાં બળાત્કારના બનેલા બનાવને લઈને નારાજગીનું મોજુ અકબંધ રહ્યું છે. આજે ગુજરાતના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શન દોર જારી રહ્યો હતો. અપરાધીઓને અતી કઠોર સજા કરવાની માંગ કરવામાં આવી હતી. કેંડલમાર્ચ, શ્રદ્ધાંજલિ કાર્યક્રમો અને સહી ઝુંબેશ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. અમદાવાદ, રાજ-કોટ, વડોદરા, ભાવનગર, સુરત અને ગુજરાતના અન્ય ભાગોમાં વિવિધ સંસ્થાઓ દ્વારા અને સામાન્ય લોકો દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં કઠુઆ, ઉત્તર પ્રદેશમાં ઉનાવ, ગુજરાતમાં સુરત જેવા વિસ્તારોમાં હાલમાં બળાત્કારની કમકમાટી ભરી ઘટનાઓ બની રહી છે. આવી સ્થિતિમાં વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. અમદાવાદ શહેરમાં આજે ચાંદખેડા, જમાલપુર, ખોખરા, શાહપુર,

અનુસંધાન પાના નં.૬

# થરાદના મલુપુર ગામના આધેડના ખિસ્સામાંથી ૩૫ હજારની તફડંચી

પ્રતિ. થરાદ

થરાદ પંથકમાં સક્રિય રહેલી રિક્ષાગેંગના ભોગની વધુ એક ઘટના મુજબ થરાદના મલુપુર ગામના હાથીભાઈ દેવશીભાઈ નાઈ નામના આધેડ સોમવારની સાંજના સુમારે થરાદ માર્કેટમાં રાયડુ,જીરું વેચીને તેનાથી આવેલા રૂપીયા ૩૫ હજાર લઈ ને ડીસા રોડ પર આવેલા કરણાસર પાસે આવેલા પોતાના ખેતરે જવા માર્કેટ પાસે થી રોડ પર આવ્યા હતા.



જયાં ઉભેલી એક અજાણી રિક્ષાચાલકને કરણાસર જવાનું પુછતાં તેમણે હાજાય છે તેમ કહેતાં તેઓ તેમાં બેસી ગયા હતા.આધેડના કહેવા પ્રમાણે રિક્ષામાં એક મહિલા અને બાળક તથા બીજો એક ભાઈ અને ચાલક અગાઉ થી બેસેલ જ હતાં.રિક્ષામાં બેસાડ્યા બાદ મહિલાએ તેમને થોડા ત્રાંસા બેસવા જણાવી તેમના ખિસ્સામાંથી ચાલાકીથી ૩૫ હજાર રૂપીયા સેરવી લીધા હતા.તેમજ તેમને કરણાસરને બદલે મલુપુર પાસે ઉતારીને રિક્ષા ભગાવી દીધી હતી.જોકે આ બનાવની જાણ તેમને ઘેર આવ્યા બાદ થઈ હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

# ધાનેરાના માલોતરા ગામે ૪૦ હજારની ચોરી

## સાત આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ નોંધાઈ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાના માલોતરા ગામે શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા દંપતિ નોકરીએ જતા બપોરનો લાભ લઈ આ સાત ઈસમોએ ૪૦,૦૦૦ ચાલીસ હજારની ચોરી કરી હોવાની ફરીયાદ ધાનેરા પોલીસ મથકે નોંધાઈ છે.

ધાનેરાના માલોતરા ગામમાં તા.૭/૪/૧૮ ના રોજ વિપુલભાઈ અને તેમના પત્ની પ્રા.શાળામાં નોકરી કરતા હોઈ શાળામાં ગયા હતા ત્યારે તેનો લાભ લઈ સાતેક ઈસમોએ તેમના ઘરમાંથી ૩૦,૦૦૦ ત્રીસ હજાર રોકડા તથા રૂા.૧૦,૦૦૦ ના દાગીના ચોરી કરી હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરે આ સાત આરોપીઓ વિરૂધ્ધ તપાસ શરૂ કરી છે. જેમાં મુકેશભાઈ દેવાભાઈ માજીરાણા, દેવા વાલા માજીરાણા, કિરણભાઈ કેશાભાઈ પંચાલ, રાજુભાઈ હરીભાઈ દેવીપુજક, ખેતાભાઈ વેરખાભાઈ મીર, બળવંતભાઈ મેઘાભાઈ, દિનેશભાઈ લવજીભાઈ મેઘવાલ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

# બનાસકાંઠાના પ્રા.આ.કેન્દ્રના એમ્બુલન્સના ડ્રાઈવર પટાવાળાઓની પી.એફ. મામલે કલેક્ટરને રજુઆત

ડીસા

બનાસકાંઠા જિલ્લાની તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એમ્બુલન્સના ડ્રાઈવર અને પટાવાળાઓને મહેસાણાની નીરવ એન્ટરપ્રાઈઝ દ્વારા તા.૧/૮/૨૦૧૬ થી ૩૧/૧/૧૮ સુધીનુ પી.એફ. ચુકવાયુ નથી. આ ઉપરાંત તા.૧/૨/૧૮ થી તેનો કોન્ટ્રાક્ટ જય ભવાની ફાઉન્ડેશન પાલનપુરની એજન્સીએ રાખ્યો હતો. પરંતુ આ એજન્સી દ્વારા આજ સુધી પગાર ચુકવાયો ન હોઈ કર્મચારીઓની હાલત



ભરત સુંદેશા

કફોડી બની ગઈ હતી. આથી આ બાબતે જીલ્લા કલેક્ટર અને જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગમાં વારંવાર રજુઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં તેવોમાં રોષની લાગણી વ્યાપી છે. આ બાબતે કોઈ કાર્યવાહી નહી થાય તો ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# પાલનપુરની શ્યામ વિહાર ઉપવન સોસાયટીમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાઈ

પાલનપુર

પાલનપુરની શ્યામ વિહાર ઉપવન સોસાયટીમાં તા.૧૪ એપ્રિલના રોજ ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મહજયંતિ ઉજવણી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઉજાણવી પ્રસંગે ડૉ. બાબા સાહેબ આંબેડકરના ફોટાને ફુલહાર અર્પણ કરી ભાવાંજલિ અને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સોસાયટીના અગ્રણીઓ સર્વશ્રી ડૉ.બાજુભાઈ ચૌહાણ, શ્રી ઉત્પલભાઈ કુલકર્ણી, શ્રી જશુભાઈ અને શ્રી આર.એસ.ચૌહાણે બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ આંબેડકરના જીવન વિશે તથા તેમણે દેશ માટે આપેલા યોગદાન વિશે પ્રાસંગીક પ્રવચન કર્યા હતા. વક્તાઓએ મહામાનવ ડૉ.બાબા સાહેબ આંબેડકરના શિક્ષિત બનો... સંગઠીત બનો.... અને સંઘર્ષ કરો....ના મંત્ર ચરીતાર્થ કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આજે પણ વિદેશમાં ભણવા જવુ અઘરુ હોય છે ત્યારે આજથી ૧૦૦ વર્ષ પહેલાં ડૉ.બાબા સાહેબે કેટલી તકલીફો વેઠીને વિદેશમાં જઈ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું



તેમના જીવનમાંથી પ્રેરણા લઈ આગળ વધીએ. તેમણે કહ્યું કે સમગ્ર વિશ્વમાં ડૉ.બાબા સાહેબ આંબેડકર જ્ઞાનનું પ્રતિક છે તે આપણા દેશ માટે ગૌરવની બાબત છે. ડૉ.બાબા સાહેબ આંબેડકરે ભારતનું સંવિધાન ઘડીને આપણને વૈશ્વિક ગૌરવ અપાવ્યું છે. તેમણે અર્થશાસ્ત્રી તરીકે રિઝર્વ બેંકની સ્થાપના, નાણા આયોગની રચના વગેરેમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. આ પ્રસંગે સોસાયટીના અગ્રણી આર.કે.પટેલ, જગદીશકુમાર મોદી, સુરેશભાઈ, કરમશીભાઈ, મુકેશભાઈ, પ્રભુભાઈ સહિત અગ્રણીઓ, માતા-બહેનો, બાળકો, વડીલો અને યુવાનો સારી સંખ્યાતમાં ઉપસ્થિુત રહ્યા હતા.

# ધાનેરામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કારધામ દ્વારા ત્રિદિવસીય કથા પારાયણ યોજાઈ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં શિવાજી એસ્ટેટ સોસાયટીમાં ખાતે ત્રિ દિવસીય કથા પારાયણ યોજાઈ હતી જેમાં બી.એ.પી.એસ. સંપ્રદાયના સંત શ્રીરંગ સ્વામી દ્વારા પોતાની રસાળ શૈલીમાં કથાના મુખ્ય વિષય એવા "સમજણનો સમ્રાટ" પર કથા પ્રવચન સંભળાવવામાં આવી હતી જેમાં સતત ત્રણ દિવસ સુધી મોટી સંખ્યામાં નગરના અગ્રણીઓ સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા જયારે આજે કથાના છેલ્લા દિવસે ખીચડી પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જે સ્વામિનારાયણ સંપ્રદાયની આગવી પરંપરા મુજબ પધારેલા સંતો દ્વારા પ્રસાદની ખીચડી બનાવવામાં આવી હતી અને સંપ્રદાયના ભક્ત ભાઈઓ બહેનો દ્વારા લગભગ ૩૦૦૦ પ્રસાદીના પરકેટનું પેકીગ કરવામા આવ્યું હતું. જેનું રાત્રે કથામાં આવનારાઓને પ્રસાદ સ્વરૂપે વિતરણ કરવામાં આવ્યા હતા.

# કાંકરેજ તાલુકાના ઉણ ગામે સોનગઢા ગોગા મહારાજની રમેલ- નવચંડી યજ્ઞ યોજાયો

## ૧૦૦૮ દીવડાની મહા આરતી

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના ઊણ ગામમાં શિયા રોડ ઉપર ખેતર વિસ્તાર માં શ્રી સોનગઢા ગોગા મહારાજ નું મંદિર આવેલ છે. શ્રધ્ધા ભકિત અને આસ્થાના આ ધામ ભગતના ગોગા મહારાજના હુલામણા નામથી જાણીતું છે. એવા આ શ્રી સોનગઢ ગોગા મહારાજ મંદિરે તારીખ રમેલ - નવચંડી યજ્ઞ તેમજ ૧૦૦૮



યશપાલસિંહ ટી.વાઘેલા

દિવડાની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યુ હતું. મહા આરતી સમયે સાક્ષાત નાગદેવતા એ દર્શન આપેલ. સાંજે ભોજનપ્રસાદ રાખવામાં આવ્યો હતો ભોજનપ્રસાદ લીધા બાદ રમેણ (જાતર) રાખવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

# થરાદના પોલીસકર્મીને પ્રમોશન મળતાં આનંદ



વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

થરાદ પોલીસમથકમાં પીએસઆઈ રાયટર તરીકે ચાર વર્ષથી ફરજ બજાવતા પો.કો.નવિનભાઈ હરદાસભાઈ ચૌધરીને તાજેતરમાં હે.કો.તરીકે પ્રમોશન મળ્યું હતું.આથી તેમણે થરાદ પીએસઓ તરીકે ચાર્જ લીધો હતો. નવીનભાઈએ થરાદ પોલીસમથકના તેમના કાર્યકાળ દરમ્યાન એક મોટાડઝન ગુનાઓ ઉકેલવામાં સારી એવી સફળતા મળી હતી જેના કારણે જિલ્લા પોલીસવડાના હસ્તે તેનાં ઈનામ પણ મેળવ્યાં હતાં.નવિનભાઈને પ્રમોશન મળતાં તેમના પરિવાર અને ગામ તથા મિત્ર વર્ગમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

# અંબાજી મંદિરમાં સવાર સાંજ બે સમયે થતી આરતી હવે ત્રણ સમય થશે

પ્રતિ. અંબાજી

યાત્રાધામ અંબાજી ખાતે સુર્યોદય અને સૂર્યાસ્ત ના સમય માં ફેરફાર થતા અંબાજી મંદિર માં આવતા યાત્રીકો ની સગવડતા ખાતર નીજ મંદિર ના દર્શન આરતી ના સમય મા ફેરફાર કરવા માં આવ્યો છે એટલુજ નહી અંબાજી મંદિર માં તારીખ ૧૮ એપ્રીલ ૨૦૧૮ બુધવાર થી સવાર સાંજ બે સમયે થતી આરતી હવે ત્રણ સમય કરવા માં આવશે જેમા બપોર ની આરતી વધારાની કરવા મા આવશે માનવા માં આવે છે કે હાલની કાળ ઝાળ ગરમી માં માતાજી ને દિવસ દરમ્યાન ત્રણ સમય કપડા ને શણગાર બદલાતા હોવા થી આરતી ત્રણ સમય કરવા માં આવશે એટલુજ નહી સાત્રીકો ની સુવિધા ખાતર માતાજી ના સન્મુખ ધરાવવા માં આવતો અન્નકુટ પણ અષાઢી બીજ સુધી



ધરાવવા માં આવશે નહી જે મંદિર સવારે ૧૧.૩૦ કલાકે બંધ થતુ હતુ તેના બદલે ૧૦.૪૫ કલાકે બંધ થશે યાત્રીકો મંદિર માં સવારે માતાજી બાલ્યા અવસ્થા. બપોરે યૌવન અવસ્થા અને સાંજે પૌઢ અવસ્થા ના દર્શન થશે તેમ મંદિર ના ભટ્ટજી મહારાજ દેવાંગભાઈ ઠાકરે જણાવ્યુ હતુ.

સવારે આરતી ૭.૦૦ થી ૭.૩૦, સવારે દર્શન ૭.૩૦ થી ૧૦.૪૫, બપોરે આરતી ૧૨.૩૦ થી ૧.૦૦, બપોરે દર્શન ૧.૦૦ થી ૪.૩૦, સાંજે આરતી ૭.૦૦ થી ૭.૩૦ સુધી અને સાંજે દર્શન ૭.૩૦ થી રાત્રી ના ૯.૧૫ સુધી ખુલ્લા રહેશે.

# ડીસા રેલ્વે સ્ટેશન ચાર રસ્તા ઉપર મીનરલ પાણીની પરબ શરૂ




ડીસાના રેલ્વે સ્ટેશન ચાર રસ્તા ઉપર જીઆઈડીસી, પાટણ હાઈવે તેમજ અનેક સ્કુલો આવેલી હોવાથી લોકોની વિશેષ અવરજવર રહેતી હોય છે. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને ઠંડા મીનરલ પાણી મળી રહે તે માટે રેલ્વે સ્ટેશન ચાર રસ્તા પાસે આરાસુરી માર્બલ ઈન્ડસ્ટ્રીઝના રાજુભાઈ હીરાલાલ અગ્રવાલ પરિવાર દ્વારા મિનરલ પાણીની પરબ શરૂ કરી માનવતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. પરબના ઉદઘાટન પ્રસંગે પરિસરના સભ્યો તેમજ પ્રગતિ અભિવાદન ગ્રુપના લલીતભાઈ દોશી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

# સોમવતી અમાસ નિમિત્તે પીપળાના વૃક્ષનું પૂજન



સોમવતી અમાસનું હિન્દુ ધર્મમાં તેનું અનેરૂ મહત્ત્વ ગણવામાં આવે છે. અને વહેલી સવારે બહેનો સ્નાન કરી મંદિરે પીપળાના વૃક્ષને કાચી દોરીની આંટી અને કલશ ભરી જળ ચઢાવવામાં આવે છે ગઈકાલે સોમવતી અમાસના દિવસે ડીસાની માતાશેરી ખાતે આવેલ બહુચર માતાના મંદિર પાસે પીપળાના વૃક્ષની બહેનો દ્વારા પૂજા અર્ચના કરવામાં આવી હતી.

# ડીસામાં ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ કોચ શેનન યંગ દ્વારા ત્રણ દિવસ કોચીંગ અપાયું

ડીસા

ડીસાના ન્યુ ટીસીડી ક્રિકેટ મેદાન ઉપર ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ કોચ શેનન યંગ, ગુજરાત ક્રિકેટ એસોના ટ્રેઝરર અને સીઈઓ ધીરજ જોમાણીના હસ્તે સમર (ઉનાળુ) વેકેશન ક્રિકેટ કોચિંગ કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.જેમાં ક્રિકેટ કોચ શેનન યંગ દ્વારા ખેલાડીઓને ત્રણ દિવસ



ભરત સુંદેશા

સુધી ક્રિકેટનું કોચિંગ આપવામાં આવ્યું હતું. ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એકેડેમી અને દુબઈ સ્થિત જી- ફોર્સ ઈન્ટરનેશન

અનુસંધાન પાના નં.૬

# થરાદની ઝેટા શાળામાં ફાયર સલામતિ અંતર્ગત મોકડ્રીલ યોજાઈ



વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

આગ,પુર,વાવાઝોડું,ભુકંપ જેવી કુદરતી કે માનવસર્જિત આક્સ્મિક મુશ્કેલીઓ વખતે લોકોએ શુ કરવું જોઈએ તેની માહિતી અને માર્ગદર્શન માટે ગુજરાત સરકારના આદેશથી ફાયર સર્વિસ સ્ટેશન વિભાગ દ્વારા સલામતિ સાપ્તાહિક ઉજવણી કરવામાં આવી રહીછે.જેના ભાગરૂપે થરાદ નગરપાલિકાના ફાયરબ્રિગેડના જવાનો દ્રારા થરાદ તાલુકાની ઝેટા પ્રા.શાળામાં સોમવારે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં થરાદના ફાયરબ્રિગેડના ફાયરમેન વિરમ રાઠોડ,લાખાજી રાજપુત તથા તરવૈયા સુલતાન મીરે મોકડ્રીલથી તમામ પ્રકારની જાણકારી આપી હતી.આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય અને વિધાર્થીઓ તથા ગ્રામજનો તથા સરપંચ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# વડગામમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે શોભયાત્રા યોજાઈ



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે ગત તા. ૧૪/૪/૨૦૧૮, શનિવારે વડગામ નગરે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. વડગામ પ્રા. શાળામાં યોજાયેલ કાર્યક્રમમાં ટીડીઓ એ.એચ. પરમાર, મામલતદાર આર.એમ. ચાવડા, સી.એચ. સી. વડગામ મેડીકલ ઓફિસર ડૉ.અનિલભાઈ બરંડા, સુનિલભાઈ ચૌહાણ, સંજયભાઈ સુતરીયા, સરપંચ ભગવાનસિંહ સોલંકી, તા.પં. ડેલિગેટ ભરતભાઈ એમ. પ્રજાપતિ, આચાર્ય રઘુભાઈ જેગોડા, બીઆરસી કો. ઓર્ડિનેટર, માંધજીભાઈ ચૌધરી, રતુભાઈ એમ. ગોળ વગેરે અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન ડૉ.બાબાસાહેબ આંબેડકર ઉજવણી સમિતિ, વડગામ દ્વારા કરાયું હતું.

# ઉમરા સંઘમાં મુમુક્ષુ ભવ્યકુમારનો દીક્ષા મહોત્સવ

## આજે પૂજ્ય ગુરૂભગવંતોનો ભવ્ય પ્રવેશ

સુરત

શ્રી ઉમરા જૈન શ્વે મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના ઉપક્રમે જુનાડીસા નિવાસી શારદાબેન પ્રવીણભાઈ શાહ, દિપેશભાઈ પ્રવીણભાઈ શાહ આયોજિત મુમુક્ષુ ભવ્યકુમારના ત્રિદિવસીય મહોત્સવમાં પહેલા



દિવસે નિશ્રાદાતા પૂજ્ય દીક્ષા દાનેશ્વરી આ.ભ.શ્રી ગુણરત્નસૂરીજી, આ.શ્રી પુણ્યરત્નસૂરીજી, આ.શ્રી યશોરત્નસૂરીજી, આ.શ્રી રવિરત્નસૂરીજી, દીક્ષા માર્ગદર્શક આ.શ્રી રશ્મિરત્ન સૂરીજી,

અનુસંધાન પાના નં.૬

# વડગામના વરવાડીયા નગરમાં શ્વાનોને દર રવિવારે અઢી મણ ખીચડો પીરસાય છે

તા.પ્રતિનિધિ વડગામ

વડગામના વરવાડીયા ગ્રામ સચિવાલય યુવા સરપંચ નાથુજી એ.ચૌહાણ તથા ગામના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા દર રવિવારે અઢીમણ ખીચડો બનાવી ગામના તમામ શ્વાનોને પીરસવામાં આવે છે. યુવા સરપંચ ત થા નિવૃત્ત કર્મચારી વડીલોની જીવદયાની પ્રવૃત્તિની સુવાસ નજીકના ગામોમાં પહોંચી છે.



પુષ્કર ગોસ્વામી

આ અંગે યુવા સરપંચ નાથુજી એ. ચૌહાણ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સેવા નિવૃત્ત કર્મચારી વડીલો સ્વખર્ચે અઠવાડિયામાં એક જ વખત રવિવારે અઢીમણ ખીચડો તૈયાર કરી વિતરણ કરે છે. શનિવારે ખીચડાનો સીધુ સામાન તૈયાર કરી રવિવારે વહેલી સવારે રાંધી ગામની તમામ ચાટોમાં પીરસવામાં આવે છે દુર ખેતરોમાં રહેતા શ્વાનો માટે બરણી ભરવામાં આવે છે.

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા**

મુખ્ય કચેરી, સરદાર ભવન, હાઈવે, ડીસા

ફોન : ૨૨૦૦૭૨, ૨૨૩૦૬૭

એમ્બ્યુલન્સ ગાડીની જાહેર હરાજી

બજાર સમિતિ, ડીસાની માલીકીની ટોયેટા કંપનીની ઇનોવા એમ્બ્યુલન્સ ગાડી નંબર:જી.જે.૦૧ ડી.યુ.૬૯૫૮ મોડલ ઇનોવા ૨.૫ જી.(એમ.૪)(જી.એક્સ) ૨૦૧૩ ચાલુ હાલતમાં વેચવાની છે. જેની જાહેર હરાજી તા.૨૪-૦૪-૨૦૧૮ ને મંગળવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ રાખેલ છે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા ઇસમોએ ડીપોઝીટના રૂા.૧૦,૦૦૦/- (દશ હજાર પુરા) બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીમાં હરાજી થાય તે પહેલા જમા કરાવવાના રહેશે. હરાજી અંગેના સઘળા હક્ક બજાર સમિતિ, ડીસાને અબાધીત રહેશે.

અમૃતલાલ એન.જોષી, ઇન્ચાર્જ સેક્રેટરી — કરશનભાઈ એસ.પટેલ, વાઇસ ચેરમેન — માવજીભાઇ એમ. દેસાઇ, ચેરમેન

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા**

મુખ્ય કચેરી, સરદાર ભવન, હાઈવે, ડીસા

ફોન : ૨૨૦૦૭૨, ૨૨૩૦૬૭

**જાહેરાત**

આથી રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે, બજાર સમિતિ, ડીસા સંચાલિત મુખ્ય માર્કેટયાર્ડ ડીસા, પેટાબજાર ભીલડી તેમજ શાકભાજી પેટાબજારમાં નીચેની વિગત મુજબ જોબવર્કના આઈટમ રેટ મુજબના ભાવ મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડર ફોર્મ મુખ્ય કચેરીએ નિયત ફી ભરેથી તા.૨૧/૦૪/૨૦૧૮ સુધી આપવામાં આવશે. ભરેલ ટેન્ડર બંધ કવરમાં તા.૨૬/૦૪/૨૦૧૮ સુધીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે.

| અ.નં. | વિગત | ટેન્ડર ફી (રૂા.) | ડીપોઝીટની રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર, પ્રિન્ટર, નેટવર્ક અને ઝેરોક્ષ મશીનને લગતા સાધનોની ખરીદી તથા તેનું મેન્ટેનન્સ કામકાજ | ૧૦૦-૦૦ | ૨,૫૦૦-૦૦ |
| ૨ | પ્રિન્ટીંગ તથા સાઈન બોર્ડ જોબવર્ક જેમ કે બેનરો, બેનર ફ્રેમ, ફોમશીટ, એક્રેલિક, વિનાઈલ પ્રિન્ટ વગેરે. | ૧૦૦-૦૦ | ૨,૫૦૦-૦૦ |

૧. નિયત ટેન્ડર કોપી સાથે ટેન્ડર ડીપોઝીટની અસલ રસીદ સામેલ કરવાની રહેશે. તે સિવાયનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.
૨. ટેન્ડર ફોર્મ, ડીપોઝીટના નાણાં રોકડા/ચેક/ડ્રાફ્ટથી બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ ઓફીસ સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે.
૩. સદર જોબવર્ક સબંધી તમામ વિગત, શરતોની જાણકારી ઓફીસ દરમ્યાન બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરી ખાતેથી મળી શકશે.
૪. બંધ કવર ઉપર જે - તે ટેન્ડરના કામની વિગત અવશ્ય લખવાની રહેશે.
૫. આવેલ ટેન્ડર મંજુર કે નામંજુર કરવા કે મોકૂફ રાખવા તે સબંધેના તમામ હક્ક બજાર સમિતિ, ડીસાને અબાધીત રહેશે.

અમૃતલાલ એન.જોષી, ઈન્ચાર્જ સેક્રેટરી — કરશનભાઈ એસ.પટેલ, વાઈસ ચેરમેન — માવજીભાઈ એમ.દેસાઈ, ચેરમેન

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા**

મુખ્ય કચેરી, સરદાર ભવન, હાઈવે, ડીસા

ફોન : ૨૨૦૦૭૨, ૨૨૩૦૬૭

**જાહેરાત**

આથી રસ ધરાવતા તમામ ઈસમો/એજન્સીઓને જણાવવાનું કે, બજાર સમિતિ, ડીસાને નીચેની વિગતેના ઈજારાઓ તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમય સારૂ આપવાના છે. જેના કોરા ટેન્ડર ફોર્મ મુખ્ય કચેરીએથી નિયત ફી ભરેથી તા.૨૧/૦૪/૨૦૧૮ સુધી આપવામાં આવશે. ભરેલ ટેન્ડર બંધ કવરમાં તા.૨૫/૦૪/૨૦૧૮ સુધીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે.

| અ.નં. | વિગત | ટેન્ડર ફી (રૂા.) | ડીપોઝીટની રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | મુખ્યયાર્ડ ડીસા, શાકભાજી પેટા બજાર ડીસા તથા પેટા બજાર ભીલડીમાં સિક્યુરીટી વ્યવસ્થાનો ઈજારો | ૧૦૦-૦૦ | ૨૫,૦૦૦-૦૦ |
| ૨ | શાકભાજી પેટાબજારમાં ચા/નાસ્તાની ફરતી લારી ઉભી રાખવાના ભાડાના દર | ૧૦૦-૦૦ | ૫,૦૦૦-૦૦ |
| ૩ | મુખ્ય માર્કેટયાર્ડ ડીસામાં ૧૦૦૦ મે.ટનના ગોડાઉન નંગ-૨ના ભાડાનો દર | ૧૦૦-૦૦ | ૫૦,૦૦૦-૦૦ |

૧. નિયત ટેન્ડર કોપી સાથે ટેન્ડર ડીપોઝીટની અસલ રસીદ સામેલ કરવાની રહેશે. તે સિવાયનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.
૨. ટેન્ડર ફોર્મ, ડીપોઝીટના નાણાં રોકડા/ચેક/ડ્રાફ્ટ/NEFT/RTGS થી બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ ઓફીસ સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે.
૩. સદર ઈજારા/લીવ એન્ડ લાયસન્સ ફી સબંધી તમામ વિગત, શરતોની જાણકારી ઓફીસ સમય દરમ્યાન બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરી ખાતેથી મળી શકશે.
૪. સિક્યુરીટીના ઈજારો રાખવા ઈચ્છતા ઈસમો/એજન્સી કે જેઓ બહોળો અનુભવ ધરાવતા અને પી.એફ. એકાઉન્ટ, જી.એસ.ટી. અને પાન નંબર, લેબર લાયસન્સ ફરજીયાત ધરાવતા હોવા જોઈશે તે સિવાય ટેન્ડર કોપી આપવામાં આવશે નહીં.
૫. બંધ કવર ઉપર જે - તે ટેન્ડરના કામની વિગત અવશ્ય લખવાની રહેશે.
૬. આવેલ ટેન્ડર મંજુર કે નામંજુર કરવા કે મોકૂફ રાખવા તે સબંધેના તમામ હક્ક બજાર સમિતિ, ડીસાને અબાધીત રહેશે.

અમૃતલાલ એન.જોષી, ઈન્ચાર્જ સેક્રેટરી — કરશનભાઈ એસ.પટેલ, વાઈસ ચેરમેન — માવજીભાઈ એમ.દેસાઈ, ચેરમેન

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા

## તંત્રી સ્થાનેથી ...

**મનુષ્ય જૂઠ બોલીને જીવનની મોટી સંપતિથી વંચિત રહી જાય છે.**

# વિધાનસભામાં ૧૧ વિધેયકને રાજ્યપાલ દ્વારા મંજૂરી

ગુજરાત વિધાનસભા બજેટ સત્રમાં પસાર થયેલા ૧૪ જેટલા વિધેયકમાંથી રાજ્યપાલ દ્વારા ૧૧ વિધેયકને મંજુરી આપવામાં આવી છે. જ્યારે કેન્દ્ર સરકારના કાયદાને સંબંધિત હોય એવા ત્રણ બિલ રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવ્યા છે. જેમાં ગુજરાત એસ.સી. એસ.ટી. એન્ડ વેરીફીકેશન ઓફ કાસ્ટ સર્ટીફિકેટ બિલ, ખેતીમાં જમીનના ટુકડા થતા અટકાવવા અને એકત્રીકરણ બાબતના સુધારા અધિનિયમ અને પાવર ઓફ એટર્નીનો દુરુપયોગ અટકાવવા બાબતે રજીસ્ટ્રેશન સુધારા વિધેયકનો સમાવેશ થાય છે, તેમજ રાજ્યપાલે મંજુરી આપી હોય તેવા બિલમાં વેટ સુધારા વિધેયક, ગુજરાત પોલીસ સુધારા, રોડ સેફટી ઓથોરિટી, ખાનગી યુનિ. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા વિધેયક, સ્ટેમ્પ સુધારા વિધેયક, વિનિયોગ વિધેયક વગેરેનો સમાવેશ થાય છે.

પોલીસ સુધારા વિધેયકમાં રેસ્ટોરન્ટ અને નાસ્તા હાઉસને લાયસન્સ મેળવવાની જે જટિલ પ્રક્રિયા હતી. તેમાંથી મુક્તિ આપવાનું વિધેયક છે. જ્યારે રાજ્યપાલ દ્વારા જે મહત્વનું બીલ રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલી આપવામાં આવ્યું છે. તેમાં એસ.સી. એસ.ટી. અને ઓબીસીને લગતા કાસ્ટ સર્ટીફિકેટ આપવામાં આવે છે. તેના દુરુપયોગ બદલ સજા અને દંડ કરાય છે, જેમાં ખોટા સર્ટીફિકેટ બદલ છ મહિનાથી ત્રણ વર્ષ સુધીની જેલની સજા અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની પણ જોગવાઈ કરવામાં આવી છે.

વિધાનસભામાં માત્ર લોકહિતના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવામાં આવે તો ઘણા બધા પ્રશ્નોની ફાઈલો જે સરકારી ટેબલો પર અટવાઈ છે તેનો અંત લાવી શકાય. રાજ્યમાં જમીન-પ્લોટ મેળવવા સરકારી કચેરીઓમાં ધરમધક્કા થઈ પડે છે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા ગૃહમાં વિશેષ ચર્ચા હાથ ધરવી જોઈએ. જમીન કે ઘરથાળનો પ્લોટ ન મળતાં લાભાર્થી આત્મ વિલોપનની ચીમકી આપે છે ત્યારે તંત્રની દોડધામ શરૂ થઈ જાય છે. આ બાબતે રાજ્યપાલે દરમ્યાનગીરી કરવી જોઈએ. લોકહિતને લગતા કેટલા વિધેયકો અટવાયેલા પડયા છે તે બાબતની સમીક્ષા ક્યારેય થતી નથી. અને જો થાય તો તે તમામ મુદ્દા બાબતે ચર્ચાઓ જ થાય છે અને તેનો અંત કદાપી આવતો નથી.

બીજી તરફ સુપ્રિમ કોર્ટમાં એસ.સી.- એસ.ટી. એ ક્ટને લઈને જે ચૂકાદો અપાયો છે. તે મુદ્દે દલિત સંગઠનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. તેને લઈને દલિત સંગઠનો દ્વારા અમદાવાદ સહિત રાજ્યભરમાં મોટાપાયે રેલીઓ કાઢવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે. તેનાથી રાજ્યમાં ગંભીર અસર પડી શકે તેમ છે, તેમજ એટ્રોસિટીના કાયદાને ભાજપ સરકાર ખતમ કરવા માગતી હોવાથી સમગ્ર દલિત સમાજ ચિંતાતુર છે.

એટ્રોસિટીના કાયદાને ભાજપ સરકાર વટહુકમ બહાર પાડીને બચાવવા માગે છે. જે બાબતે રાજકીય પક્ષોએ દલિત સંગઠનોએ એક મંચ ઉપર આવીને તેની વિધિવત ચર્ચા હાથ ધરવી જોઈએ, જો કે રાજ્યપાલે આ બાબતે યોગ્ય કરવું જોઈએ.

## એફબીબી કલર્સ ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૮ માટે ત્રણ પ્રતિયોગીઓની પસંદગી



દેશના સૌથી રોમાચંક, અને વિશ્વસનીય સોન્દર્ય પ્રતિયોગીતા એફબીબી કલર્સ ફેમિના મિસ ઇન્ડિયા ૨૦૧૮ માટે એફબીબી , બિગબજાર , એક્રોપોલિસ મોલ અમદાવાદ ખાતે ગુજરાત રાજયના ઓડીશન્સ યોજાયેલ. ગુજરાતના ઓડીશનમાં જજ તરીકે અમરદીપ કૌર સયાને પ્રતિયોગીતાની પસંદગી કરી.

ગુજરાતમાંથી અનુષ્કા લુહાર , નેહલ ચુડાસમા અને હીના અચ્છારા ની પસંદગી કરવામાં આવી. ગુજરાતના આ પ્રતિયોગી ૧૩ મે એ આયોજીત પશ્ચિમી ક્ષેત્રીય મંડલ ક્રાઉનિંગ સમારોહમાં સામેલ થશે. પુનામાં યોજાનાર નોર્થ જોનલ ક્રાઉનીગ સમારોહમાં ૪ રાજયોમાથી પ્રત્યેક અને સૌથી યોગ્ય પ્રતિયોગી ગ્રાન્ડ ફિનાલેમાં પોતાના રાજયનુ પ્રતિનિધિત્વ કરશે. મિસ રાજસ્થાન, મિસ ઈન્ડિયા ગુજરાત, મિસ ઈનિડયા મહારાષ્ટ્ર અને મિસ ઈન્ડિયા ગોવા ના ખિતાબથી સન્માનીત થશે અને મુંબઈમાં જૂનમાં મિસ ઈનિડયાના ગ્રાન્ડ ફિનાલેના આયોજનમાં પોતાના રાજયનુ પ્રતિનિધિત્વ કરશે.

**આત્મચિંતન**

## પોતાનું મૂલ્યાંકન વાસ્તવિકતાથી વધારે ના કરવું જોઈએ

અહંકારનો આધાર જ એ છે કે આપણે મહત્ત્વપૂર્ણ માનીએ છીએ અને બીજાઓથી પોતાને વધારે મહત્ત્વપૂર્ણ સિદ્ધ કરવા માટે તેના અહંકારથી ટક્કર લેવા ઈચ્છીએ છીએ. મહત્વપૂર્ણ હોવું અલગ વાત છે અને સ્વયંને મહત્ત્વપૂર્ણ માનીને તેને સિદ્ધ કરવું એ બીજી વાત છે. મહત્ત્વપૂર્ણ સિદ્ધ કરવાનો પ્રયાસ જ એ વાતની સાબિતી છે કે આપણે પોતાનું મૂલ્યાંકન વાસ્તવિકતાથી વધારે કરીએ છીએ. વિચારવું જોઈએ કે સંસારમાં સૌથી મહત્ત્વપૂર્ણ જો કોઈ હોય તો તે છે. ઈશ્વર અને ઈશ્વરની એવી કોઈ ચેષ્ટા દેખાતી નથી જે પોતાને મહત્ત્વપૂર્ણ સિદ્ધ કરવા માટે કરતો હોય છે. સંસારની સર્વોપરિ મહત્ત્વપૂર્ણ સત્તા પોતાની જાતને મહત્ત્વપૂર્ણ સાબિત કરવા માગતી નથી તો પછી શું કારણ છે કે આપણા જેવા અરબો વ્યક્તિઓ હોવા છતાં આપણે પોતાની જાતને સૌથી મહત્ત્વપૂર્ણ માનીએ અને બીજાઓથી ટક્કર લેતા ફરીએ.

પોતાના અહંકારને ઓળખવાથી અને તેનો સ્વીકાર કરતાંની સાથે જ વસ્તુસ્થિતિને સમજી લેવા માત્રથી અહંકાર નષ્ટ થઈ જાય છે. માત્ર ને ઓળખવા અને સ્વીકાર કરી લેવાથી કામ નહિ થાય. પ્રકાશ છે અને અંધકાર નષ્ટ થઈ ગયો છે. આ જાણવા છતાં આંખો બંધ રાખવામાં આવે તો સ્થિતિમાં કોઈ ફરક નહિ પડે. જરૂરી એ છે કે આંખો ખોલવામાં આવે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ૨૦૧૯ પૂર્વે દેશને લોહીલૂહાણ કરવાનું ભયાનક કાવતરું...

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

**છ છ દાયકા દેશને લૂંટનારી કોંગ્રેસ, મહાદંભી બિન સાંપ્રદાયિકો અને પક્ષપાતી મિડિયાનું 'ત્રેખડ' રચાયું છે; તેઓનું એક માત્ર લક્ષ્ય છે: મોદીને પાડી દેવાનું...**

ગુજરાતની ચૂંટણીઓમાં કોંગ્રેસે જાતીવાદને બહેકાવવામાં કોઈ કસર છોડી નહોતી. નર્યા જુઠ્ઠાણા ભરેલા પ્રચાર પછી પક્ષની સ્થિતિમાં સુધારો થયો એથી કોંગ્રેસ ભારે જોરમાં આવી ગઈ. પરિણામો બાદ સોશિયલ મિડિયા પરની મારી એક પોસ્ટમાં મેં લખ્યું હતું કે, હવે છેક લોકસભાની ચૂંટણીઓ સુધી દેશને જાતીવાદ, કોમવાદ વગેરે મુદ્દે સળગતો રાખવામાં આવશે. આગમાં પેટ્રોલ છાંટતા રહેવાની સંખ્યાબંધ અવનવી ઘટનાઓ છાશવારે બનતી રહેશે. કમભાગ્યે, આ વાત સાચી પડતી હોવાનું દેખાય છે. પેટાચૂંટણીઓના પરિણામો પછી કોંગ્રેસ અને તેના નેતાઓ સાતમા આસમાનમાં ઊડે છે. ૨૦૧૯માં ફરી એકવાર ભાજપ પાસેથી સત્તા ખૂંચવી લેવાના સપનાંમાં તેઓ રાચી રહ્યા છે. પરંતુ, કોઈપણ ભોગે સત્તા કબજે કરવાની લ્હાયમાં આજે કોંગ્રેસ આખા દેશને અરાજકતામાં ધકેલવાની કોશિશ કરી રહી છે.

આજે આપણે જોઈ રહ્યા છીએ કે, જેમ જેમ ૨૦૧૯ની ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ તેમ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો, હળાહળ દંભી અને જુઠાડા 'બિન-સામ્પ્રદાયિકો' તેમજ પ્રજાને હંમેશા ગેરમાર્ગે દોરવામાં માહિર મોટાભાગના ટીવી, ઈન્ટરનેટ મિડિયા આજે નિર્વસ્ત્ર બનીને નાચી રહ્યા છે. તેઓનો એક જ ધંધો છે: દેશને સતત સળગતો રાખવો, તેમાં પોતાના રાજકીય રોટલા શેકવા અને પ્રજાની આંખે પાટા બાંધવા અને સત્તા હડપ કરવા માટે કોઈપણ હદે નીચે ઉતરવું. કોંગ્રેસ અને તેના મળતિયા પક્ષો, દંભખોર બિન-સામ્પ્રદાયિકો તેમજ પક્ષપાતી મિડિયાનું આપણા દેશમાં ત્રેખડ રચાયું છે.

આ ત્રેખડે દેશને બાન પકડ્યો છે. દેશના તમામ પ્રશ્નો માત્ર મોદી અને ભાજપની દેન હોય એવી કાગારોળ મચાવી દેવામાં આવી છે. 'હિંદુ' શબ્દને ફરી એકવાર નીચામાં નીચો દેખાડવાની તમામ કોશિશો થઈ રહી છે. આ એક અતિ વ્યવસ્થિત, સમજપૂર્વકનું કાવતરું છે. દંભ, જુઠાણાં, ઈર્ષ્યા, અદેખાઈ, પક્ષપાત અને ભ્રષ્ટ માનસિકતાના પાયા પર રચાયેલું જબરદસ્ત, વ્યવસ્થિત કાવતરું છે. સત્તા પર માત્ર કોંગ્રેસ જ હોઈ શકે એવી દુષ્ટ માનસિકતાનું આ અત્યંત વરવું, બિહામણું પ્રતિબિંબ છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિથી લઈ આજ સુધી કોંગ્રેસે આ દેશને લૂંટ્યો જ હોવાના આક્ષેપોમાં દમ છે. ભ્રષ્ટાચારને છૂટ્ટો દોર આપીને કોંગ્રેસ તેમજ નહેરુ-ગાંધી પરિવારે દેશ આખાને ખરીદી શકે એટલી બેસુમાર સંપતિ એકત્ર કર્યાના આરોપો તદ્દન તથ્યવિહોણાં નથી. દેશમાં મોદી અને ભાજપના અભૂતપૂર્વ ઉદયથી કોંગ્રેસનો ગરાસ લૂંટાઈ ગયો છે. સત્તા વિના ટળવળી રહેલી કોંગ્રેસે દેશને સળગાવવા માટે નાણાના કોથળા ખૂલ્લા મૂકી દીધાં છે. હિન્દુ હક્કની વાજબી વાત કરનારાઓને પણ વીણી વીણીને બદનામ કરવાની તમામ પેરવી થઈ રહી છે. દેશ ઉપર છ છ દાયકા સુધી શાસન કરનાર કોંગ્રેસ આજે જાણે દૂધે ધોયેલી હોય તેમ વર્તી રહી છે. કોંગ્રેસના મળતિયા પક્ષો સીધા સ્વર્ગમાંથી ઉતરી આવ્યા હોય એમ મોદી અને ભાજપ પર માછલાં ધોઈ રહ્યા છે. તટસ્થતાનો અંચળો ઓઢીને ફરતા છાપાં, ટીવી અને ઈન્ટરનેટ મિડિયાવાળા શેરીના શ્વાનોને અળવીતરા છોકરાં ઉશ્કેરતા હોય તેવી ભૂમિકામાં છે.

અહીં વિચારવાનો મુદ્દો એ છે કે, કથુઆ અને ઉન્નાવની ઘટનાઓને બેહદ ચગાવી રહેલા આ લોકો ક્યારેય કાશ્મીરના પંડિતોની વાત કરતા નથી, કેરળ, આસામ અને પશ્ચિમ બંગાળની વાત કરતાં નથી. ઈન્દિરા ગાંધીની હત્યા પછી કોંગ્રેસ પ્રેરિત રમખાણોમાં સેંકડો શીખોને રહેંસી નાખવામાં આવ્યા તેની વાત કરતાં નથી. ત્યાં તેઓના હોઠ સીવાઈ જાય છે. મુસ્લિમ અત્યાચારનો ભોગ બનેલા હિન્દુઓની પીડા જોવા માટે કોંગ્રેસ, બિન-સામ્પ્રદાયિકો અને મિડિયા પાસે આંખ નથી; તેઓની યાતનાભરી કથની સાંભળવા માટે તેમની પાસે કાન નથી. તેઓની પરેશાની સમજવા માટે તેમની પાસે મગજ નથી. એટલું જ નહીં, માનવીય સંવેદના અનુભવવા માટે તેઓની પાસે હૃદય પણ નથી. તેઓની પાસે આ બધા જ અંગો છે પરંતુ, કોઈ દલિત કે કોઈ મુસ્લિમ મુશ્કેલીમાં મૂકાય ત્યારે જ સક્રિય થાય છે.

કોઈપણ ગુનો તેની ગંભીરતા મુજબ આકરામાં આકરી સજાને પાત્ર છે. પરંતુ, ગુનાની આડમાં વેર અને વૈમનસ્ય ભડકાવવા એ સૌથી મોટો ગુનો છે. આજના રાજકારણમાં કોઈ પણ પક્ષ કે કોઈપણ નેતા દૂધે ધોયેલા નથી. પરંતુ, આગળ ઉપર જણાવ્યા મુજબની 'ત્રેખડ' આ દેશને તોડવાની ભયાનક ભૂંડી ભૂમિકા ભજવી રહી છે. હૈદરાબાદ યુનિવર્સીટીના રોહિત વેમુલા નામના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી અને એ આખા કિસ્સામાં એ વિદ્યાર્થી દલિત હોવાની વાતે મહિનાઓ સુધી કાગારોળ મચાવવામાં આવી. અંતે, એ વિદ્યાર્થી દલિત નહોતો એવું પુરવાર થયું એટલે 'ત્રેખડ'ની નીચેથી ધરતી ખસકી ગઈ હતી. આમ છતાં, એ 'ત્રેખડ' અને ખાસ કરીને કોન્ગ્રેસના અત્યંત પ્રખર બુદ્ધિમાન પ્રમુખે એ વિદ્યાર્થી દલિત જ હતો એવો તંત પકડી રાખ્યો છે.

કેન્દ્રમાં ભાજપની મોદી સરકારને ચાર વરસ પૂરા થઈ ગયા છે. એ પહેલાં દેશમાં મોટેભાગે કોંગ્રેસ અથવા કોંગ્રેસ સમર્થિત સરકારોએ જ શાસન કર્યું છે. આ બધી સરકારોએ પેટભરીને દેશને લૂંટ્યો છે. બેહદ ભ્રષ્ટાચાર, લઘુમતી તુષ્ટિકરણ, જાતીવાદી રાજકારણ અને રાજ-કારણના અપરાધીકરણ દ્વારા તેઓએ દેશનું સત્યાનાશ કાઢવામાં કોઈ કસર છોડી નહોતી. મોદીના આવવાથી તેઓની દુકાનો બંધ થઈ ગઈ છે, તેઓની મનમાની બંધ થઈ ગઈ છે, તેઓના અસ્તિત્વ પર પ્રશ્નાર્થ લાગી ગયો છે. આ બધા હવાતિયાં સમજી શકાય એવા છે. તેઓને ફરીથી સત્તા કબજે કરવી છે; મોદી અને ભાજપને કોઈપણ ભોગે પાડી દેવા છે. અહીં ભાજપ કે મોદીના ગુણગાન ગાવાનો હરગીજ ઈરાદો નથી. પરંતુ, "અન્યનું તો એક વાંકુ, આપના અઢાર છે..." એ ઉક્તિ 'ત્રેખડ'ને યાદ કરાવવાનો અને પ્રજાને એ વિષે જાગૃત કરવાનો જ હેતુ છે.

આધાર કાર્ડના આગ્રહ પૂર્વકના અમલ, નોટબંધી અને જીએસટીના પગલે મોદી ઉપર માછલાં ધોવામાં 'ત્રેખડે' કશું બાકી રાખ્યું નહીં. એટલું ઓછું હોય તેમ દેશવાસીઓમાં જાતીવાદી અને કોમવાદી ઝેર પ્રસરાવવાના ભયાનક ખેલ ખેલ્યા અને હજુયે ખેલી રહ્યા છે. બીજીતરફ, વાસ્તવિકતા એ છે કે, મોદીના શાસનમાં નોટબંધી પછી આવકવેરો ભરનારાઓની સંખ્યા ૨૬ ટકા વધી છે. કોંગ્રેસની મનમોહનસિંહ સરકાર કરતાં આજે બમણાંથી વધુ લોકો આવકવેરાનું રીટર્ન ભરે છે. ગત નાણાંકીય વર્ષમાં સરકારના લક્ષ્યાંક કરતાં વધુ આવક સીધા કરવેરામાંથી થઈ છે. બીજી અનેક સિધ્ધિઓ અહીં દર્શાવી શકાય તેમ છે પરંતુ આ લેખનો હેતુ કોઈના ગુણગાન ગાવાનો નથી. મોદી સરકાર આવવાથી 'ત્રેખડ'ની દુકાનો બંધ થઈ ગઈ છે તેના આ બધા ઉધામા છે તે હકીકત દેશવાસીઓ અને ખાસ કરીને મતદાતાઓએ સમજી લેવાની જરૂર છે.

મોદી અને ભાજપ સરકારની ઘણી ભૂલો હશે તેની ના નહીં પરંતુ, કોંગ્રેસ જેવા અત્યંત હિન કક્ષાના પાપ ભાજપે કર્યા નથી. મોદીવિરોધમાં કોંગ્રેસ અને મળતિયા પક્ષો ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓ પૂર્વે જે ગઠબંધનની પેરવી કરી રહ્યા છે તે વાસ્તવમાં ગઠબંધન નહી પણ 'ઠગબંધન' છે. જો મોદીએ દેશ માટે કંઈ સારું કર્યું જ નથી તો આ બગભગતોએ એમનાથી ગભરાઈને ગઠબંધન રચવાની જરૂરત જ ક્યાં હતી? દેશને લૂંટનારા પીંઢારાઓ, દેશને અરાજકતા ભણી ધકેલવાના કાવતરાં આચરનારા સત્તાલોલુપ મહાસ્વાર્થી ઠગભગતોની આ મિલિભગત છે એટલું સહુકોઈએ યાદ રાખવું ઘટે છે. —અસ્તુ.

**મહેશ દોશી, (પૂર્વતંત્રી 'ફૂલછાબ')**
**m-doshi @ hotmail.com**

## &TVપર મેરી હાનિકારક બીવીમાં નીતા શેટ્ટી હૈદરાબાદી ગર્લની ભૂમિકા ભજવશે



&TVપર લોકપ્રિય ફિકશન ઓફર મેરી હાનિકારક બીવીએ નસબંધીના સંવેદનશીલ વિષયને સ્પર્શ કરીને તેના આરંભથી જ જૂની ઘરેડને તોડી નાખી છે. હવે અખિલેશ (કરણ સૂચક) અને ઈરા (જિયા શંકર)ને એકબીજા પ્રત્યેની લાગણીઓનો અહેસાસ થવાથી અને અખિલેશનો સાવકો ભાઈ આદિત્ય (લક્ષય ખુરાના) મનમાં ઉત્તમ ગણતરીના હેતુ સાથે સનાયા (દીપાલી શર્મા)ને પરણવા માટે તૈયારી કરી રહ્યો હોવાથી ડ્રામા વધુ રોમાંચક બનવાનો છે. જોકે નિર્માણકારો આ સર્વ વચ્ચે નવું પાત્ર ગુલકી લાવી રહ્યા છે, જે આ પરિવારમાં એકશનનો ક્રમ બદલી નાખશે.લોકપ્રિય અભિનેત્રી નીતા શેટ્ટીને ગુલકીનું પાત્ર જીવંત કરવા માટે લેવામાં આવી છે. હૈદરાબાદી ગર્લ ગુલકી મોજીલી અને બોલકણી છે, જે શોલે ફિલ્મમાં બસંતીના પ્રતીકાત્મક પાત્ર જેવી છે. બસંતી ગુજરાન માટે ટાંગો ચલાવતી હતી ત્યારે ગુલકી રસોઈ બનાવવાની શોખીન છે અને પોતાને માટે આવકનો સ્રોત ઊભો કરવા તેણે આ લગની બનાવી દીધી છે.ગુલકીના પ્રવેશ સાથે વારતામાં રસપ્રદ વળાંકો આવશે એવું લાગે છે. નીતાને આ માટે શુભેચ્છા! વધુ જાણકારી માટે જોતા રહો મેરી હાનિકારક બીવી, દર સોમવારથી શુક્રવારે રાત્રે ૧૦.૦૦, ફક્ત &TVપર.

## સેમકો સિક્યુરિટીઝ દ્વારા ભારતમાં ટ્રેડિંગ અને રોકાણ આસાન બનાવવા માટે સ્ટોકનોટ એપ રજૂ કરવામાં આવ્યું

અમદાવાદ

ભારતમાં અગ્રણી ડિસ્કાઉન્ટ-બ્રોકિંગ સ્ટાર્ટ-અપ સેમકો સિક્યુરિટીઝે સ્ટોકનોટ એપ રજુ કરી છે. આ અનોખી, નેવિગેટ કરવામાં આસાન કન્ટેન્ટ સ્ટ્રીમિંગ અને ટ્રેડિંગ મંચ ભારતભરના શેરો અને ક્ષેત્રો વિશે સમાચારો અને માહિતી એકત્રિત કરે છે અને પૂરી પાડે છે સ્ટોકનોટ પ્રોપ્રાઈટરી ગિગા ટ્રેડિંગ એન્જિન દ્વારા પાવર્ડ છે, જે શક્તિશાળી કોમ્પ્યુટિંગ અને એનલાઈટિકલ ટેકનોલોજીને જોડે છે. તે શેરબજારમાં મહત્ત્વપૂર્ણ વાસ્તવિકતાઓ, પ્રવાહો અને શૈલીઓને ઓળખે છે અને તેમને આસાન, ફિલ્ટર્ડ સ્ટોકનોટ ફીડ સ્ટોરીઝ તરીકે પ્રસ્તુત કરે છે.સ્ટોકનોટ ગ્રાહલક્ષી હોય અને ઉપભોક્તાઓના હિતમાં હોય તેવી કન્ટેન્ટ, વોચ લિસ્ટ અને પોર્ટફોલિયો નિર્માણ અને સંકલન કરે છે. એન્જિન નવાગંતુકો અને વ્યાવસાયિકો માટે પણ જટિલ નિર્ણય લેવાની પ્રક્રિયા આસાન બનાવે તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તેની અજોડતા ટ્રેડિંગ વિશિષ્ટતાઓમાં રહેલી છે, જે ઉપભોક્તાઓને માહિતીનો ઉપભોગ કરવા સાથે એક સ્પર્શમાં ટ્રેડ કરવાનો પણ મોકો આપે છે. ગિગા ટ્રેડિંગ એન્જિન સામાન્ય રીતે ફક્ત મશીનની મધ્યસ્થી જ શક્ય હોય તેવી વાસ્તવિકતાઓ, પ્રવાહો, ઘટનાઓ અને તકો ઓળખવામાં બજારના બ્રહ્માંડને સતત સ્કેન કરે છે. ઉપરાંત ઉપભોક્તાઓને દરેક પગલે અસલ સમયની સહાયનો પણ લાભ મળે છે.સ્ટોકનોટ અનુકૂળ ઈન્ટરફેસ ઓફર કરે છે, જે બજારમાં લાખ્ખો ડેટાના નંગોનું વિશ્લેષણ કરે છે અને સોશિયલ મિડિયા મંચોની સમકક્ષ જ સ્ક્રોલિંગ ફીડ તરીકે તેને પ્રસ્તુત કરે છે. આ ચેટ- લાઈટ નોટિફિકેશન્સ તમને આરંભથી સ્ટોક અપડેટ્સથી સમસ્યાના ઉકેલ સુધી પગલે પગલે પ્રક્રિયા થકી લઈ જાય છે.

## એમએમપી ઈન્ડસ્ટ્રીઝ લિ. રૂ. ૧૯૦ના ભાવે લિસ્ટ થઈ, ઈશ્યૂ પ્રાઈઝની તુલનામાં ૬ ટકા ઉપર રૂ. ૧૯૯.૫૦ના ભાવે બંધ આવ્યો

મુંબઇ

એમએમપી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ ઉપર રૂ. ૧૯૦ના ભાવે લિસ્ટ થઇ હતી તથા શેરદીઠ રૂ. ૧૮૮ના ઈશ્યૂ ભાવની સરખામણીમાં ૬ ટકા ઉપર રૂ. ૧૯૯.૫ની અપર સર્કિટ સાથે બંધ આવ્યો હતો.એમએમપી ઈન્ડસ્ટ્રીઝના લીડ મેનેજર ગિનિસ કોર્પોરેટ એડવાઇઝર્સ છે તથા ભાટીયા કમ્યુનિકેશન્સ, ઓરિસ્સા બેંગાલ કેરિયર્સ અને ટેલરમેડ રિન્યુએબલ્સ જેવા તેના અન્ય એસએમઇ આઈપીઓ છેલ્લાં બે મહિનામાં ઓફર પ્રાઇઝ કરતાં ઉંચા સ્તરે લિસ્ટ થયાં છે અને રોકાણકારોને સારું વળતર પૂરું પાડ્યું છે.

ઉલ્લેખનીય છે કે એમએમપી આઇપીઓનો એન્કર હિસ્સો ૧.૨૫ ગણો છલકાયો હતો. ઓલ્ડ બ્રિજના વાન્ટેજ ઈક્વિટી ફંડ અને મોરેશિયસ સ્થિત રિઝોનર કેપિટલ લિમિટેડે ઈશ્યૂના એન્કર હિસ્સા માટે સબસ્ક્રાઈબ કર્યું હતું. આ ઉપરાંત ઓલ્ડ બ્રિજે લિસ્ટિંગના દિવસે ઓપન માર્કેટમાંથી ખરીદી કરીને પોતાનો હિસ્સો વધાર્યો હતો.છેલ્લાં ત્રણ દાયકાની કામગીરીમાં કંપની એલ્યુમિનિયમ પાઉડર અને એલ્યુમિનિયમ પ્લેટ્સના ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રણી તરીકે ઉભરી આવી છે. કંપની નાગપુરમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવે છે, જે મહત્વપૂર્ણ ઔદ્યોગિક એકમોની નજીક આવેલું છે. ઈશ્યૂનો મુખ્ય ઉદ્દેશ્ય એટોમાઈઝ્ડ એલ્યુમિનિયમ પાઉડર, પ્યોરો અને ફ્લેક એલ્યુમિનિયમ પાઉડર તથા એલ્યુમિનિયમ ફોઈલના ઉત્પાદન માટે નવા એકમની સ્થાપના માટે જરૂરી ભંડોળ એકત્ર કરવા તેમજ લોનની પુનઃચૂકવણી અને સામાન્ય કોર્પોરેટ ખર્ચને પૂર્ણ કરવાનો હતો.

## અક્ષય તૃથિયા એ શુદ્ધ પ્લેટીનમની ખરીદી કરો



અક્ષય તૃથિયા ની ઉજવણી આ વર્ષે શુદ્ધ અને સફેદ ધાતુ પ્લેટીનમ સાથે કરો. આ દિવસે શુદ્ધ સફેદ વસ્તુનુ ખાસ મહત્વ હોય છે , કે જે શુદતાનુ પ્રતિક છે. અક્ષયનો સંસ્કૃત અર્થ છે કે જે ક્યારેય નાશવંત નથી અને આ શુભ દિવસે સફેદ ફુલોથી ભગવાનની પુજા થાય છે.

પ્લેટીનમ કુદરતી સફેદ ધાતુ છે જે જવેલરીમાં ૯૫% શુદ્ધ છે. કુદરતી સફેદ કલર પ્લેટીમનની શુદ્ધતા એ સમુદ્ધિ , પાવર અને શકિતની નીશાની છે. આ વર્ષે અક્ષય તૃથિયા ૧૮ એપ્રિલ ૨૦૧૮ ના રોજ આવે છે. યોગાનુયોગ શુકલ પક્ષમાં પુજામાં સફેદ કલરનુ ખાસ મહતવ છે. સ્વરછ સફેદ વસ્ત્રો સફેદ ફુલો થી ઘરે ભગવાનની પુજા સંપુર્ણતા છે. પ્રિયજનો અને સ્નેહીજનોને પ્લેટીનમની જ્વેલરી ભેટ આપવા માટે આ દિવસ બિલકુલ યોગ્ય છે કેમ કે તે હકારાત્મક ઉર્જા અને સમૃદ્ધિ લાવે છે તેમ જાણીતા જયોતીષી પંડીત નારાયણ કલીયુર જણાવે છે. તો , આ પ્રસંગની ઉજવણી કરો મુલ્યવાન પ્લેટીનમ સાથે અને તમારા જીવનમાં સમૃદ્ધિ આવવા દો.

## તનિશ્કનું વચન - ગ્રાહકો માટે ભરોસાપાત્ર અને ઉત્કૃષ્ટ ડિઝાઈન ધરાવતી સર્વશ્રેષ્ઠ બ્રાન્ડ

ટાટાનાં ૧૩૫ વર્ષ અને તનિષ્કનાં ૨૦ વર્ષ – ફક્ત બે દાયકામાં ૧૫૭ શહેરોમાં ૨૫૦ સ્ટોર ખોલવાની અને ૫ મિલિયન ગ્રાહકો મેળવવાની અભૂતપૂર્વ સફળતા ૧. સંપૂર્ણ શુદ્ધતાની ખાતરી – તનિષ્કનાં દરેક સ્ટોરમાં અત્યાધુનિક કેરેટમીટર સોનાની શુદ્ધતાનું માપ સચોટ રીતે કરે છે. આ રીતે અમે સુનિશ્ચિત કરીએ છીએ કે તમે જે સોનું ખરીદીને ઘરે લઈ જાવ છો એ તેમાં મળી શકે એટલી શુદ્ધતા ધરાવે છે. એટલું જ નહી અમારાં ઘડામણનાં ચાર્જીસ ફક્ત ૮ ટકાથી શરૂ થાય છે અને અમારી પ્રાદેશિક ડિઝાઈનો ફક્ત ૫ ગ્રામથી શરૂ થાય છે, જેથી ખાતરી મળે છે કે તમે જ્વેલરીની ખરીદી કરવા ઈચ્છો ત્યારે તમને તનિષ્કનાં ભરોસાપાત્ર પીસમાંથી પસંદગી કરી શકો છો. ૨. સૌથી વધુ ચમકદાર ડાયમન્ડ – અમને ખબર છે કે તમારાં માટે ડાયમન્ડનું મહત્ત્વ શું છે એટલે કે અમારી પાસેથી તમે જે ડાયમન્ડ ખરીદો એ સંપૂર્ણપણે કુદરતી હોય, પ્રયોગશાળામાં બનાવવામાં આવેલો કૃત્રિમ ન હોય એની ખાતરી કરવા ઘણી કાળજી રાખવામાં આવે છે. ઉપરાંત અમે અમારાં ડાયમન્ડની કાળજી સાથે પસંદગી કરીએ છીએ, જેથી તમને રૂ. ૧૦,૦૦૦ની કિંમતથી શરૂ થયેલ અતિ ચમકદાર ડાયમન્ડ જ મળે. ૩. તમારાં જૂનાં સોનાં સામે શ્રેષ્ઠ મૂલ્ય – અમારાં દરેક શોરૂમમાં જૂનાં સોનાને તમારી સામે ઓગાળવામાં આવે છે અને તેનું વજન કરવામાં આવે છે, જે તમને સોનાં પર ૧૦૦ ટકા એક્સચેન્જ મૂલ્યની ગેરેન્ટી મળે છે. જ્યારે તમે ડાયમન્ડ, પોલ્કી, રુબી કે ઈમરાલ્ડ એક્સચેન્જ કરો છો, ત્યારે તનિષ્ક ૧૦૦ ટકા મૂલ્ય (પ્રવર્તમાન દરે) પણ ઓફર કરે છે. તમે ગમે ત્યાં રહેતાં હોય પણ તનિષ્કનો સ્ટોર તમારી નજીક હોય છે. આજે જ તેની મુલાકાત લો અને અક્ષય તૃતિયા માટે કોઈ પણ પ્રકારની જ્વેલરી ખરીદો તથા અમે રોજિંદા જીવનમાં જે ખાતરીઓ આપીએ છીએ તેનો અનુભવ મેળવો.

**લઘુકથા**

# ગૌરીમા

મોડી રાત સુધી ચર્ચા-વિચારણા ચાલી. આખરે ચિઠ્ઠીઓ નંખાઈ અને બકોરભાઈને મોટા દિકરા સાથે અને ગૌરીમાને નાના દિકરા સાથે રહેવાનું નક્કી થયું. બીજે દિવસે બપોર પછી ગૌરીમાએ પ્રસ્થાન કરવાનું હતું.લગભગ વિદાય થવાના ટાણે બકોરભાઈ અને ગૌરીમા મેડી પર એકાન્તે મળ્યાં. ગૌરીમા પંદરમાં વરસે પરણીને આ ઘરમાં આવ્યા ત્યારે આ મેડી પર વડીલોની નજર ચુકાવીને પતિને મળતાં હતાં. અત્યારે પુત્ર અને તેના પરિવારની નજર ચુકાવીને મેડી પર પતિ-પત્ની મળી રહ્યાં હતા.

ગૌરીમાએ વાતનો આરંભ કર્યો : 'કાલે દિકરા અને વહુઓએ જે ગોઠવ્યું તે ગમ્યું ?''ગમવા ન ગામવાનું તો ઠીક છે, ચુનીલાલની બા પણ દિકરાઓને જે ગમ્યું તે આપણે ગમાડી લેવાનું આપણને ઘરડા-ઘરમાં નથી મોકલ્યાં એટલો ઈશ્વરનો પા'ડ માનો.'

'ઘરડાં-ઘરમાં મોકલ્યાં હોત તો સારૂ, સાવ નોધારાં તો ન ન થાત ને.' 'નોંધારા શી રીતે ?'

'તમે હજુ એવા ને એવા ભોળિયા રહ્યા. નોધારાં થયાં કે નહિ એ તો વેઠશો ત્યારે ખબર પડશે. કાલ રાતથી મને તમારી ચિંતા થવા માંડી છે. તમે આજ સુધી કશી ફરિયાદ કરી નથી. ખાધુ ન ખાધું, ભાવ્યું ન ભાવ્યું, છણકો-છાકોટો બધું ગળે ઉતારતા રહ્યા. એમ કહો કે હું ખબરદાર હતી એટલે વખત આવ્યે વહુ અને છોકરાંને ઠમઠોરતી પણ હવે એમ થાય છે કે તમારી શી સ્થિતિ થશે ?'

'વખત વખતની હવા છે, ચુનીલાલની બા. જે થયું એનો કશો હરખશોક ન હોય.'

કેટલીક પળો મૌનના ભાર હેઠળ પસાર થઈ.

ગૌરીમા બોલ્યાં : 'હું તો જઈશ. પણ તમે સાવ નોધારાં ન થઈ જતા.'

'અત્યાર સુધી તો તમારો આધાર હતો, ચુનીલાલની બા. હવે કહો, કોનો આધાર લઉં ?'

'આધાર પંડ્યનો..આજ સુધી મોઢું સીવેલું રાખીને રહ્યા છો, હવે મોઢું ઉઘાડજો અને થોડો ખોખારો ખાવનું રાખજો. જોઈતું કરતું અચકાયા વગર માગી લેજો. તમારો શરદીનો કોઠો છે. હેડતાં ચાલતાં તમને શરદી થઈ જાય છે. તમને શરદી થાય. ત્યારે હું જ તમારા માટે સૂંઠ-મરીનો ઉકાળો કરી દેતી. સૂંઠ ઘસીને કપાળ અને લમણા ઉપર ભરતી. આવું કંઈ થાય તો અચકાયા વગર વહુને કહેજો. ઉધરસ થાય તો વાડામાં અરડુસી છે. છોકરાંને કહેજો, પાંદડાં તોડી લાવશે અને વહુ ઉકાળો કરી આપશે. તમે નહીં કહો તો કોઈ કંઈ કરી આપવાનું નથી..'

આંગણાંમાં રિક્ષાનો ધમકારો સંભળાયો.

મોટી વહુએ સાદ કર્યો : 'રિક્ષા આવી ગઈ છે, મા હેંડો ઝટ.'

બકોરભાઈ બોલ્યા : 'જાઓ.' પછી ઉમેર્યું : 'હવે તો નસીબમાં લખ્યું હશે તો..' કંઠમાં ખખરી વાગી અને બકોરભાઈ આગળ ન બોલી શક્યા.

'ઓછું શું કરવા લાવો છો, ચુનીલાલના બાપા..' આટલું કહેતાં ગૌરીમા ગળગળાં થઈ ગયાં.

બકોરભાઈ કશું બોલે એ પહેલાં મોટી વહુનો અધીરાઈ ભર્યો અવાજ આવ્યો : 'કેટલી વાર મા ? રિક્ષા ખોટી થાય છે.'

ગૌરીમાએ ચાલવા માંડ્યું.

બકોરભાઈ તો કહેવા માગતા હતા, 'સિધાવો.. હાલ તો જીવ્યા મર્યાના જુહાર..' પણ ગૌરીમાનું મન દુભાશે એમ સમજી એ કંઈ બોલ્યા નહીં અને બોલી પણ ક્યાં શકે એમ હતા ? કંઠની ખખરી હજુ ક્યાં શમી હતી ?

**મોહનલાલ પટેલ**

# ભારત વિકાસ પરિષદ ડીસા શાખા દ્વારા "સમરસતા સંગમ અને શ્રમ સેવા સન્માન" સમારંભ યોજાયો



ભરત સુંદેશા

ડીસા

સ્વચ્છતા રાખવી એ આપણી સર્વે નાગરિકોની રાષ્ટ્રીય ફરજ છે. વર્ષોથી ડીસા નગરને સ્વચ્છ રાખવા માટે રાત દિવસ પોતાનો પરસેવો રેડીને કાર્ય કરતા નગરના આરોગ્ય રક્ષક, કર્મયોગી લગભગ ત્રણસો ત્રીસથી પણ વધારે કામદારોનો ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિના દિવસે જાહેરમાં સન્માનવાનો કાર્યક્રમ ડીસાની આદર્શ શાળા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં દરેકને સન્માનપત્ર સાથે ગિફ્ટ અને આવેલા મહેમાનો સાથે સમૂહમાં ભોજન પણ લીધુ હતું.

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય, વંદેમાતરમ્ સાથે ભા.વિ.પ. ડીસા શાખાના પ્રમુખ પારસભાઈ ત્રિવેદીના આવકાર પ્રવચન સાથે કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન એચ. કે. વાઘેલા (ડી.વાય.એસ.પી. ડીસા) દ્વારા પ્રસંગોપાત ઉદ્દબોધન કરી કર્મયોગી કામદારોના કાર્યને બિરદાવામાં આવ્યું હતું. તેમજ ગિફ્ટના દાતા ડો.જીત મનોજભાઈ અમીનસા ના આવા ઉમદા કાર્યમાં સહયોગ આપવા બદલ અભિનંદન આપ્યા હતા. મુખ્ય વક્તા યશવંતભાઈ ચૌધરી (રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પ્રાંત કાર્યવાહ, ગુજરાત) દ્વારા આજના સાંપ્રત સમસ્યાઓ (ત્રાસવાદ, જાતિવાદ) ને જાકારો આપી સૌ એક બનીને રહીએ અને રાષ્ટ્રને અખંડિત રાખીએ તે વિશે પ્રવચન આપ્યુ હતું.

પરમ પૂજ્ય વંદનીય યતિશ્રી વિજયસોમજી મહારાજ સા. (મગરવાડા, મણીચદ્ર વીર મંદિર) દ્વારા સૌ ઉપસ્થિત કર્મયોગી કામદારો સાથે આવેલા ડીસાના અગ્રણીય નગરજનોને આશિર્વચન આપી આ કાર્યને બિરદાવ્યું હતું.

કાર્યક્રમના અંતે ભા.વિ.પ. ના મંત્રી જયેશ આર.દેસાઈ દ્વારા તમામ કર્મચારી કામદારો તથા નગરના અગ્રણીય નગરજનો અને મહેમાનોનો આભાર માનવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના માર્ગદર્શક ડો.અજયભાઈ જોષી તથા સફળ સંચાલન અને સંકલન રાજેશ ભાઈ ત્રિવેદી, પરેશભાઈ જીવરાણી, હરેશભાઈ ઠક્કર અને નીરવભાઈ ચાંપાનેરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# વડાવલ પરા પ્રાથમિક શાળામાં ડૉ આંબેડકર ની જન્મ જયંતીની ઉજવણી


નરસિંહ દેસાઈ

વડાવલ

૧૪મી એપ્રિલ એટલે ડો.આંબેડકરની જન્મ જયંતી વિવિધ શાળા-કોલેજોમાં પણ ઉજવણી થઈ હતી ત્યારે ડીસા તાલુકાના વડાવળ ગામના પરા પ્રાથમિક શાળામાં પણ ડો.આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવતા શાળાના બાળકો દ્વારા ડો. આંબેડકર નાફોટા પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી ત્યારે શાળાના આચાર્ય ભરતભાઇ દેસાઇ ડો.આંબેડકર ની સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી જ્યારે શિક્ષક નિલેષભાઈ પટેલ અને સોનલબેન મોદીએ પણ બાળકોને આજના દિવસની પ્રેરણા પૂરી પાડી હતી.

# દીઓદર પ્રા.શાળા નં.૩નું ગૌરવ

તાલુકા પ્રતિનીધી દીઓદર

તાજેતરમાં લેવાયેલી ધો-૮ની શિષ્યવૃતિની પરીક્ષામાં દિયોદર પ્રા.શાળા નં.૩ ની બે બાળાઓ પસંદગી પામતા દીઓદર પ્રા.શાળાનું અને દીઓદરનું ગૌરવ વધારેલ છે.ધોરણ-૮માં અભ્યાસ કરતી પ્રજાપતિ કિંજલબેન રાજેન્દ્રભાઈ અને પટેલ ગિષ્માબેન ચંદ્રકાન્તભાઈની શિષ્યવૃતિ પરીક્ષામાં મેરીટમાં આવતા પસંદગી થયેલ છે.જે બદલ શાળાના ઉ.શિ.એ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ. ત્યારબાદ શાળા પરિવારે અને આચાર્ય શ્રી મુકેશભાઈ ત્રિવેદીએ આ બંન્ને બાળાઓને અભિનંદન પાઠવેલ.

# વ્યસનરૂપી કાળા નાગે માતા-પિતાને ભરખી લીધા તો,દિકરાએ લાખો માતા-પિતાને વ્યસનમાંથી બચાવ્યા



ડીસા

દૂનીયામાં ૮૦ ટકા લોકો વ્યસનના રવાડે ચઢી ગયા છે. દારૂ,તમાકુ,ડ્રગ્સ, જેવા વ્યસન પી ભયાનક કેન્સર થાય છે. તેવું જાણવા છતાં દર વર્ષે કરોડો લોકો આ વ્યસનના કુમાર્ગે ચાલતા થાય છે. અને કમનસીબે મળે છે દર્દનાક પીડાદાયક મોત. આવા દર વર્ષે લગભગ દોઢ કરોડ લોકોના મૃત્યુ દુનિયામાં વ્યસનના કારણે થાય છે. નાના બાળકથી માંડીને ઘરડાં લોકો આ વ્યસન અને ફેશનના રવાડે ચઢી ગયા છે. હજારો કરોડોનો બીઝનેશ છે આ વ્યસનનો કારોબાર. આ વ્યસનરૂપી કાળા નાગેકરોડોના જીવ લીધા છે. અને કરોડોને ભરખતો રહેશે. યુવાનોને જાગૃત થવાની જરૂર છે.આ તમાકુરૂપી કાળા નાગે એક એવા યુવાનના માતા-પિતાને ભરખી લીધા. આ યુવાન અમેરીકામાં છેલ્લા ૧૦ વર્ષથી સુખ-સાહેબીમાં જીવન જીવતો હતો. બધુ છોડી હવે લાખો માતા-પિતાને બચાવવા માટે પોતાનું સર્વસ્વ કુર્બાન કરી નાખ્યું છે. કોણ છે આ યુવાન અને તેમની પત્ની શું કરી રહ્યા છે ગુજરાતમાં? આવો આજે તેમની જીવન કહાની વાંચવી છે.અત્યારે આવા ધોર કળિકાળમાં આજે આપણે એવા યુવકની વાત કરવા જઈ રહ્યા છીએ કે જેમણે પોતાના મા-બાપની સેવા, તેમની ઈચ્છા પુરી કરવા માટે અમેરિકાને ઠોકર મારી કાયમ માટે સ્વદેશ પાછા આવી ગયા હોય. એટલું જ નહી પરંતુ મા-બાપની સેવા માટે પોતાના જીવનની તમામ ખુશીઓ, પોતાના તમામ સપના, સુખ ન્યોછાવર કરી દીધા હોય. આ વાત છે ગાંધીનગરમાં રહેતા આશિષભાઇ જસવંતલાલ સોની ની. આજથી વર્ષો પહેલા ગાંધીનગર હોસ્પીટલથી અમેરીકામાં રહેતાં આશિષભાઇ પર ફોન આવ્યો કે તમારા પપ્પા ને તમાકુ ના લીધે કેન્સર થતુ જાય છે અને મમ્મી ને હાર્ટએટેકના લીધે પેરાલીસીસ થયો છે. જો તેમને બચાવવા હોય તો વિચાર કરી લેજો. " આશિષભાઇ કોઇ સામાન્ય યુવક નથી.,તેમણે વિશ્વની અગિયાર જેટલી ડીગ્રીઓ લીધી છે. અમેરીકામાં ખુબ અભ્યાસ કર્યો છે, લાખો રૂપિયાની મહીને આવક હતી. ગાડી, મકાન બધું જ સુખ ભોગવતા હતા. પરંતુ જેના માટે મા-બાપ એજ ભગવાન હોય તેની આગળ આ બધું સુખ તુચ્છ જ લાગે. તરત જ તેમણે આ બધુ વેચી દઇ ભારત પાછા ફર્યા. માતા-પિતાની આંખમાં હર્ષના આંસુ હતા.માતા-પિતાની સેવા પાછળ અમેરીકાની તમામ બચત વાપરી નાંખી, પરંતુ પિતાને બચાવી ન શક્યા. અંતિમ શ્વાસે પિતાએ કહ્યું "બેટા ! હું તો આ વ્યસનને લીધે તમને બધાને છોડીને જઇ રહ્યો છું, પરંતુ મારા જેવા લાખો લોકો આ વ્યસનમાં ફસાયા છે તો શુ તુ તેમને બચાવીશ? "આશિષભાઇએ પત્ની સામુ જોઇ મરજી જાણી વચન આપ્યું " અમે જીવનભર વ્યસનમુક્તિ અભિયાન ચલાવીશું, લાખો બાળકો અનાથ થતા બચાવવા , સેવામાં ૧૦૦% સહભાગી થવા માટે પોતાના બાળકો કદીય નહી કરીએ". આવી કઠોર ભીષ્મ પ્રતીજ્ઞા લીધી. ધન્ય છે આ પતિ-પત્ની ને બસ ત્યારથી આજ સુધી ગામો-ગામ, શહરોમાં હજારો વ્યસનમુક્તિ પ્રદર્શન દ્વારા, કેમ્પ દ્વારા લાખો લોકોને વ્યસનથી છોડાવી નવું જીવન આપતા ગયા છે. અત્યાર સુધીમાં લગભગ ૧૪૭ જેટલી કોલેજ અને યુનીર્વસીટીઓમાં જઇને સેમિનાર દ્વારા લાખો વિધાર્થીઓને જીવનભર વ?યસન નહીં કરવાની પ્રતિજ્ઞા લેવડાવી છે. લગભગ ૧૫૦ જેટલી નાની-મોટી કંપનીઓ જેવી કે INTAS PHARMA, LUBI, TATA, Reliance જેવી કંપનીઓના ૮૦,૦૦૦ થી વધુ કામદારોના સેમીનાર દ્વારા વ્યસન મુકાવ્યા છે. આખા ભારતમાં સૌથી વધારે વ્યસન છોડાવવા માટે નો એવોર્ડ ભૂતપુર્વ મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા આપવામાં આવ્યો છે. સવારના ૬-૦૦ થી રાત્રિના ૧૧-૦૦ વાગ્યા સુધી સતત સેવા યજ્ઞ ચાલુ જ છે. ધન્ય છે ભારતની ભૂમિને કે જ્યાં આશિષભાઇ અને તેમના ધર્મપતનિ ગોપીબેન જેવા રત્નો પાક્યા છે. ટૂંકજ સમયમાં તે ભારતનું સૌથી મોટું ત્રણ માળનું વ્યસનમુક્તિ પ્રદર્શન કેન્દ્ર ગાંધીનગરમાં ખોલવા જઇ રહ્યા છે. જ્યાં લાખો વિદ્યાર્થીઓ અને યુવાનો આવી પોતાનુ નવું જીવન બનાવશે. તેમનો સંકલ્પ તો દરેક શહેરમાં ખોલવાનો છે. આવો આપણે બધાં તેમને સાથ સહકાર આપીએ. અમો પણ આ અભિયાનનાં અવાર-નવાર લેખ દ્વારા સમાચાર તમોને આપતાં રહીશું. વ્યસનમુક્તિ અભિયાન ઝુંબેશમાં સાથ આપવા માટે vyasanmukt gujarat @ gmail. com પર ઈમેલ કરી શકો છો. આવો આમના જીવનમાંથી પ્રેરણા લઇ આપણે પણ નિર્વ્યસની જીવન બનાવીએ અને બીજાનું બનાવડાવીએ.

# આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી ૪૦૦મી દીક્ષા આપી વીરવિક્રમી દીક્ષાદાતા બનશે

સુરત

દીક્ષાદાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા, આચાર્ય રશ્મિશત્નસૂરીશ્વરજી મા.સા આદિ ઠાણા સુરત આવ્યા છે. તેઓની નિશ્રામાં શ્રી ઉમરા જૈન સંઘ ખાતે દીક્ષા સંપન્ન થવા જઈ રહી છે. તેઓની નિશ્રામાં ૧૯ મી એપ્રિલના રોજ ભવ્ય ને દીક્ષા અપાશે ત્યારે કુલ ૩૯૪મી દીક્ષા સંપન્ન થશે અને ત્યારબાદ તા.૨૫ એપ્રિલના રોજ સુરત ખાતે તેઓની નિશ્રામાં એક સાથે છ દીક્ષા અપાશે ત્યારે રેકોર્ડ સર્જાશે અને ૪૦૦ દીક્ષા આપનાર આચાર્ય ભગવંત બનશે. સુરતમાં જે દીક્ષા યોજાશે તેમાં મુનિરાજ ભવ્યરત્નવિજયજી મ.સા. કે જેમની દીક્ષાએ વિશ્વભરમાં ડંકો વગાડ્યો હતો, તેઓની નિશ્રા પણ રહેશે. આ અંગે આચાર્ય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.એ જણાવ્યું કે આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સાનું વિશેષણ જ દીક્ષા દાનેશ્વરી છે. વર્તમાનકાળમાં તેઓ એકમાત્ર જૈનાચાર્ય બની રહેશે, જેમણે પોતાના જીવનકાળ દરમિયાન ૪૦૦ જેટલી દીક્ષા આપી હોય. તેમણે પોતાના જીવનની પ્રથમ દીક્ષા આજથી ૪૩ વર્ષ પૂર્વે પિંડવાડા ખાતે આપી હતી.૧૦૦ મી દીક્ષા રણકપૂરમાં આપી હતી. ૧૦૮ મી દીક્ષા ઈડરમાં, ૨૦૦મી દીક્ષા પાલિતાણામાં, ૩૦૦ મી દીક્ષા સુરતમાં અને ૧૦ દિવસ પછી તા.૨૫ મી એપ્રિલે સુરતમાં એક સાથે છ દીક્ષા આપશે ત્યારે એક અનોખો રેકોર્ડ સર્જાશે અને વર્તમાનકાળમાં ૪૦૦ દીક્ષા પૂર્ણ કરનારા પ્રથમ જૈનાચાર્ય બનશે અને વીર વિક્રમી દીક્ષા દાનેશ્વરી કહેવાશે. ૪૩ વર્ષમાં દીક્ષાની આ અનોખી સિદ્ધિ તેઓ પોતાના પરમોપકારી સિદ્ધાંત મહોદધિ આચાર્ય પ્રેમસૂરીશ્વરની મ.સા ના ચરણે અર્પણ કરશે.

# ભોરડુ શાળાના બાળકોનો દિક્ષાંત સમારોહ યોજાયો


વિષ્ણુ દવે

થરાદ

થરાદ તાલુકાની ભોરડુ શાળાના આઠમા ધોરણના બાળકોનો દિક્ષાંત સમારોહ યોજાયો હતો.જેમાં વર્ગ શિક્ષકો તથા બાળકો દ્વારા પ્રતિભાવો રજુ કરવામાં આવ્યા હતા. વિદાય લઇ રહેલા બાળકો દ્વારા શાળામાં બુલેટીન બોર્ડની ભેટ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય ગગેશભાઇ જોષી તથા એસએમસીના સદસ્યો દ્વારા કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત રાજ્ય વિદ્યુત કામદાર સંઘની સાત વિવિધ પાંખનાં અગ્રણી કર્મચારીઓની એક બેઠક અંબાજી ખાતે યોજાઈ



અંબાજી

ગુજરાત રાજ્ય વિદ્યુત કામદાર સંઘ નાં કર્મચારીઓ તમામ સિઝનો માં પોતાની જાન નાં જોખમે લોકો ને વિજપુરવઠો નિયમીત પણે પુરતો પહોંચાડવાં માટે પ્રયાસો કરતાં હોય છે.પુર હોનારત માં પણ આ સંઘ દ્વારા રૂ. ૫૫૫૫૧૧/- નો ફંડ સરકારને આપી મદદરૂપ થતુ હોય, કન્યા ઉત્તેજક મંડળ માં પણ તમામ કર્મચારીઓએ એક દિવસ નો પગાર આપી સહભાગી બનતુ હો છતા પણ આ કર્મચારીઓ ને મળતાં પાત્ર કાયદેસર નાં હકો ને લઈ સરકાર ઉપેક્ષા સેવી રહી હોય તેમ લાગી રહ્યુ છે. ને ગુજરાત રાજ્ય વિદ્યુત કામદાર સંઘ ની સાત વિવિધ પાંખ નાં અગ્રણી કર્મચારીઓ ની એક બેઠક આજે યાત્રાધામ અંબાજી ખાતે યોજવામાં આવી હતી. આ કર્મચારીઓ કુદરતી આપતીઓ જેવી કે ચૌમાસા ,ઉનાળા કે પછી વાવાઝોડા જેવી પરીસ્થીતી માં પણ અડીખમ ઉભા રહેતાં કર્મચારીઓ સામે સરકાર નજર કરી વણઉકેલ્યાં પ્રશ્નો બાબતે દાદ માંગી છે. જે એરીયસ નો હપ્તો અન્ય સરકારી કર્મચારીઓ ને ચુંકવાય છે. પણ જી.ઇ.બી નાં કર્મચારીઓ ને ચુકવાયાં નથી. જેને લઈ ભારોભાર રોષ આ કર્મચારીઓ માં પ્રવત્યો છે. એટલુંજ નહીં

અંબાજી ખાતે એકત્રીત થયેલાં જી.ઇ.બી ની સાતે પાખ નાં અગ્રણી નેતાઓ એ આજે એક ઠરાવ કરી સરકાર ને ચિમકી ઉચ્ચારી છે.

જો ૩૦ એપ્રીલ સુધી માં વિદ્યુત કામદાર સંઘ નાં પ્રશ્નો નો નિકાલ નહીં લાવવામાં આવે તો ગુજરાત રાજ્ય વિદ્યુત કામદાર સંઘ સિનિયર જનરલ સેક્રેટરી બળદેવભાઇ પટેલ એ જણાવ્યુ હતુ કેઆગામી ૦૧ મે ના મજદુર દિવસ નાં રોજ સવારે ૦૯.૦૦ કલાકે રાજ્ય ભરનાં સર્કલો ઉપર ગાંધી ચિંધ્યા માર્ગો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. જેમાં પણ તેમને ખાસ ઉમેર્યુ હતુ કે અમારા આંદોલન પ્રજા ને હેરાન કર્યા વગર ગાંધી ચિંધ્યા માર્ગ નાં જ રહેશે.

# કાંકરેજ તાલુકાના આકોલી ગામે વ્યાસ નાયકો દ્વારા ભવાઈનો કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિનિધિ શિહોરી


વિજય સીલ્વા

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના આકોલી દરબાર ગઢ માં નાયક હિન્દુ તરગાળા દ્વારા વ્યસન મુક્તિ .સામાજિક કુરિવાજો અને જન જાગ્રુતિ કાર્યક્રમ ભવાઈ કરવા મા આવી હતી જેમાં મોટી સંખ્યા મા વડીલો બાળકો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં રાજા રજવાડાં વખતે રઐય્ત ને સાચો ન્યાય રાજા દ્વારા આપવા મા આવતો અને પ્રજાના પ્રશ્નોનો તત્કાલિન નિવેડો લાવાતો જયારે અત્યારના સમય મા કોર્ટ કચેરીઓ ના ધરમ ધક્કા થી પ્રજા ને પારાવાર મુશ્કેલીઓ નો સામનો કરવો પડે ત્યારે આવા રાજા રજવાડાઓ ની રીત ભાત અને રાજપૂત સમાજ ની પરમ પરા ને જાળવી રાખવા દરબારો ના ગામડે પોતાના વંશજો ના બારોટ .ભવાયા તરગાળા નાયક દ્વારા પોતાના રાજ ધર્મ વિષે માહિતી પૂરી પાડી યથા શક્તિ પ્રમાણે દાન દક્ષિણા મેળવી આ હિન્દુ તરગાળા નાયક પરિવાર પોતાના કુટુંબના સભ્યો નું જીવન ગુજારે સે ત્યારે ભારત સરકાર અને ગુજરાત સરકારો દ્વારા આવા લોકો મા જન જાગ્રુતિ ના સુંદર કાર્યક્રમો આપતા હોય એમને નવાજવા મા આવે અને એમને સરકાર દ્વારા મકાન સહાય .વ્રુધ્ધ પેન્શન .વીમો અને મેડિકલ જેવી સેવાઓ અલગ થી સ્પેશલ આપવા મા આવે તો આવા નાયકો ના પરિવારના બાળકોના ભવિષ્ય સુધારી જાય જે પોતાના કુટુંબના સભ્યો ની પરવા કર્યા વગર પોતાના જીવન ની એક એક પળ બીજા ના માટે આપે સે ત્યારે ગુજરાત સરકારના સંગીત અકેડેમિ માહિતી પ્રસારણ ગાંધીનગર આ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના મૌસા ગામની મુલાકાત લઈ આવા કુટુંબના સભ્યોના જીવન નિર્વાહની ચિંતા કરે એવી લોક લાગણી સાથે માંગણી ઉઠવા પામી સે રાત્રીના આઠ વાગ્યા થી અગિયાર બાર વાગ્યાના સમય સુધી ભૂખ્યા રહી આકોલી દરબાર ગઢ માં સ્વચ્છતા .સામાજિક કુરિવાજો .વ્યસન મુક્તિ અને માનવ ધર્મ નો પ્રચાર પ્રસાર કરનાર પોપટલાલ નાયક .નારણભાઈ નાયક .મહેન્દ્ર નાયક .શબાભાઈ નાયક .જીતુ નાયક .શાંતિલાલ નાયક અને ટીમ પ્રાંતિજ ના મૌસા થી કાંકરેજ ના આકોલી ગામે એમના વડવાઓ થી પાનસો દસ વરસ થી આવી ભવાઈ કરી માતાજી નો ગરબો કરી પોતાના કુટુંબ નું ભરણ પોષણ કરેસે ત્યારે અત્યારના સમય સંજોગો પ્રમાણે લોક શાહી મા આવા ગરીબ પરિવાર ના જીવનના નિર્વાહ માટે કોઈ ઠોસ પગલાં ભરી આવા નાયક હિન્દુ તરગાળા માટે ખાસ પેકેજ ની વ્યવસ્થા કરવા મા આવે એવું મીડિયા સાથે ની વાતચીત મા પોપટલાલ નાયકે જણાવ્યું હતું .આમ આકોલી ગામે ભારત દેશ ની પરમ્પરાઓં ની એક ઝલક ગુજરાત કી શાન રાજપૂત સમાજ ની જોવા મળી હતી .હજારો વર્ષ થી ચાલતી આ પરમ પરા અને જન જાગ્રુતિ નું એક અંગ ગણાતા આવા તરગાળા નાયક તરીકે આગવી ઓળખ ધરાવે છે.

# દીઓદર પ્રા.શાળા નં.૩માં ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી

તાલુકા પ્રતિનીધી દીઓદર

તા.૧૪-૪-૨૦૧૮ના રોજ શ્રી દીઓદર પ્રા.શાળા નં.૩માં ડો.બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે શાળા પરિવાર અને શાળાના તમામ વિદ્યાર્થીઓ ભેગા મળી બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી તેમની આરતી ઉતારવામાં આવી હતી.ત્યારબાદ શાળાના તમામ બાળકો ભેગા મળી શાળા પરિવાર સાથે રેલીનું આયોજન કર્યુ હતું.

# થરાદમાં ગોગમહારાજનો હવન યોજાયો


વિષ્ણુ દવે

થરાદ

થરાદના તાલુકા પંચાયત પાસેના વિસ્તારમાં શહેરના બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ કિશનલાલ પ્રજાપતિનું હેન્ડીક્રાફ્ટનું કારખાનું આવેલું છે.જેમાં ગોગમહારાજનું સ્થાનક હોઈ તેઓ વર્ષે દહાડે ગમેત્યારે ગોગમહારજનો હવન કરાવેછે.રવિવારે સવારે હવન યોજાયો હતો.

આ પ્રસંગે મહિલા મંડળ દ્વારા આનંદના ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.ત્યાર બાદ પરિવાર અને મિત્રવૃંદે સમુહ પ્રસાદ લઈ ધન્યતાની લાગણી અનુભવી હતી.

# ખોડા સેન્ટર શાળામાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી


મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાની ખોડા પે.સે.શાળામાં ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.ભીમરાવ આંબેડકરની ૧૨૭ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે શાળામાં પ્રાર્થના સભાથી શરૂઆત કરી ગામમાં રેલી કાઢી ડૉ.ભીમરાવ આંબેડકરની તસ્વીરને ફુલહાર તથા પુષ્પ અર્પણ કરાયા હતા. ગામના સરપંચ મધાભાઈ જે. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં દલિત સમાજના બ.કાં.ના મહામંત્રી વાઘાભાઈ મકવાણા, જેવતભાઈ મકવાણા, આંગણવાડી કાર્યકર વસંતીબેન મકવાણા, દેવજીભાઈ ચૌધરી, શાળાના આચાર્ય જગમાલભાઈ જોષી, શાળા પરિવાર તેમજ ગામના યુવાનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગમાલભાઈ જોષીએ કરેલ અને આભારવિધિ મ.ભો.યો. સંચાલક રમેશભાઈ પરમારે કરી હતી.

# વડગામના જૈન શ્રેષ્ઠી પરિવારના સહયોગથી પક્ષીઓ માટે પીવાના પાણીના કુડાનું નિઃશુલ્ક વિતરણ

તા પ્રતિ. વડગામ


પુષ્કર ગોસ્વામી

ગળકાલ ૧૫ મી એપ્રિલ ૨૦૧૮ રવિવાર સવારે પ્રા.શાળા નં.૧ ના પટાંગણમાં વડગામના જૈન શ્રેષ્ઠી પરિવાર દ્વારા વડગામ ડોટ-કોમગૃપના સહયોગથી પક્ષીઓ માટે પીવાના પાણીના ૫૦૦ કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં વડગામ ડોટ કોમ-ગૃપના એડમિન-નિતીનભાઈ એલ. ઉપલાણાએ સ્વાગત પ્રવચન કરી અગ્રણીઓ, ગ્રામજનો, મહેમાનોને આવકાર્યા હતા, રાષ્ટ્રીય યુવા ભાજપના અગ્રણી હિતેશભાઈ ચૌધરી,ગુજરાતના ખ્યાતનામ કલાકાર પ્રશાંત જાદવ, વડગામ દુધમંડળી ચેરમેન ભરતભાઈ જી.પટેલ આચાર્ય રઘુભાઈ જેગોડા, સ્વૈચ્છીક મહાસંઘ પ્રદેશ અગ્રણી રતુભાઈ ગોળ, ગેલેક્ષી સ્કુલ પ્રમુખ કાંનજીભાઈ ચૌધરી, સામાજીક કાર્યકર દિનેશપુરી ગોસ્વામી, જિ. ભાજપ યુવા ઉપપ્રમુખ ડે.વી. સોલંકી, રાજપૂત સમાજ યુવા પ્રમુખ દશરથસિંહ સોલંકી, તા.પં.ડેલિગેટ ભરતભાઈ પ્રજાપતી, ધવલભાઈ બારોટ, દિનેશભાઈ રાવલ, પ્રવિણભાઈ ભોજક, સતિષભાઈ ભોજક, રતુભાઈ જી. પટેલ, કૌશીકભાઈ રાવલ, શૈલેષભાઈ ચૌધરી, જિ.પં. ડેલિગેટ અશ્વિનભાઈ સક્સેના, નિલેશભાઈ પ્રજાપતિ (આચાર્ય -પાંચડા) સહિત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વડગામ, માનવ સેવા મંડળ, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, લાઈફ મિશન વડોદરા વગેરે સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### નોટબંધી...

પાના નં .૧ ચાલુ

સ્થિતિ દેશવાસીઓની કમનસીબી જ છે. હાલ નાણાંની કૃત્રિમ અછતના પગલે ખેડૂતો ઉપરાંત વેપારીઓ પણ વગરવાંકે અસહ્ય મુશ્કેલી વેઠી રહ્યાં છે ત્યારે કેન્દ્ર સરકાર હાથ પર હાથ મૂકી બેસી રહેવાના બદલે આ સ્થિતિના ઝડપી ઉકેલ માટે ઠોસ પગલાં લઈ વ્યાપક જનહીતમાં વિના વિલંબે પરીણામલક્ષી કાર્યવાહી કરે તેવી માંગણી પણ પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ કરી છે.

### પાલનપુરમાં...

પાના નં .૧ ચાલુ

જ્યાં પોલીસ અને ફૂડ વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન સોમવારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આ ફેકટરીમાંથી સેમ્પલ તપાસ અર્થે લેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પાલનપુરમાં આ ઉપરાંત પણ બિન આરોગ્યપ્રદ કુલ્ફી બનાવતી ફેકટરીઓ ધમધમી રહી છે. ત્યારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આવા સ્થળોએ પણ ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવે તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે.

### અહો અચરજમ્ ...

પાના નં .૧ ચાલુ

હજુ આ બાબતે ન્યાય મળ્યો નથી. આ બાબતે મૃતકનાં પુત્ર કિરણભાઈ વણકરે જણાવ્યું હતું કે મૃત્યુ બાદ એક વર્ષ સુધી નરેગામાં નાણા કઈ રીતે ઉપડ્યા અને અમારે મરણનો કયો દાખલો સાચો માનવો ? સાથે એ પણ જણાવ્યું હતું કે ઉપલા અધિકારીઓને રજુઆત બાદ અરજી પરત ખેંચવા ધમકીઓ આપવામાં આવી રહી છે અને આ પરિવારને સરકારી લાભ આપવામાં આવતો ન હોવાનું પણ જણાવ્યું હતું.

આ બાબતે અમે ગ્રામ પંચાયત પહોંચ્યા હતાં પરન્તુ ગ્રામ પંચાયતને તાળા મારેલા જોવા મળ્યા હતાં અને તલાટી કે સરપંચ મળી આવેલ નહી જેથી આ મામલે તાલુકા વિકાસ અધિકારી મફતલાલ જોશી સાથે વાત કરી ત્યારે તેમણે આ બાબતની તપાસ ચાલુ હોવાનું અને નરેગાના નાણાંનું ચુકવણું અટકાવી દીધેલ હોવાનો બચાવ કરી ટુંક સમયમાં તપાસ પુર્ણ થયે કસુરવાર સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. મૃત્યુ બાદ પૈસા ચુંકવાઈ ગયાનો આ પ્રથમ કિસ્સો નથી પરંતુ આ ગામના રાયકાભાઈ જેઓનું મૃત્યુ પણ ૨૦૧૧ ની સાલમાં થયુ હોવા છતાં તેમના નામે પણ ખોટી હાજરી પુરી ૨૦૧૨ સુધી નાણા જમાં થયેલ અને પોસ્ટ ઓફીસમાંથી તેમના નામના નાણા ઉપડ્યા હોવાનું બહાર આવ્યું હતું. જોકે આ ગામમાં હાલ બે વ્યક્તિ કે જેમના મૃત્યુના એક વર્ષ સુધી નરેગામાં હાજરી પૂરાતી રહી અને નાણા ઉપડતા રહ્યા છે. જોકે આ બંને મરણ જનારના મરણ બાદના એક વર્ષ પછીના મરણ સર્ટી છે. ત્યારે મરણ જનારનાં પરિવારને સાચુ સર્ટી કયુ માનવુ અને મરણ બાદ ઉપડેલા નાણા બાબતે કસુરવાર સામે કાર્યવાહી માટે કલેક્ટર સુધી રજુઆત કરી ચુક્યા છે ત્યારે હવે જિલ્લા કલેક્ટરે આ બાબતે ઉંડી તપાસ કરી નરેગામાં ચાલતા આવા ગોટાળા બહાર લાવી સરકારના નાણાંની બરોબર ખાયકી કરનારની શાન ઠેકાણે લાવવાની જરૂર જણાઈ રહી છે.

### ગરમીનો પ્રકોપ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

એપ્રિલ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૮ કેસ સપાટી ઉપર આવ્યા હતા. આ મહિનાની શરૂઆત થઇ છે ત્યારે ઝાડા ઉલ્ટીના કેસોમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. તીવ્ર ગરમીના પરિણામસ્વરૂપે જનજીવન ઉપર પણ પ્રતિકુળ અસર થઈ રહી છે. બપોરના ગાળામાં લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. રસ્તાઓ સુમસામ થઈ ગયા છે.

### રેપ હોરર...

અનુસંધાન ૨ નુ ચાલુ..

દરિયાપુર વિસ્તારોમાં સ્થાનિક લોકોએ દેખાવો કર્યા હતા. રવિવારના દિવસે દરિયાપુરના ઢાંબગણવાડ વિસ્તારમાં લોકો બહાર નીકળ્યા હતા અને જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. કઠુઆમાં આઠ વર્ષીય બાળકી પર બળાત્કાર સામેના વિરોધમાં જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. જમાલપુરમાં સહી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

એક મંદિરમાં બાળકીને પકડી રાખીને ઘણા દિવસ સુધી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. ઉન્નાવ બળાત્કાર કેસ વિરોધમાં પણ દેખાવો કરવામાં આવ્યા હતા. પાટીદાર નેતા હાર્દિક પટેલે પણ કેન્ડલમાર્ચ ભાગ લઈને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. સાથે સાથે યુવતીઓને કરાટે ક્લાસની રજુઆત કરી હતી. કઠુઆ, ઉન્નાવ, સુરતમાં હાલના બનાવને લઈને નારાજગી સતત વધી રહી છે. અપરાધીઓને અતિ કઠોર સજા કરવાની માંગણી દિનપ્રતિદિન પ્રબળ બની રહી છે.

### ઉમરા સંઘમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ.શ્રી હંસકીર્તિસૂરીજી, આશ્રી મુનિશરત્નસુરીજી આદિ ૩૦૦ થી વધુ સાધુ- સાધ્વીજી ભગવંતોનું ભવ્ય સામૈયુશ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય પાર્લે પોઈન્ટથી ચાલુ થશે. સામૈયુ સૂરિપ્રેમ ભુવનભાનુ જિતેન્દ્ર પરમપથ ઉદ્યાનનું ઉદ્‌ઘાટન કરતી મુમુક્ષુના નિવાસ સ્થાને ચતુર્વિધ સંઘ સાથે પૂજ્ય આ.ભ.શ્રી પગલા કરશે. બપોરે પરમપથ ઉદ્યાનમાં કપડા રંગવાનું છાબ ભરવાનું મુહુર્ત થશે. હાથ બનાવટની સંયમ ફરારી છાબ તરીકે આકર્ષણનું કેન્દ્ર બનશે. રાત્રે ફ્લેશ બેક જર્ની ઈસ્ટ ઔર વેસ્ટ સંયમ ઈસ બેસ્ટ. બુધવારે બાહુબલી થીમ ઉપર ભવ્ય વરસીદાન યાત્રા. રાત્રે ભવ્ય વિદાય સમારંભ બે હજાર વર્ષ પહેલાના ગામડાની થીમમાં (પધારો મ્હારે દેશ) અને ગુરૂવારે જ્ઞાતવન ખંડની થીમમાં ભવ્ય દીક્ષા યોજાશે.

### ડીસામાં ઓસ્ટ્રેલિયાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ક્રિકેટ એકેડેમી દ્વારા ડીસાના ન્યુ.ટીસીડી મેદાન ખાતે છેલ્લા ૧૫ વર્ષથી સમર વેકેશન ક્રિકેટ કોચિંગનું આયોજન કરવામાં આવે છે. જેમાં ડીસા એકેડેમીના સ્થાપક અને કોચ વિપુલ આલના માર્ગદર્શન હેઠળ અનેક ખેલાડીઓ તૈયાર થયા છે.

### કાંકરેજ તાલુકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તેમાં થરા, રાધનપુર, અમદાવાદ, મહેસાણા, કચ્છ-ભુજ, રાધનપુર, પાલનપુર, થરાદ વગેરે તાલુકાના ગામડાઓ માંથી પધારેલ ભુવાજીઓનુ તેમજ મહેમાનોનુ શાલ અને ફુલહાર તેમજ ભેટ પુજા આપી સ્વાગત કરાયુ હતુ. તેમાં રાત્રે ગોગાના આશિર્વાદથી જન્મેલ બાળકોના નામો પાડવામાં આવ્યા હતા. અને અહી આવતાં દરેક લોકોની મનોકામના ગોગા મહારાજ પુર્ણ કરે છે. અહી હજારો સંખ્યાની ભાવિક ભકતો દર્શનાર્થે પધારે છે.પધારેલ સમગ્ર ભાવિક ભકતોને ભુવાજી હરીભાઇ ભોજાભાઇ તથા ભુવાજી રમેશભાઇ હરીભાઇ તરફથી સૌને આશિર્વાદ આપવામાં આવ્યા હતા. અને સવારે સૂર્ય દાદાની સાક્ષીએ તેલફુલ ચડાવવામાં આવ્યા હતાં.તેમાં કાંકરેજ ધારાસભ્ય શ્રી કીર્તિસિંહજી વાઘેલા, અણદાભાઇ પટેલ, ડી.ડી .જાલેરા, હરગોવનભાઇ શિરવાડિયા, બનાસ ટુ ડે પ્રવિણભાઈ પાંચાણી(શાહ), રાંગુજી ઠાકોર - સરપંચ તેમજ કાંકરેજ તાલુકા માંથી બહોળી સંખ્યામાં ભકતોનુ ઘોડાપુર જોવા મળ્યુ હતુ.પધારેલ સૌ કોઇ ભાવિક ભકતોએ દર્શન અને આશિર્વચન લઇ ધન્યતા અનુભવી હતી.

### ધાનેરાના...

પાના નં .૮ ચાલુ

બસ તેમજ ડમ્પરો બેફામ ચાલી રહ્યા છે અને બે ચાર દિવસમાં એકાદ વ્યક્તિનો ભોગ લઇ રહ્યા છે તેમ છતાં પોલિસ તેમજ આર.ટી.ઓ. આ બાબતે તેમની સામે પગલાં ન લેતા લોકોમાં ભારે આક્રો જોવા મળી રહ્યા છે. સોમવારે થાવર ગામ પાસે બપોરના સુમારે ધાનેરા સુદામાપુરી સોસાયટીમાં રહેતા મોહનભાઇ પ્રજાપતિ તેમજ તેમના ભાઇ દેવેન્દ્રભાઇ પ્રજાપતિ સામાજીક કામથી ગામડામાં ગયેલ ત્યાંથી પરત બાઇક ઉપર ધાનેરા આવી રહ્યા હતા ત્યારે પાછળથી આવી રહેલ કાળમુખી લકઝરી બસે તેમને ઉડાવી દેતાં તેઓ રોડ ઉપર પટકાયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં લોકો દોડી આવેલ અને ૧૦૮ મારફતે તેમને ધાનેરાની સરકારી હોસ્પીટલમાં ખસેડાયા હતા. પરંતુ બન્ને લોકોની હાલત ગંભીર જણાતાં તેમને વધુસારવાર માટે પાલનપુર રીફર કરવામાં આવ્યા હતા જેમાં ડીસા પહાંચે તે પહેલા મોહનભાઇ લક્ષમણભાઇ પ્રજાપતિ ઉ.વર્ષ-૪૫ ના પ્રાણ પંખેરુ ઉડી જતાં તેમને પરત ધાનેરા ખાતે લવાયા હતા જ્યારે તેમના ભાઇ દેવેન્દ્રભાઇ લક્ષમણભાઇ પ્રજાપતિ ઉ.વર્ષ-૪૪ વાળાને સારવાર માટે આગળ લઇ જવાયા હતા. આ ઘટનાની જાણ ધાનેરામાં થતાં ધાનેરામાંથી મોટી સંખ્યામાં તેના ચાહકો ઉમટી પડ્યા હતા.

### ડીસા સહિત...

પાના નં .૮ ચાલુ

છેલ્લા બે દિવસથી ગરમી પ્રકોપમાં પ્રજાજનોને આંશિક રાહત થઈ છે ત્યારે રવિવારના રોજ નોંધાયેલ હવામાનની વિગત પ્રમાણે મધ્યમ તાપમાન ૩૯.૯ ડીગ્રી જ્યારે લઘુતમ તાપમાન ૨૪.૩ ડીગ્રી નોંધાયુ હતું અને પવનની ગતિ પ્રતિકલાક ૮ કિ.મી. નોંધવા પામી છે.

### થરાદના...

પાના નં .૮ ચાલુ

જોકે રેફરલ હોસ્પીટલમાં દોડી આવેલા પરિવાર અને સંબંધીઓમાં શંકરભાઈની હત્યા કરી તેના મૃતદેહને આત્મહત્યામાં ખપાવવા માટે લટકાવી દેવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરતાં તટસ્થ તપાસ કરવા જણાવ્યું હતું.થરાદ પોલીસે અક્સ્માત મોત નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી પંથકમાં ચકચાર મચવા પામી હતી.

## સેંસેક્સ ૩૪૩૦૫ની ઉંચી સપાટીએ : કારોબારી ખુશ

મુંબઇ

શેરબજારમાં આજે સતત આઠમા સેશનમાં તેજી રહી હતી. શરૂઆતી કારોબારમાં બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં ઘટાડો થયો હતો પરંતુ છેલ્લા કલાકોમાં રિક્વરી થઇ હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૧૧૨ પોઈન્ટ ઉછળીને ૩૪૩૦૫ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૮ પોઈન્ટ ઉછળીને ૧૦૫૨૮ની ઉંચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં અવિરત તેજીના કારણે કારોબારીમાં નવી આશા દેખાઇ રહી છે. ભારતની બીજી સૌથી મોટી આઈટી સર્વિસ આપતી કંપની ઈન્ફોસીસના શેરમાં આશરે ત્રણ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. દરમિયાન ઈકોનોમિક આંકડા બપોર બાદ જારી કરવામાં આવ્યા હતા. જેમાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૨.૪૭ ટકા રહ્યો હતો. શેરબજારમાં નકારાત્મક પરિબળોની કોઇ અસર દેખાઇ ન હતી. જેમાં અમેરિકાના નેતૃત્વમાં ગઠબંધનના સીરિયા પર ભીષણ હુમલાનો સમાવેશ થાય છે. સીરિયામાં ૧૦૫થી વધારે મિસાઈલો ઝીંકવામાં આવી હતી. સાતમી એપ્રિલના દિવસે ડુમામાં કરવામાં આવેલા કેમિકલ અટેકના બદલામાં આ હુમલા કરવામાં આવ્યા હતા. રસાયણ હુમલા ડુમામાં કરવામાં આવ્યા હતા જેમાં ૮૦થી વધુના મોત થયા હતા અને ૧૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ રસાયણ હુમલા બાદ અમેરિકાએ હવાઈ હુમલાઓ બોધપાઠ ભણાવવાના હેતુસર કર્યા છે. ક્રૂડ ઓઇલની કિંમતમાં ફરી એકવાર વધારો થઇ શકે છે. વૈશ્વિક ઘટનાક્રમ વચ્ચે ક્રૂડની કિંમતો વધી શકે છે. માઈક્રો આંકડા પણ જારી કરવામાં આવનાર છે. આઈએમએફ અને વર્લ્ડ બેંકની બેઠકો આગામી સપ્તાહથી શરૂ થઇ રહી છે જેમાં અમેરિકા અને ચીન વચ્ચે છેડાયેલા ટ્રેડ વોરના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરાશે. ચીનમાં તેના પ્રથમ ત્રિમાસિકગાળાના જીડીપીના આંકડા ૧૭મીએ જારી કરવામાં આવનાર છે. હાલમાં જ રિટેલ ફુગાવો માર્ચ મહિનામાં પાંચ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. જો કે, રિટેલ ફુગાવો હજુ પણ આરબીઆઈના મિડિયમ ટાર્ગેટ કરતા ઉંચો છે. આનો મતલબ એ થયો કે, નાણાંકીય પોલિસી સમીક્ષામાં હજુ વ્યાજદરને યથાવત રાખવામાં આવશે. આરબીઆઈની વર્ષ ૨૦૧૮-૧૯ની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા છટ્ઠી એપ્રિલના દિવસે જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ, બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યા હતા.

## રોજ પીવો ૧ ગ્લાસ છાશ પછી જુઓ કમાલ

ગરમીમા કંઈક ઠંડુ પીવાનું મન કરે છે. આવામાં જ્યુસ અને છાશ સૌથી બેસ્ટ ડ્રિંક છે. છાશમાં પ્રોબાયોટિક બેક્ટેરિયા, એંટી બેક્ટેરિયલ, કેલ્શિયમ, એંટી કાર્સિનોજેનિક તત્વ હોય છે. જે શરીરને સ્વસ્થ બનાવીને અનેક પ્રકારની બીમારીઓ સામે લડવની શક્તિ આપે છે. છાશ શરીરને ઠંડક પહોંચાડવાનું કામ કરે છે અને હેલ્ધી શરીર માટે લાભકારી છે. આજે અમે તમને છાશના કેટલા ગુણ બતાવીશુ, જેના વિશે મોટાભાગના લોકો જાણતા નથી.

**૧. કોલેસ્ટ્રોલ** - રોજ એક ગ્લાસ છાશ પીવાની છાશ પીવાથી કોલેસ્ટ્રોલ લેવલ ઓછુ થાય છે અને હાર્ટ એટેકનો ખતરાની આશંકા ઘટી જાય છે.

**૨. સ્કિન ગ્લો** - છાશમાં એંટી બેક્ટેરિયલ ગુણ હોય છે. જેનાથી સ્કિન ગ્લો વધે છે. સાથે જ સ્કિન સાથે જોડાયેલ અનેક પ્રકારની પ્રોબ્લેમ તરત ખતમ થઈ જાય છે.

**૩. ડાયજેશન** - છાશમાં પ્રોબાયોટિક બેક્ટેરિયા હોય છે. જેને રોજ પીવાથી ડાયજેશન ઠીક રહે છે. તેથી સારુ રહેશે કે ગરમીમાં રોજ એક ગ્લાસ છાશ પીવો.

**૪. હાડકા મજબૂત** - તેમાં બાકી તત્વો સાથે સાથે કેલ્શિયમની માત્રા વધુ હોય છે. જે હાડકાને મજબૂત બનાવવાનુ કામ કરે છે.

**૫. કેંસરમાં સહાયક** - તેમા એંટી કાર્સિનોજેનિક હોય છે. જે કેંસર જેવી ગંભીર બીમારીઓ સામે શરીરને બચાવી રાખે છે. તેથી તમારા રૂટિન લાઈફમાં છાશનું સેવન જરૂર કરો.

## રાધે બંગ્લોઝ, ડીસામાં 'રાધેશ્વર મહાદેવ' ની સ્થાપના તથા પિંપળાને જનોઈ અપાઈ

ડીસા

રાધે બંગ્લોઝ, ડીસાના રહીશોએ ચૈત્ર વદ-૧૨ ના રોજ પર્યાવરણની શુધ્ધતા જાળવવામાં મદદરૂપ પિંપળાના પવિત્ર વૃક્ષને જનોઈ (યજ્ઞોપવિત) તથા યજ્ઞ કરવાનો સુંદર કાર્યક્રમ પુરોહિતો દ્વારા વિધિવત મંત્રોચ્ચાર સાથે પૂર્ણ કરાવ્યો હતો.

આ ઉપરાંત શિવલીંગની સ્થાપના કરીને 'રાધેશ્વર મહાદેવ' નામ અપાયું. આ પ્રસંગે દર્શન- પૂજન તથા આહુતિ આપીને રાધે બંગ્લોઝ તથા આજુબાજુના ધર્મપ્રેમીઓ ધન્ય થયા હતા. સાંજે બાળકો માટે બટુક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી. રાત્રે ભજન કીર્તનની રમઝટ બોલાવી આધ્યાત્મિક ઊર્જા મેળવી હતી.

આવો સુંદર કાર્યક્રમ સોસાયટીની મહિલા ટીમે ખુબ જ જહેમત ઉઠાવીને સફળ બનાવ્યો હતો.

## ભા.વિ.પ.ડીસા દ્વારા ડૉ.ભીમરાવ આંબેડકરજીની પ્રતિમાને માલ્યાર્પણ




ડીસા

ભારત રત્ન, સ્વાતંત્ર્ય ભારતના પ્રથમ કાયદા પ્રધાન ગરીબોના મસિહા, આજીવન દલિતોદ્ધાર માટે સંઘર્ષ કરતા રહેલા મહાનાયક ડૉ.ભીમરાવ આંબેડકરજીની ૧૨૭ મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૧૪/૪/૨૦૧૮ ના રોજ ડીસામાં હાઈવે સ્થિત તેમની પ્રતિમાને માલ્યાર્પણ કરવા માટે ભારત વિકાસ પરિષદ ડીસાના પ્રમુખ પારસભાઈ ત્રિવેદી, મહામંત્રી જયેશભાઈ દેસાઈ, કાન્તિભાઈ દોશી, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, માધવાણી દીપકભાઈ તથા હિતેશભાઈ ઠક્કર, કિરીટભાઈ ખંડેલવાલ સહિત અનેક ગણમાન્ય કાર્યકરોએ ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી હતી. તથા શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

## રાહ સીઆરસી તરફથી બાળકોને પાણીની બોટલ ભેટમાં અપાઈ

થરાદ

થરાદ તાલુકાની અણદાજી ગો. પ્રા.શાળાનાં બાળકોને સંજયભાઈ ત્રિવેદી (સી. આર. સી. કો. ઓ. રાહ) તરફથી તિથિ ભોજન સાથે આપવામાં આવ્યું હતું.

સાથે સાથે બાળકોને પાણીની બોટલની પણ ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે બી.આર.સી. કો. ઓર્ડી.તથા જયપ્રકાશ જોષી (ભારત વિકાસ પરિષદ),અને સંજયભાઈના માતા મંજુલાબા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળા પરિવાર દ્વારા સંજયભાઈ ને સન્માન સાથે વિદાય આપવામાં આવી હતી.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૩૦૦** |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૩૦૦ |
| સોનુ તોલો | ૩૧૫૦૦-૩૧૮૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૧૯૦** |
| પામોલીન | ૧૧૭૦ |
| સોયા રીફાઈન | ૧૪૧૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૨૦-૧૨૫૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૪૭૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૪૭૦ |
| **સીગતેલ ૫ લી.** | **૪૫૫** |
| તિરૂપતી કપા. | ૧૩૫૦ |
| ૫ લીટર | ૪૨૮ |
| વનસ્પતિ ઘી | ૧૦૩૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૫૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૫૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૩૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૬૦ |
| ૫ લી. | ૪૦૦ |
| ૨ લી. | ૧૬૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |

| | |
|---|---|
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |

| | |
|---|---|
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૬૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૨૦૦-૩૩૦૦** |
| **ખાંડ એમ.** | **૩૪૦૦-૩૪૫૦** |
| ખાંડએલ. | ૩૪૦૦-૩૫૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |

| | |
|---|---|
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૧૦૦ |
| જીરાળુ | ૧૬૮૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૭૮૦ |
| મેંદો | ૭૫૦ |
| શ્રીફળ એમ. | ૧૨૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૮૦૦ |
| ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૨૦-૧૮૦ |
| સુકી ડુંગળી | ૧૮૦-૨૦૦ |
| લસણ | ૩૦૦-૭૦૦ |
| ધાણા | ૪૦૦-૫૦૦ |
| મરચાં | ૫૦૦-૬૦૦ |
| લીબુ | ૧૪૦૦-૧૬૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૮૦૦-૮૪૦ |
| રીંગણ | ૩૦૦-૪૦૦ |
| ટામેટા | ૧૦૦-૧૪૦ |
| **ભીંડા** | **૭૦૦-૭૪૦** |
| કોબી | ૧૨૦-૧૪૦ |
| વટાણા | ૫૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૫૦૦-૮૦૦ |
| ગવાર | ૮૦૦-૧૬૦૦ |
| બાદશાહ બટાકા | ૨૦૦-૩૨૦ |
| **સાંગા બટાકા** | **૨૦૦- ૨૪૦** |
| તુવેર | ૬૦૦-૮૦૦ |

## સોજી ખાવાના ૫ ફાયદા, શું તમે જાણો છો?

સોજીનો હલવો તો તમને ખાયું જ હશે, સોજીથી ઘણા બીજા સ્વાદિષ્ટ રેસીપી પણ બનાવી શકાય છે. જે સ્વાદની સાથે આરોગ્યના ફાયદા પણ આપે છે. તમે ઓઅણ જાણો સોજી ખાવાના આ ૫ ફાયદા

૧. સોજીનો ગ્લાઈસેમિક ઈંડેક્સ બહુ ઓછું હોય છે. જે શરીરમાં શર્કરાની માત્રા નહી વધારે અને ડાઈબિટીજના દર્દીઓ માટે ફાયદાકારી હોય છે. ૨. તેમાં વસા નહી હોય, જેનાથી તમારું વજન વધારવાનું સવાલ જ નહી આવે, તે સિવાય આ વજન ઓછું કરવામાં મદદગાર સિદ્ધ થઈ શકે છે. ૩. આ એક હળવું આહાર છે, જે શરીરની ઉર્જાનો નહી ચોરાવે છેપણ તેને ખાધા પછી તમે ભારે નહી પણ હળવું જ લાગે છે. ૪. આ હળવું હોવાના કારણે સરળતાથી પચી જાય છે અને પાચન સંબંધી સમસ્યાઓ પૈદા નહી કરે છે. પેટ પણ સરળતાથી સાફ હોય છે.

૫. તેમાં ફાઈબરની સાથે વિટામિન ઈ, વિટામિન બી કોમ્પ્લેક્સ સિવાય બીજા પોષક તત્વ પણ હોય છે. જે આરોગ્યથી સંકળાયેલા ઘણા ફાયદા આપે છે.

## નાશ્તામાં છાશનું પ્રોટીન ડાયાબિટીસ થવાથી બચાવશે

અત્યાર સુધી એવુ સમાજતા હતા કે પ્રોટીન શેક માત્ર બોડી બિલ્ડર માટે જ બન્યુ છે તેનો સાધારણ લોકોના ખાનપાનથી કઈક લેવું-દેવું છે. એક શોધમાં ખબર મળી કે નાશ્તામાં છાશનું પ્રોટીન લેવાથી ડાયાબિટીસને દૂર રાખી શકાય છે. તેને પાવડરના રીતે લઈને ઘણી રીતે ઉપયોગ કરી શકાય છે.આ દૂધ અને ઘણા પ્રકારના પ્રાકૃતિક રૂપમાં ઉપલબ્ધ રહે છે. ન્યૂકાસલ યૂનિર્વસિટીમાં થઈ શોધ કહેવાય છે . નાશ્તાના પહેલા પ્રોટીન શેકના રૂપમાં મળતા પાવડરથી બનેલી વસ્તુઓ લેવાથી ટાઈપ ૨ ડાયબિટીઝનો ખતરો દૂર રહેશે.

તેનાથી શરીરમાં બ્લ્ડ સુગરનું સ્તર સામાન્ય રાખવામાં મદદ મળે છે. વધુ વજનવાળા લોકોમાં કરેલ એક નાના અભ્યાસથી આ વાત સામે આવી છે.

## શ્રી ક્રિષ્ના વિદ્યામંદિર,વાવમાં વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ

(તા.પ્રતિનિધિ) વાવ

વાવ રાજગઢી ખાતે છેલ્લા ૮ વર્ષ થી કાર્યરત એવી શ્રી કિષ્ના વિદ્યામંદિર,વાવમાં શિક્ષણ ક્ષેત્રે વાવ પ્રથમ નંબર આવે છે. આ સ્કુલ ખાતે રાષ્ટ્રીય-ધાર્મિક તહેવારોની શાનદાર ઉજવણીઓ કરવામાં આવે છે. તેના ભાગરૂપે તા.૧૪/૦૪/૧૮ને શનિવારના સાંજે વાષિંકોત્સવ ૨૦૧૮ ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વાવ સ્ટેટ રાજવી રાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણનો ખુબ સારો સાથ સહકાર રહે છે. શ્રી કિષ્ના વિદ્યામંદિર આચાર્યે નવીનભાઈ સુથાર તેમજ સ્ટાફ મિત્રો સાથે મળી ને વાષિંકોત્સવ શાનદાર ઉજવણી કરી હતી.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ..........................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## પાટણ ખાતે ડૉ.આંબેડકર જયંતિ નિમિત્તે ઠંડી-છાશ-પાણીનો કેમ્પ યોજાયો

પાટણ

ભારત રત્ન ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ બગવાડા સમાજ કલ્યાણ ટ્રસ્ટ પાટણ દ્વારા સુભાષ ચોક તેમજ બગવાડા દરવાના પાટણ ખાતે રેલી તેમજ રથયાત્રા માટે ઠંડી છાશ અને ઠંડા પાણીના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, લાલેશ ઠક્કર, ગોપાલભાઈ રાજપુત, પ્રકાશ, અમીન તેમજ સમાજના અન્ય આગેવાનોએ તથા ભાટીયાવાડના કાર્પોરેટર ભરતભાઈ ભાટીયાએ ઉપસ્થિત રહી ડૉ.આંબેડરના સિધ્ધાંતોને જીવનમાં વણી લેવા આહવાન કર્યું હતું. કેમ્પની સેવાનો લાભ અસંખ્ય લોકોએ લીધો હતો. અને સખત ગરમીમાં ઠંડી છાશ અને પીવાના પાણીની સેવાને સૌ કોઈએ બિરદાવી હતી.

પરમાત્મ જ્ઞાન જીવનને દિવ્ય બનાવનારું છે -શ્યામભાઇ -માઉન્ટ આબુ

## પાટણ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા શ્રમજીવી સોસાયટીમાં પ્રૌઢ શિક્ષા માટે સ્લેટ પેન નું વિતરણ કર્યું

પાટણ

બ્રહ્માકુમારીઝ દ્વારા શ્રમજીવી સોસાયટીને દિવ્ય નગરી બનાવવાના પ્રોજેક્ટ અંતર્ગત પ્રૌઢ શિક્ષા માટે સ્લેટ પેન અને બોર્ડ આપવામાં આવ્યા કાર્યક્રમમાં માઉન્ટ આબુ થી પધારેલા ડો શ્યામભાઇ,એ પણ સેવાની સરાહના કરતા કહ્યું કે પરમાત્મ જ્ઞાન જીવનને દિવ્ય બનાવશે રવિવારે ભણાવવા જતા શિક્ષિકાબેન આશાબેન અને વર્ષા બેન હતા. શારદાબેને બહેનોને એકડો ,બગડો લખીને બતાવ્યો। નીલમ દીદીએ સર્વ ભાઈ બહેનોને કહ્યું કે વ્યસન આપણી બરબાદીનું મોટું કારણ છે. વ્યસનમુક્ત બની જીવનને દીવ્ય બનાવવા અપીલ કરી હતી. ત્રણ ભાઈઓએ નીલમ દીદીને વચન આપ્યું કે આજથી બીડીનું સેવન કરીશ નહિ. શ્રમજીવીની અનેક બહેનો અને બાળકોએ કાર્યક્રમનો લાભ લીધો

## બહુચરાજીના બરિયફ ગામે શ્રી વારાહી માતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના બરિયફ ગામે નવનિર્મિત શ્રી વારાહી માતાજીના મંદિરનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા. ૨૦ થી ૨૨ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. આ પ્રસંગે નવચંડી યજ્ઞ, શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ મહોત્સવને સફળ બનાવવા સમસ્ત બરિયા પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ રહી છે.

બરિયફ ગામની પાવનભૂમિ પર બિરાજમાન વારાહી માતાજીના નવનિર્માણ પામેલા ભવ્ય મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ ૨૦ એપ્રિલને શુક્રવારથી થશે.

આ દિવસે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે. રાત્રે સંતવાણી ડાયરો યોજાશે. બીજા દિવસે શનિવારે સવારે ૯ વાગે જલયાત્રા-શોભાયાત્રા નીકળશે. જેમાં સમસ્ત ગ્રામજનો ઉમંગભેર જોડાશે. રાત્રે ૯ વાગે રાસ- ગરબા યોજાશે. જ્યારે તૃતીય દિવસે રવિવારે બપોરે ૧૧-૩૯ કલાકે મૈયાની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરાશે. યજ્ઞની પુર્ણાહુતિ સાંજના ૪ કલાકે થશે. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં દેકાવાડા આશ્રમના સંત ગૌભક્ત કાલીદાસ બાપુ સહિત અનેક સંતો- મહંતો આશીર્વચન પાઠવવા પધારશે.

મહોત્સવના મુખ્ય યજમાનનો લાભ મહેશકુમાર વિરમદાસ પટેલે લીધો છે. માતાજીની મૂર્તિની પ્રતિષ્ઠાના યજમાન સ્વ. સોમાભાઈ કે. પટેલ પરિવાર, ત્રિ-દિવસીય ભોજન પ્રસાદના દાતા ભગુભાઈ મણિલાલ પટેલ(બરિયા), મુખ્ય શિખરના યજમાન ડૉ.ભરત પટેલ સહિત અનેક દાતાઓએ યજમાનનો લાભ લીધો છે. મંદિર નિર્માણ અને મહોત્સવના આયોજનમાં દાતાઓએ દાનની સરવાણી વહાવી છે. મહોત્સવને લઈ હાલ ગામમાં ઉમંગ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | ગવાર | ૭૦૫-૭૪૧ |
| એરંડા | ૭૭૧-૭૭૬ | ઈસ. | ૧૨૨૬ |
| રાયડો | ૬૬૦-૭૦૦ | વરી. | ૧૧૨૫-૧૧૫૧ |
| ઘઉં | ૨૯૦-૪૬૬ | જીરૂ | ૨૫૧૧-૨૭૭૯ |
| બાજરી | ૨૫૦-૨૭૬ | સુવા | ૮૦૧ |
| રાજગરો | ૮૩૧-૯૩૧ | તમાકુ | ૭૦૦-૧૧૦૩ |
| જીરૂ | ૨૪૭૮-૨૭૫૦ | | થરા |
| વરી. | ૮૨૨-૧૧૧૨ | જીરૂ | ૨૫૦૦-૩૧૧૮ |
| સુવા | ૮૩૧-૯૩૧ | એરંડા | ૭૬૦-૭૮૫ |
| ઈસ. | ૧૧૯૮-૧૨૪૫ | રાયડો | ૬૫૫-૭૦૦ |
| તમાકુ | ૮૫૦-૧૨૮૧ | વરી. | ૧૧૦૦-૧૫૫૦ |
| | પાલનપુર | ઘઉં | ૨૯૨-૪૨૭ |
| એરંડા | ૭૫૫-૭૮૦ | બાજરી | ૨૪૫-૨૬૦ |
| રાયડો | ૬૧૦-૬૯૯ | | સિદ્ધપુર |
| મકાઈ | ૨૭૮-૨૭૯ | જીરૂ | ૨૧૩૦-૨૪૩૧ |
| જવ | ૨૮૦-૨૮૫ | વરી. | ૯૭૨-૧૨૮૦ |
| ઘઉં | ૨૮૫-૪૪૨ | ઈસ. | ૧૧૩૭-૧૧૫૭ |
| બાજરી | ૨૪૦-૨૪૫ | ઘઉં | ૨૯૫-૪૭૦ |
| ચણા | ૬૩૧-૬૮૨ | એરંડા | ૭૫૦-૭૮૦ |
| વરી. | ૯૦૦-૨૪૦૦ | રાયડો | ૬૫૦-૭૨૯ |
| રાજગરો | ૭૫૦-૯૧૮ | મેથી | ૫૫૦-૫૭૦ |
| | ધાનેરા | ગવાર | ૭૪૫-૭૫૦ |
| એરંડા | ૭૬૧-૭૭૮ | બાજરી | ૨૦૦-૨૬૦ |
| રાયડો | ૬૫૦-૭૧૫ | જુવાર | ૮૪૫-૮૬૪ |
| ઘઉં | ૨૯૧-૩૫૫ | જવ | ૨૮૦-૩૦૦ |
| બાજરી | ૨૫૧-૨૯૫ | સવા | ૬૭૫-૮૯૦ |
| મેથી | ૫૫૬-૬૫૧ | | પાટણ |
| સુવા | ૭૧૧-૮૫૪ | જીરૂ | ૨૧૦૦-૨૮૪૬ |
| જવ | ૨૭૨-૨૭૭ | વરી. | ૮૫૦-૧૫૨૫ |
| રાજગરો | ૭૯૦-૮૯૦ | મેથી | ૪૦૧-૬૫૧ |
| ગવાર | ૭૨૩-૭૫૩ | સુવા | ૭૨૫-૮૬૦ |
| જીરૂ | ૨૬૦૦-૨૮૫૦ | રાયડો | ૬૫૦-૭૨૯ |
| વરી. | ૯૦૦-૧૨૧૬ | એરંડા | ૭૫૦-૭૭૮ |
| ઈસ. | ૧૦૫૧-૧૫૦૦ | અજમો | ૭૦૦-૮૪૧ |
| અન્ય | ૨૭૫-૧૪૧૮ | ઘઉં | ૨૯૫-૪૩૦ |
| | ભીલડી | બાજરી | ૨૨૫-૨૪૯ |
| એરંડા | ૭૬૨-૭૭૦ | જવ | ૨૯૬-૩૦૮ |
| રાયડો | ૬૬૦-૬૯૦ | રાજગરો | ૭૭૭-૮૧૯ |
| રાજગરો | ૭૫૦-૮૭૮ | ગવાર | ૭૨૧ |
| બાજરી | ૨૫૦-૨૬૯ | કપાસ | ૭૦૦-૧૦૬૫ |
| ઘઉં | ૨૮૦-૩૬૯ | | |

## હારિજ ખાતે એક્યુપ્રેસર સારવાર કેમ્પનું ઉદ્ઘાટન

હારિજ

હારિજ ખાતે ભારત વિકાસ પરિષદ અને ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫/૪/૨૦૧૮ રવિવારથી તાઃ ૧૯/૪/૨૦૧૮ ગુરુવાર એમ પાંચ દિવસ માટે રાજસ્થાન હનુમાનગઢની ડૉ.રામમનોહર લોહિયા આરોગ્ય જીવન સંસ્થાન દ્વારા એક્યુપ્રેસર, સુજૌક અને મેગ્નેટ પધ્ધતિનો સારવાર કેમ્પ શરૂ થયેલ છે. આ સંસ્થાના ડૉ.કે.એલ.લોહિયા અને ડૉ.ગોવિંદસિંહ સહિતની સમગ્ર ટીમ ખુબ જ સારી રીતે દર્દીઓને તપાસીને યોગ્ય સારવાર આપે છે.

હારિજ ખાતે પ્રથમ દિવસે સારવાર કેમ્પનું દીપપ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન અવસરે હારિજ શાખાના ભારત વિકાસ પરિષદ અને ગાયત્રી પરિવારના સક્રિય ભાઈઓ- બહેનો અને હોદ્દેદારો ખાસ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સતીષભાઈ જીનવાળા, અમૃતભાઈ હાલાણી, ભરતભાઈ સી. ઠક્કર, કિશોરભાઈ, ડૉ.સૂર્યકાંતભાઈ, કનૈયા લાલ ડી.ઠક્કર, રાજેન્દ્ર ભાઈ અખાણી, ભરતભાઈ વી.ઠક્કર, મંજુલાબેન રાવલ સહિત વિવિધ અગ્રણીઓએ ખાસ હાજર રહી કેમ્પનું ઉદ્ઘાટન કરાવ્યું હતું.

પ્રથમ દિવસે બપોર પહેલાં જ અંદાજે ૬૦ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લેતાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. આ કેમ્પના પ્રેરક અને માર્ગદર્શક ડીસાના ભગવાનભાઈ બંધુએ હારિજની ભારત વિકાસ પરિષદ તેમજ ગાયત્રી પરિવારની ટીમને ખાસ અભિનંદન આપી સારવાર કેમ્પ માટે શુભકામનાઓ પાઠવી હતી. તા. ૨૧/૪/૨૦૧૮ શનિવારથી તાઃ૨૫/૪/૨૦૧૮ બુધવાર સુધી આ સારવાર કેમ્પનું શિહોરી રઘુવંશી લોહાણા મહાજનવાડી ખાતે પણ આયોજન કરવામાં આવેલ છે. મે તેમજ જુન-૨૦૧૮ ના મહિનામાં આ સારવાર કેમ્પ પાટણ, દિયોદર, ધાનેરા, ખોડા (કાંકરેજ), ખીમાણા, પાંથાવાડા, દાંતીવાડા, પાલનપુર, સિધ્ધપુર, ખેરાલુ, મહેસાણા સહિત વિવિધ સ્થળોએ ગોઠવાય અને દર્દીઓને વધારે ને વધારે રાહત થાય તે માટે જરૂરી ચર્ચા વિચારણા કરી આયોજન કરાનાર છે.

## ઊંઝા પાલિકાના રોજમદારોના પ્રશ્ને આત્મવિલોપનની ચિમકી

ઊંઝા

ઊંઝા નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી કાયમી ધોરણે ચીફ ઓફિસર કે એકાઉન્ટન્ટ તથા ટી.પી. ઓફિસરની મહત્વની જગ્યાઓ ભરાતી નથી. જેથી નગરના વિકાસ ઉપર વિપરીત અસર પડી રહી છે. પાલિકાના રોજમદારોના નોકરીના પ્રશ્નોથી લઈને ટીપી સ્કીમોમાં મહત્વના નિર્ણયોની મંજુરી બાબતે પાલિકાના હોદ્દેદારોના મંડળે રાજયના નાયબ મુખ્યમંત્રીને ધારદાર રજુઆત કરી છે.

ઊંઝા પાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ રાકેશભાઈ પટેલ તથા ટી.પી. કચેરી ચેરમેન મહેન્દ્રભાઈ પટેલ તથા અશ્વિનભાઈ પટેલ, હસમુખ ભાઈ પટલ સહિતની સદસ્યોની ટીમે રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ સાથે મુલાકાત કરી પાલિકાના સળગતા પ્રશ્નોની રજુઆત કરી નિકાલ માટે માગણી કરી હતી. જેમાં પાલિકાના રોજમદારોનો પ્રશ્ન તથા ટીપી સ્કીમોનો પ્રશ્ન અને મહત્વની જગ્યાઓ ઘણા સમયથી ખાલી હોવાથી યોગ્ય નિર્ણય લેવાના અભાવે નગરના વિકાસ ઉપર માઠી અસર પડી રહી છે.

ઊંઝામાં પાટણ રોડ આસપાસ આવેલી ટીપીઆર અને ખાંચમાં આવેલ રિઝર્વેશન પાંચેક પ્લોટોના જાહેર હરાજીથી વેચાણ માટે છેલ્લા છ - સાત મહિનાઓથી રજુઆત કરવા છતાં સરકારની મંજુરી નહીં મળતા સમગ્ર મામલો ઠપ થઈ પડ્યો છે. સાથે ટીપી ૪,૬,૭,૮ તથા ૯ માં પણ કેટલાક પ્રશ્નો સંદર્ભે યોગ્ય નિર્ણયો નહીં થવાથી કામકાજ અધુરા પડી રહ્યા છે. પાલિકાના રોજમદારોને કાયમી કરવા માટે પણ પાલિકાએ ઠરાવો કરી સરકારમાં મોકલવા છતાં યોગ્ય નિર્ણય સરકાર લેતી નથી. જ્યારે બીજી તરફ રોજમદારો તરફથી આત્મવિલોપન જેવી ભારે ચીમકી સાથે રજુઆતો થવાથી પાલિકા માટે અતિમુંઝવણભરી સ્થિતિ જણાય છે.

## વડાલી શહેરની આંગણવાડીમાં બાળતુલ્ય કાર્યક્રમ યોજાયો

પ્રતિ વડાલી

વડાલી શહેરની સગરવાસમાં આવેલી આંગણવાડીમાં ગત રવિવારે બાળતુલ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં આંગણવાડીના ભુલકાઓના વજન કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરેક આંગણવાડીમાં દર માસે કરવામાં આવે છે. કયા બાળકોના વજનમાં ફેરફાર થાય છે તે જાણવા માટે તેમજ કયા બાળકોને કયા ખોરાકની જરૂર છે. તે જાણી શકાય છે, બાળકો કુપોષણ તો નથી જો બાળકોનું વજન ઓછું થતું હોય તો તેવા બાળકોને સારવાર કરવા માટે સલાહ આપવામાં આવે છે. સગરવાસની આંગણવાડી દ્વારા બાળકોને પુરતો આહાર આપવામાં આવે છે. તેમજ બાળકોના વાલીઓના સંપર્કમાં રહી બાળકોના માતાપિતાને બાળકોની ઉણપની જાણકારી આપવામાં આવે છે. આંગણવાડી સંચાલક સગર ઈવાબેન, ભાવસાર ગીતાબેન દ્વારા આંગણવાડીની સ્વચ્છતા તથા બાળકોની સાર સંભાળ સારી રીતે કરવામાં આવે છે. આંગણવાડીની નગરપાલિકાના સદસ્યો અવારનવાર મુલાકાત લે છે.

## અખાત્રીજે પાટણ જિલ્લામાં ખેતરોમાં હળપૂજન- હળોત્રા કાર્યક્રમ યોજાશે

પાટણ

પાટણ જિલ્લા ભાજપ કિસાન મોરચાની બેઠક તા. ૧૪/૪/૧૮ ને શનિવારે ભાજપ કાર્યાલય પાટણ ખાતે પ્રમુખ મગનભાઈ હીરાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ કાર્યક્રમમાં મોહનભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, રમેશ સિંધવ, બાબુભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ અને તાલુકા શહેર મંડળના પ્રમુખ મહામંત્રી હાજર રહ્યા હતા.

આગામી અખાત્રીજના દિવસે દરેક તાલુકા અને શહેરના મંડલ દ્વારા ખેડુતોના ખેતરમાં હળપૂજન કાર્યક્રમ કિસાન મોરચા દ્વારા કરવાની સુચના અપાઈ હતી. તેમજ ખેડુતોને પડતી તકલીફો જેવી કે સિંચાઈ માટેનું પાણી, નાણાંની અછત બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

મહામંત્રી જયેન્દ્રસિંહ વાઘેલાએ કિસાન મોરચાના કાર્યકરોને આવી સખત ગરમી વચ્ચે સિધ્ધપુરથી સાંતલપુરના તમામ કિસાન મોરચાના હોદ્દેદારો હાજર રહ્યા તે સૌને બિરદાવ્યા હતા અને ૨૦૧૯ ની લોકસભાની ચુંટણીમાં ખડેપગે પાર્ટીને વિજયી બનાવવા હાકલ કરી હતી.

## મુલસણમાં પ્રેમલગ્નની અદાવતમાં હુમલો કર્યો

મહેસાણા

મહેસાણા તાલુકાના મુલસણમાં પ્રેમલગ્નની અદાવતમાં યુવતિના પરિવારે યુવતિને છુટાછેડા આપવાની તકરાર કરી યુવકના પરિવાર પર હુમલો કર્યો હતો. આ અંગે છ જણા સામે લાંઘણજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

મુલસણના અમરતભાઈ તળજાભાઈ રબારીએ તાવડીયાના મુળજીભાઈ બેચરભાઈ દેસાઈ, હલુભાઈ દેસાઈ, રઘુભાઈ દેસાઈ, સવજી મહાદેવ દેસાઈ, વાલજીભાઈ દેસાઈ તથા કાળુભાઈ એમ. દસાઈ સામે ગત મંગળવારે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર અમરતભાઈ રબારીની દીકરી અને હલુભાઈ દેસાઈના દિકરાએ પ્રેમલગ્ન કરી લીધા છે. આરોપીએ ગુલસણ ખાતે પહોંચી ગાળો બોલી અમારી દિકરીને છુટાછેડા આપી દો તેવું જણાવી લાકડીઓથી હુમલો કર્યો હતો.

## રાધનપુરના ગોતરકા ગામે ગ્રામપંચાયતને ડો.બાબાસાહેબ આંબેડકરનો ફોટો ભેટ અપાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકા ગામે વણકર સમાજ દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મજયંતિ પ્રસંગે ઉજવણીના ભાગરૂપે ગ્રામપંચાયત કચેરીમાં લગાવવા માટે ડો.બાબાસાહેબ આંબેડકરનો ફોટો ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે પ્રાથમિક શાળામાં ઉજવણી બાદ ગ્રામ પંચાયત કચેરી ખાતે ફોટો અર્પણ કરાયો હતો.આ સમગ્ર કાર્યક્રમ પ્રસંગે શાળાના આચાર્ય ડાયાભાઇ ચૌધરી, ઉપાચાર્ય ભરતભાઈ જોશી,ગામના સરપંચ લક્ષમણ ભાઈ વીરાભાઈ આહીર તેમજ વણકર સમાજના અગ્રણીઓ દેવાભાઈ વણકર, મનહરભાઈ વણકર, બાબુભાઈ વણકર, વિનોદભાઈ સોલંકી, ગ્રામપંચાયતના સદસ્યો પદમાબેન વણકર, ઈશ્વરભાઈ રબારી સહીત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ તાલુકા ખરીદ- વેચાણ સંઘની બીજી ટર્મ માટેની ચૂંટણી યોજાઈ

પાટણ

પાટણ તાલુકા ખરીદ-વેચાણ સંઘની અઢી વર્ષની બીજી ટર્મ માટેની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. પાટણના મામલતદાર તેમજ સંઘના સદસ્યોની હાજરીમાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો.

પાટણ જિલ્લાના અગ્રણી સહકારી આગેવાન દશરથભાઈ જે.પટેલ દ્વારા પ્રમુખ તરીકે જયંતીલાલ પટેલની દરખાસ્ત કરી હતી. તો ઉપપ્રમુખ માટે બદસંગજી ઠાકોર અને માનદ મંત્રી તરીકે બાબુભાઈ પટેલના ફોર્મ ભરાયા હતા અને હરીફ વિપક્ષમાંથી કોઈ ફોર્મ નહિં આવતાં ત્રણેયને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

## હારિજ તાલુકા ખરીદ વેચાણ સંઘ લી. માર્કેટયાર્ડ ખાતે પ્રમુખ—ઉપપ્રમુખ અને મંત્રીની ચૂંટણી યોજાઈ

હારિજ

હારિજ તાલુકા ખરીદ વેચાણ સંઘ લી. નવા ટર્મની માર્કેટયાર્ડ ખાતે પ્રમુખ—ઉપપ્રમુખ અને માનદમંત્રીની ચૂંટણી યોજાઇ ત્રણે બિનહરીફ ઉમેદવાર તરીકે પસંદ થયા પ્રમુખ તરીકે ચૌધરી વાઘજીભાઈ વિસાભાઇના નામની દરખાસ્ત પટેલ જેઠાભાઇ ગંગારામભાઈએ કરેલ અને ટેકો અનારજી ઠાકોરે આપેલ ઉપપ્રમુખ તરીકે ઝાલા વચનસંગ વખતસંગની દરખાસ્ત ચૌધરી અશોકભાઈ અને ટેકો હીરાભાઇ ચૌધરીએ આવેલ જયારે માનદમંત્રી તરીકે પટેલ જેઠાભાઇ

ગંગારામના નામની દરખાસ્ત ચૌધરી ઈસાભાઇ અને ટેકો ભગવાનભાઈએ આપ્યો હતો. હારિજ મામલતદારની અધ્યક્ષતામાં આ ચૂંટણી યોજાયેલ.

## પાટણના જુનાગંજ પોલીસ ચોકી પાસે ૪ જુગારી ઝબ્બે

પાટણ

પાટણ શહેરમાં કૃષ્ણ સિનેમાની બાજુમાં આવેલ મીઠાઈની દુકાન પાસે કેટલાક શખસો વરલી-મટકાનો હારજીતનો જુગાર રમાડતા હોવાની બાતમી આધારે ભૂજ રેન્જ પોલીસ દ્વારા છાપો મારીને ચાર શખસોને રૂપિયા ૫૭૭૦ રોકડ સાથે પકડી લેવાયા હતા.

પાટણ શહેરમાં જુના ગંજ બજાર બજારમાં પોલીસ ચોકી આવેલ હોવા છતાં તેની બાજુમાં જ જુગારની પ્રવૃત્તિ ચાલતી રહી છે અને સ્થાનિક પોલીસ આ બાબતે અનદેખી કરી રહી હતી ત્યારે આ બાબતની જાણકારી આર. આર.સેલ બોર્ડર રેન્જ ભૂજ પોલીસને મળતા પોલીસની ટુકડીએ બુધવારે મીઠાઈની દુકાન આગળ જુગાર રમાડતાં પ્રજાપતિ અરવિંદભાઈ ખેમચંદભાઈ, પ્રજાપતિ જગદીશભાઈ ખેમચંદભાઈ, ઠાકોર રવિજી ભગાજી અને પ્રજાપતિ અમૃતભાઈ મણી ભાઈને રંગે હાથે હારજીતનો જુગાર રમાડતાં રૂ.૫૭૭૦ રોકડ સાથે પકડી લીધા હતા. આ મામલે પાટણ શહેર એ ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ આપતાં આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઊંઝામાં ગર્ભ પરિક્ષણના મામલે બે સોનોગ્રાફી મશીન અને કેસોનું રેકર્ડ કબજે

ઊંઝા

ઊંઝા ખાતે એક સ્ત્રી રોગ નિષ્ણાત તબીબની ખાનગી હોસ્પિટલમાં જિલ્લા આરોગ્ય અધિકારીએ અચાનક તપાસ કરી ગર્ભના જાતિ પરીક્ષણ મામલે બે સોનોગ્રાફી મશીન અને કેસોનું રેકર્ડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતાં આવા ડૉક્ટરોમાં ફફડાટની લાગણી ફેલાઈ છે.

ઊંઝા શહેરમાં રેલ્વેના અન્ડરબ્રિજના નાકે શ્રીજી સુપર માર્કેટ પાસે આવેલ સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ.અમૃત પટેલની હરસિધ્ધ ગાયનેક હોસ્પિટલમાં ગર્ભના જાતિ પરીક્ષણ મામલે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.ટી.કે.સોનીએ સ્ટાફ સાથે અચાનક તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન હોસ્પિટલના બે સોનોગ્રાફી મશીનોની ચકાસણીમાં પ્રેગન્સી ડ્રોપ થયાનું જણાતા આ બંને સોનોગ્રાફી મશીનો તેમજ કેસોનું રેકર્ડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. શહેરમાં સ્ત્રી રોગ નિષ્ણાત તબીબની હરસિધ્ધ હોસ્પિટલમાં જિલ્લા આરોગ્ય અધિકારીની તપાસ અને સોનોગ્રાફી મશીનો તથા રેકર્ડ કબજે કર્યાની ચર્ચા વાયુવેગે શહેરમાં ફેલાતા શહેરમાં ખાનગી હોસ્પિટલો ધરાવતા સ્ત્રીરોગ નિષ્ણાતોમાં ગભરાટ ફેલાયો હતો.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝાની હરસિધ્ધ ગાયનેક હોસ્પિટલમાં તબીબ દ્વારા ગર્ભની જાતિ પરીક્ષણ કરીને તગડી કમાણી કરવામાં આવી રહી હતી તેવા આક્ષેપો થઈ રહ્યા છે. વધુમાં આ હોસ્પિટલમાં પ્રસુતિને લગતા ઓપરેશનોમાં તગડો ચાર્જ વસુલવામાં આવતો હોવાનું પણ કહેવાય છે. ઊંઝામાં તાલુકા આરોગ્ય અધિકારીની કચેરી હોવા છતાં ખાનગી સ્ત્રી રોગ તબીબોને ત્યાં તપાસ ન થતાં લોકોમા શંકા કુશંકાઓ જાગી છે.

## કડીની ૪૩ લાખની લૂંટ પ્રકરણ સંદર્ભે શંકાસ્પદ શખ્સોની પુછપરછ કરાઈ

મહેસાણા

કડી-થોળ રોડ પર શક્તિ બ્રોકર્સ બે કર્મીઓ પર તલવારથી હુમલો કરી કારમાં આવેલા અજાણ્યા શખ્સો રૂા. ૪૩ લાખની લૂંટ કરી ફરાર થઈ જતાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે મોડી રાત્રિએ જિલ્લાની વિવિધ પોલીસ ટીમોએ હાઈ- વે સહિતના રસ્તાઓમાં નાકાબંધી કરી હતી. તેમ છતાં કોઈ હાથ ન લાગતા આ વિસ્તારમાં ગુન્હાહિત પ્રવૃત્તિમાં ભૂતકાળમાં સંડોવાયેલા શખ્સોની પોલીસે સઘન પુછપરછ હાથ ધરી છે અને સીસીટીવી ફૂટેજ આધારે સ્વીફ્ટ ગાડીને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. જાણવા મળતી વિગતો અનુસાર કડીના થોળ રોડ પર આવેલ ભાગ્યલક્ષ્મી ચેમ્બર્સમાં આવેલી કાળા કપાસની દલાલી કરતાં શક્તિ બ્રોકર્સના બે કર્મીઓ હિરેન રતિલાલ પ્રજાપતિ અને કમલેશ દીપસંગ ડાભી ગત સોમવારે સાંજે થોળ રોડ પર શક્તિ બ્રોકર્સમાંથી રૂા. ૪૩ લાખ રોકડા લઈ ડાયમંડ પ્લાઝામાં આંગડીયા પેઢીમાં નાણાં મહારાષ્ટ્ર મોકલવાના હોઈ નાણાં જમા કરવા આવ્યા હતા. ત્યારે એક કારમાં આવેલ ચાર અજાણ્યા ઈસમોએ તલવાર લઈ આ ત્રણે જણા ઉપર હુમલો કરી રોકડ રૂા. ૪૩ લાખ ભરેલ થેલાની લુંટ ચલાવી કારમાં ફરાર થઈ ગયા હતા, આ અંગેની જાણ જિલ્લા પોલીસ વડાને થતાં પોલીસ વડા સહિત એલ.સી. બી. એસ.ઓ.જીની ટીમ ઘટના સ્થળે દોડી આવી તમામ હાઈવે રોડ પર નાકાબંધી કરી દેવામાં આવી હતી.

# ધાનેરાના થાવર ગામ પાસે લક્ઝરી બસે બાઇકને અડફેટે લેતાં એકનુ મોત

**બેફામ દોડતી લક્ઝરી બસો દ્વારા અવાર નવાર કરાય છે અકસ્માતો**

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરાના થાવર ગામ પાસે સોમવારે બપોરના સુમારે રાજસ્થાન તરફથી ધાનેરા તરફ આવી રહેલ લક્ઝરી ગાડીએ આગળ જઈ રહેલા બાઈક સવારને ઉડાવી દેતાં એકનુ મોત નિપજ્યુ હતુ. જ્યારે એકની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા. પોલિસે લક્ઝરી બસને ધાનેરા પોલિસ મથકે લાવી હતી.

ધાનેરા તાલુકો બોર્ડરનો તાલુકો હોવાથી રાજસ્થાન તરફથી આવતી લક્ઝરી

અનુસંધાન પાના નં.૬


એન.કે.મોદી

### ધાનેરા ના લોકોએ એક સામાજીક કાર્યકર ગુમાવ્યો

મોહનભાઈ પ્રજાપતિ મધ્યમ વર્ગના પરીવાર ના હતા પરંતુ ધાનેરામાં ગમે ત્યાં ધાર્મિક પ્રસંગ હોય તો ત્યા સેવામાં સદાય અગ્રેસર રહેતા હતા. જેથી ધાનેરાના લોકોએ એક સામાજીક કાર્યકર ની ઘટ પડી છે. ધાનેરામાં સૌ પ્રથમવાર સરકારી હોસ્પીટલમાં આટલા મોટા પ્રમાણ માં એક સામાન્ય માણસના ચાહકોનો કાફલો જોયો હતો.

### બેફામ ચાલે છે લક્ઝરી બસોવાળા

આ અંગે રમેશભાઈ પટેલે જણાવેલ કે ધાનેરા ના રસ્તાઓ ઉપર બેફામ આ લક્ઝરી બસ તેમજ ડમ્પરો વાળા ચાલે છે. તેઓ નાના વાહનોને તો જોતાજ નથી અને બેફામ વાહનો ચલાવે છે. જો આ બાબતે પોલિસ પગલા નહી લે તો હવે તો લોકો રસ્તા ઉપર ઉતરીને આવા લોકોને બોધપાઠ આપશે તેની તમામ જવાબદારી પોલિસની રહેશે. અને વર્ષે ૧૦૦ થી વધારે લોકો નો આ ભોગ લઈ રહ્યા છે.

# થરાદના કમાલીમાં યુવકના રહસ્યમય મોતથી ચકચાર

થરાદ

થરાદ તાલુકાના કમાલી ગામમાં શંકરાભાઈ રામજી ભાઈ જોગચંદ નામનો યુવક ખેતરમાં ક્યારા વાળવા માટે ગયો હતો.જેની પુત્રી સવારના સુમારે ચા આપવા માટે જતાં તેના પિતાનો મૃતદેહ લિમડાના થડની ડાળ સાથે લટકતો જોયો હતો.આથી તેણી જોરથી રડતાં નજીકમાંથી મૃતકના કાકા અને ભાઈ દોડી ગયા હતા.અને મૃતદેહ નિચે ઉતાર્યો હતો.આ બનાવ અંગે જાણ કરતાં પોલીસ દોડી હતી.અને મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પીટલમાં લઈ આવી હતી.જ્યાં મૃતકના ભાઈ જમીનની અદાવતમાં હત્યા કરી હોવાની શંકા પણ વ્યક્ત કરી હતી.જોકે પોલીસે રજીસ્ટરે અક્સ્માત મોતથી નોંધ કરી વધુ



કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવને લઈને પંથકમાં ચકચાર મચવા પામી હતી.જોકે મૃતકના ભાઈ અને સંબંધીઓને તેમના પિતરાઈ ભાઈઓ પૈકી એક ભાઈ સવારે પોતાના પરિવાર સાથે ઘર છોડીને જતો રહેતાં તેના પર શંકા વધુ પ્રબળ બની હતી.વળી આ મૃતદેહ તેમના પિતરાઈઓના રહેઠાણની નજીક આવેલા ખેતરના શેઢે આવેલા લિમડાના ઝાડ સાથે ગળે ફાંસો ખાધેલ હાલતમાં મળી આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# કોતરવાડા ગામે ખેતરમાં પડેલ ૩૧ બોરી તમાકુ અને મોટરની ચોરી

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના કોતરવાડા પંથકમાં તમાકુની ચોરી કરવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. એકબાજુ લગ્નસરાની મૌસમ ચાલી રહી છે. અને બીજી બાજુ ખેડુતો માંડ- માંડ મોંઘાં મોંઘા બિયારણો લાવીને પિયત કરતા હોય છે. એવામાં પડતા ઉપર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે. કોતરવાડા ગામના ભૂપતજી વાયાજી ઠાકોરની જમીન કોતરવાડાથી ફુલપુરા જવાના રોડની સાઈડમાં આવેલ છે અને તેની નજીકમાં નર્મદા કેનાલ પણ આવેલ છે. જે જમીન પિયત માટે બે વર્ષની શરતે જીવણજી હેમચંદજી ઠાકોરે રાખેલ છે. જેમાં તેઓ ખેતીનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે આ વર્ષે પણ તેમણે


નટુજી ઠાકોર

મોંઘાભાવનું તમાકુનુ બિયારણ લાવીને પિયત કરેલ. દરમિયાન તારીખ ૧૫/૪/૨૦૧૮ ના દિવસે આખો દિવસ તમાકુના કોથળા ભરીને સાડા સાત વાગ્યાના સમયે પોતાના ઘરે જમવા માટે ગયેલ ત્યાર પછી જમીને સાડા નવેક વાગ્યા પરત આવતા તેમના તમાકુના ખળામાં તપાસ કરતા એકત્રીસ બોરીની ચોરી થઈ હોવાનુ જાણવા મળેલ હતું. ત્યાર પછી આગળ તપાસ કરતાં બોર માટે નવી મોટર લાવી હતી તે પણ ચોરાઈ ગઈ હોવાનું માલુમ પડ્યુ હતું. તેઓએ આજુબાજુમાં તપાસ કરતાં અને બીજા ખેડુતોને પુછતા ક્યાંય વાવડ ના મળતાં દિયોદર પોલીસ સ્ટેશનમાં દોડી ગયા હતા અને પી.એસ.આઈને લેખિતમાં રજુઆત કરી હતી.

# ૨૦૧૬-૧૭ ના વર્ષથી પેન્ડીંગ શૌચાલયના બીલો સુઈગામના ઈન્ચાર્જ ટી.ડી.ઓએ મંજુર કરતા ચર્ચા

**તા.પંચાયતમાં ઈન્ચાર્જ ટી.ડી.ઓ આવતા કોન્ટ્રાક્ટરોને ઘી- કેળા**

તા.પ્રતિનિધિ વાવ

વાવ તાલુકામાંથી સુઈગામ તાલુકાનું વિભાજન થયા બાદ સુઈગામ તાલુકામાં મોટા ભાગની કચેરીઓ કાર્યરત થઈ ગઈ છે. પરંતુ કાયમ અધિકારીઓ મુકાતા નથી. મોટાભાગે સુઈગામ તા.પં. કચેરી ઈન્ચાર્જ ટી.ડી.ઓ.ના સહારે ચાલે છે. થોડા સમય માટે સુઈગામ તાલુકા પંચાયતમાં કાયમી ટી.ડી.ઓ તરીકે ઉપલાણા મુકાતા તાલુકા પંચાયતમાં વહીવટ અને વિકાસ વેગવંતો બન્યો હતો. શૌચાલયના કામોમાં ચાલતી ગેરરીતિઓ બ્રેક લાગી ગઈ હતી. ટી.ડી.ઓ. ઉપલાણાએ શૌચાલયના કામોમાં ભારે ચકાસણી કર્યા બાદ કોન્ટ્રાક્ટરોના બિલો પાસ કરતા હતા. તે સમય દરમિયાનના ૨૦૧૬-૧૭ ના વર્ષના શૌચાલયના વિવાદાસ્પદ લાખો રૂપિયાના પેન્ડીંગ બીલો પડ્યા હતા. જેમાં ભારે ગેરરીતિઓ આચરાતા આ બીલો ઉપર ટી.ડી.ઓ તરીકે ફરજ બજાવતા ટી.ડી.ઓને સુઈગામ તા.પંચાયતના ટી.ડી.ઓ તરીકેનો ચાર્જ સુપ્રત કરાતાની સાથે જ ૨૦૧૬-૧૭ ના વર્ષના શૌચાલયના જૂના પેન્ડીંગ બિલો નીકળી જતાં કોન્ટ્રાક્ટરોને ઘી કેળાં અને ટી.ડી.ઓને દિવાળી થઈ ગઈ છે. આ બાબતે ડી.ડી.ઓ બ.કાં. તપાસ કરે તો ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.

# બનાસકાંઠામાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહન ચાલકો સામે તંત્રની તવાઈ

**ગીચ મુસાફરો ભરીને દોડતા વાહન, ડાર્ક ફિલ્મ, દારૂ પીને વાહન હંકારતા ચાલકો દંડાયા**




સંજય જોષી

પાલનપુર

સરહદી બનાસકાંઠા જીલ્લામાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી વાહન હંકારતા ચાલકો સામે પોલીસએ તવાઈ હાથ ધરી છે. પોલીસે વિવિધ વિસ્તારોમાં ઓચિંતી તપાસ કરી નિયત સંખ્યા કરતા વધુ મુસાફરોની હેરાફેરી કરતાં વાહન ચાલકો, વાહનના કાચ ઉપર ડાર્ક ફિલ્મ તેમજ દારૂ પીને વાહન હંકારતા ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. સરહદી બનાસકાંઠા જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ખાનગી વાહન ચાલકો દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતું હોવાની ફરિયાદો વધી છે. ત્યારે આવા વાહન ચાલકો સામે બનાસકાંઠા જીલ્લા પોલીસવડા નિરજ બડગુજર દ્વારા લાલ આંખ કરવાની સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લા ટ્રાફિક પીએસઆઈ આર. કે. પરમારે સ્ટાફ સાથે એક જ દિવસમાં સંખ્યાબંધ વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

### ૧૯,૩૦૦ રૂ.નો દંડ વસુલાયો

* ૩ કેસ દારૂ પીને વાહન હંકારતા વાહન ચાલકો
* ૬૯ કેસ ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરતા વાહન ચાલકો
* ૮૧ વાહનો ઉપરથી ડાર્ક ફિલ્મ દૂર કરાઈ
* રૂપિયા ૧૯,૩૦૦ સ્થળ દંડ
* ૧૦૪૬ વાહનો ચેક કરાયા
* ૧૮ નંબર પ્લેટ વિનાના વાહન ચાલકો સામે કાર્યવાહી
* ૧૨૮ એમ. વી. એક્ટ એન. સી કેસ

# ડીસા સહિત જિલ્લામાં વાદળ છાયું વાતાવરણ ગરમીમાં ઘટાડો : જો કે બફારો વધ્યો


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

રાજ્યમાં છેલ્લા કેટલાય દિવસોથી હવામાનમાં થઈ રહેલા ફેરફારના પગલે અનેક સ્થળો પર ગત અઠવાડીયે કમોસમી વરસાદ થવા પામ્યો હતો. ત્યારબાદ આકરા ઉનાળાની સાથે અંગ દઝાડતી ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો. ત્યારે ફરી એકવાર હવમાનમાં પલટો જોવા મળતા વાદળછાયા વાતાવરણ સર્જાયુ છે. ગરમીનો પારો ૪૧ ડીગ્રી એ પહોંચતા ગરમી પડવા લાગી હતી. પણ હવામાનમાં પલટો જોવા મળતા રવિવારના દિવસે ગરમીના પારામાં ઘટાડો નોંધાતા ૩૮.૯ ડીગ્રી થવા પામ્યો હતો જોકે વાદળ છાયા વાતાવરણથી બફારાનું પ્રમાણ રહ્યુ હતું. જેથી લોકો પરસેવે રેબઝેબ થવા લાગ્યા હતા.

ડીસા સહિત જિલ્લામાં વાતાવરણમાં પલટો આવતાં ગરમીમાં ઘટાડો નોંધાયો છે બપોર બાદ આકાશમાં વાદળો જોવા મળતા વાતાવરણ ધુંધળુ બની જવા પામ્યુ હતું આંધી જેવુ વાતાવરણ બનતા પ્રજાજનોને પણ બફારા સાથે વાદળ છાયા વાતાવરણનો અનુભવ થયો છે

અનુસંધાન પાના નં.૬

# બાળકીઓ ઉપર જાતિય અત્યાચારના વિરોધમાં ધાનેરા મામલતદારને આવેદનપત્ર


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

દેશમાં બાળકીઓ ઉપર વધતા જતા જાતિય અત્યાચારો અને દુષ્કર્મીય ઘટનાઓના વિરોધમાં ગઈકાલે ધાનેરા ખાતે સદ્‌ભાવના યુવક મિત્ર સંગઠન દ્વારા મામલતદારને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં આક્રોશ સાથે જણાવ્યું હતું કે આવા જઘન્ય કૃત્ય કરનાર નરાધમોને ફાંસીના માંચડે ચડાવી કઠોર સજા થવી જોઈએ અને આવનારી પેઢીમાં આપણી દિકરી માતા સુરક્ષિત રહે તે માટે દેશમાં કડક કાયદો વ્યવસ્થા બનાવવા માંગ કરી હતી.

# લગ્નની સિઝનમાં નાંણા ન મળતા બેંકો સામે લોકોનો રોષ

**ભાભરની બેંકોમાં નાંણાની અછત વચ્ચે એટીએમ પણ બંધ રહેતા લોકો મુશ્કેલીમાં મુકાયા**

તા.પ્રતિ ભાભર

નાંણાની અછત

નોટબંધીના દોઢ વર્ષ બાદ દિવસેને દિવસે વધી રહી છે. જેના કારણે આમ જનતા ભારે પરેશાન થઈ રહી છે. ત્યારે લગ્નની સિઝનમાં નાંણા ન મળતા વેપારીઓ અને ખેડુતોનો હાલત કફોડી બની જવા પામી છે. જેમાં લગ્નનો માંડવો રોપાયો હોય તેવા પરિવારો નાંણા ન



વનરાજસિંહ રાઠોડ

મળતા કફોડી હાલત જોવા મળી રહી છે. બીજી તરફ માર્કેટયાર્ડના વેપારીઓ બેંકમાં નાંણાના અભાવે ખેડુતનો વેચેલ માલના નાંણા કેવી રીતે ચુકવવાના પ્રશ્ને ભારે પરેશાન છે.

ભાભરની તમામ બેંકોમાં નાંણાની અછત વચ્ચે એટ-ીએમ પણ બંધ રહેતા લોકોની મુંઝવણ વધી ગઈ છે. ભાભરની બરોડા બેંક, દેના બેંક, આઈ.સી.સી બેંકના એટીએમ બંધ છે. જયારે એસ.બી.આઈ.નું એટીએમ છેલ્લા એક મહિનાથી બંધ હાલતમાં છે. જેના કારણે ખેડૂતો અને વેપારીઓની હાલત ઘણી કફોડી બની જવા પામી છે. તંત્ર દ્વારા નાંણાની છૂટ કરવા લોક માંગ છે.


### જાહેર હરાજી

ચારડા પ્રા.શાળા તા.થરાદ જિ.બનાસકાંઠાના પતરાંવાળા રૂમ ૫ (પાંચ) ની જાહેર હરાજી કરવાની છે આ હરાજી તા.૧૮-૦૪-૨૦૧૮ ના રોજ સમય ૧૧:૦૦ કલાકે રાખેલ છે તો હરાજીમાં ભાગ લેવા માંગતા વ્યક્તિઓએ ડીપોજીટ ભરીને હરાજીમાં ભાગ લેવાનો રહેશે. શરતોને આધીન હરાજી કરવામાં આવશે.

સ્થળ : ચારડા પ્રા.શાળા
તારીખ : ૧૮-૦૪-૨૦૧૮

એસ.એમ.સી અધ્યક્ષ
ચારડા પ્રા.શાળા તા.થરાદ જિ.બ.કાં.



### બેસણું



અમારા નાનાભાઈ ઠક્કર સ્વ.ગણપતલાલ મણીલાલ (નિવૃત સર્કલ ઈન્સપેક્ટર)ના પુત્ર ઠક્કર જીતેન્દ્રકુમાર ગણપતલાલ તા. ૧૫/૪/૨૦૧૮ ને રવિવારે રાત્રે દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂ, સદ્‌ગતનું બેસણું તા. ૧૮/૪/૨૦૧૮ ને બુધવારના રોજ સાંજના ૩-૦૦ થી ૬-૦૦ કલાકે રાખેલ છે

સ્થળ : ઠક્કર સમાજની વાડી-ભીલડી, તા.ડીસા, જિ.બ.કાં. મો.૯૪૨૬૪ ૮૭૧૦૩

લિ.
કાંન્તીલાલ મણીલાલ ઠક્કર (મોટાબાપા)
વિનોદકુમાર ગણપતલાલ ઠક્કર (મોટા ભાઈ)
તિર્થકુમાર જીતેન્દ્રકુમાર ઠક્કર (પુત્ર)
(સાયલા પરિવાર - મેસરવાળા)



